## અમદાવાદમાં ઍર ઈન્ડિયાનું

# વિમાન ક્રેશ




૨૦૩ વર્ષ

દૈનિક **મુંબઈ સમાચાર** સૌરાષ્ટ્ર આવૃત્તિ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 139 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ જયેષ્ઠ વદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 June 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

શુક્રવાર, ૧૩ જૂન ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ ■ મેટિની પૂર્તિ


# વિજય રૂપાણી સહિત ૩૦૦થી વધુનાં મોત

## વિમાનમાં ૨૪૨ ઉતારુઓ હતાઃ એક ઉતારુનો આબાદ બચાવ

### રહેણાંક વિસ્તાર પર વિમાન તૂટી પડતાં વધુ જાનહાનિ, સમગ્ર ભારત શોકમગ્ન

### રન વે પરથી ઉડ્યા પછી માત્ર બે મિનિટમાં વિમાન કાટમાળમાં ફેરવાયું




## દુર્ઘટનામાં પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીનું નિધન

અમદાવાદઃ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં થયેલા પ્લેન ક્રેશમાં ૨૪૨ મુસાફરોના મૃત્યુ થયા હતા. આ દુર્ઘટનામાં રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી (ઉ.વ.૬૯) પણ સામેલ હતા. વિજય રૂપાણીનું પ્લેન ક્રેશમાં મોત થયાના સમાચાર મળતાં જ તેમના ઘર પાસે સમર્થકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

વિજય રૂપાણીનો જન્મ બર્મા (મ્યાનમાર)ની રાજધાની રંગૂન ખાતે થયો હતો. ૨ ઓગસ્ટ ૧૯૫૬માં વિજય રૂપાણીનો જન્મ થયો હતો. ૧૯૬૦માં વિજય રૂપાણી પરિવાર સાથે રાજકોટ પરત ફર્યા હતા. વિજય રૂપાણીએ ભણતર અને કારકિર્દીની શરૂઆત રાજકોટથી કરી

(જુઓ પાનું ૨) ▸▸





## મેડિકલના ૨૦ વિદ્યાર્થીઓ અને નજીકની સોસાયટીના અનેક લોકોનાં મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં એર ઈન્ડિયાનું પેસેન્જર વિમાન બપોરના સમયે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જેમાં ૨૪૦ થી વધુ લોકોના મોત થયાં હતાં. જેમાં ૨ પાઈલટ અને ૧૦ ક્રૂ મેમ્બર્સ પણ હતા. પ્લેનમાં ૧૨૮ પુરુષ મુસાફરો અને ૧૧૪ મહિલા મુસાફરો હતો. પ્લેનમાં સવાર મુસાફરોમાં ૧૬૯ ભારતીયો અને ૫૩ બ્રિટિશ નાગરિકો સવાર હતા. આ ઉપરાંત ૧ કેનેડિયન નાગરિક અને ૭ પોર્ટુગિઝ નાગરિકો હતા. આ પ્લેનમાં રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી પણ હતા. આ ઉપરાંત નંદ કાર્ગો મોટર્સના માલિક નેહા નંદા, લુબી પંપ્સના સુભાષચંદ્ર અમીન, રાજપથ ક્લબના ડાયરેક્ટર દિલીપ પટેલ જેવા જાણીતા લોકો પણ હતા.

આ સાથે બિનસત્તાવાર રીતે મોતનો આંકડો ૩૧૫થી વધારે હોવાનું પણ જાણવા મળ્યું હતું. ૨૪૧ યાત્રીઓ ઉપરાંત અન્ય ૭૫ મતૃદેહ મળ્યાની માહિતી પણ મળી હતી. આ પ્લેન અમદાવાદની બી જે મેડિકલ કોલેજની હોસ્ટેલ પર પડ્યું હતું અને હોસ્ટેલમાં રહેતા રેસિડેન્ટ ડોક્ટરો અને તેમના પરિવારને પણ મોટી જાનહાનિ થઈ હોવાનું જાણવા મળ્યું હતું. આ સિવાય અતુલ્યમ ફ્લેટ, સિવિલ

(જુઓ પાનું ૨) ▸▸





## વિમાનની આગ એટલી ભયંકર હતી કે કોઈનું બચવું મુશ્કેલઃ અમિત શાહ

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુરુવારે જણાવ્યું હતું કે અમદાવાદમાં તૂટી પડેલા ઍર ઈન્ડિયાના વિમાનમાં બળતણ બળવાને લીધે તાપમાન એટલું બધુ ઊંચું હતું કે કમનસીબે કોઈને પણ નહોતા બચાવી શકાયા.

પીટીઆઈના અહેવાલ મુજબ અમિત શાહે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે ‘પ્લેનમાં ૧.૨૫ લાખ લિટર બળતણ હતું અને એ એટલું બધું તપી ગયું હતું કે કોઈને પણ બચાવવાનું શક્ય જ નહોતું બન્યું.’ અમદાવાદની વિમાન દુર્ઘટનાની

(જુઓ પાનું ૨) ▸▸

## મરનાર દરેકના સગાંને ટાટા ગ્રૂપ ₹ એક કરોડ આપશે

નવી દિલ્હીઃ અમદાવાદમાં ઍર ઈન્ડિયાના વિમાનની દુર્ઘટનામાં મરનારી દરેક વ્યક્તિના સગાંને ટાટા ગ્રૂપ રૂપિયા એક કરોડ આપશે.

ટાટા ગ્રૂપ અને ઍર ઈન્ડિયાના અધ્યક્ષ એન. ચંદ્રશેખરને જણાવ્યું હતું કે આ દુર્ઘટનાને લીધે થયેલું દુઃખ વ્યક્ત કરવા અમારી પાસે પૂરતા શબ્દો નથી. અમે આ અકસ્માતમાં મરનારા લોકોના પરિવારના સભ્યો અને ઘાયલો પ્રત્યે સહાનુભૂતિ ધરાવીએ છીએ.

તેમણે ટાટા ગ્રૂપ વતી ‘એક્સ’ પર મૂકેલા સંદેશામાં જણાવ્યું હતું કે અમે દુર્ઘટનામાં મરનારા દરેકના પરિવારજનોને રૂપિયા એક કરોડ આપવા ઉપરાંત ઘાયલોની તબીબી સારવારનો બધો ખર્ચ ઉપાડીશું.

ઍર ઈન્ડિયાના અધ્યક્ષ એન. (જુઓ પાનું ૨) ▸▸

## મોદી સહિતના નેતાઓએ દુઃખ વ્યક્ત કર્યું

નવી દિલ્હીઃ અમદાવાદની વિમાન દુર્ઘટના અંગે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રિટિશ વડા પ્રધાન કેઈર સ્ટાર્મર સહિતના નેતાઓએ દુઃખ વ્યક્ત કર્યું હતું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ જણાવ્યું હતું કે દુર્ઘટનામાં મરનારા લોકોના પરિવારના સભ્યોના દુઃખમાં આખો દેશ સહભાગી છે.

મોદીએ જણાવ્યું હતું કે મને આ વિમાન દુર્ઘટનાથી ઘણું જ દુઃખ થયું છે અને તે વ્યક્ત કરવા માટે મારી પાસે શબ્દો નથી. હું બચાવ અને રાહત કામગીરી કરી રહેલા ગુજરાતના

(જુઓ પાનું ૨) ▸▸

## બ્લેક બોક્સ મળી આવ્યું

વિમાનનું અત્યંત મહત્ત્વપૂર્ણ બ્લેક બોક્સ ઍરપોર્ટ ઓથોરિટી દ્વારા સુરક્ષિત રીતે લઈ લેવામાં આવ્યું હતું. આ બ્લેક બોક્સ વિમાન ક્રેશનાં કારણો અને તે સમયની પરિસ્થિતિ અંગેની મહત્ત્વની જાણકારી પૂરી પાડશે.

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ

feedback@bombaysamachar.com

# વિજય રૂપાણી સામાન્ય માણસોના નેતા તરીકે યાદ રહેશે

**અમદાવાદ** એરપોર્ટ પરથી ઊડેલું એર ઈન્ડિયાનું બોઈંગ વિમાન ઊડ્યાની બે-ત્રણ મિનિટમાં જ દુર્ઘટનાગ્રસ્ત થઈને તૂટી પડ્યું એ કરૂણ ઘટનાએ આખા દેશને હચમચાવી દીધો છે. બોઈંગનું ડ્રીમલાઈનર પ્લેન એરપોર્ટથી થોડે દૂર મેઘાણીનગરમાં આવેલી બી.જે. મેડિકલ કોલેજની હોસ્ટેલ પર પડ્યું. તેના કારણે પ્લેનમાં સવાર ૨૪૧ પેસેન્જર્સ તો ગુજરી ગયા જ પણ હોસ્ટેલના ૫૦ જેટલા વિદ્યાર્થી પણ ગુજરી ગયા છે.

આ પ્લેનમાં કુલ ૨૪૨ પેસેન્જર હતા. તેમાંથી માત્ર એક પેસેન્જર રમેશ વિશ્વાસકુમાર બચી ગયા છે એ પણ હોસ્પિટલમાં મોત સામે ઝઝૂમી રહ્યા છે. બાકીના તમામ પ્રવાસીઓનાં મોત થયાં છે ને ગુજરાતીઓ માટે સૌથી મોટા આંચકાના સમાચાર એ છે કે, પ્લેન દુર્ઘટનામાં ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીનું પણ નિધન થયું છે. લંડન રૂપાણી સામાજિક ફરજ બજાવવા પોતાની દીકરીને ત્યાં જઈ રહ્યા હતા. રૂપાણીનાં પત્ની અંજલીબેન છલ્લા છ મહિનાથી લંડનમાં પોતાની દીકરીના ઘરે હતાં. તેમને પાછાં લેવા નીકળેલા રૂપાણી પરિવારને તો ના જ મળી શક્યા પણ અનંત યાત્રાએ નીકળી ગયા.

ગુરૂવારે બપોરે વિમાન અકસ્માતગ્રસ્ત થયું હોવાના સમચાર આવ્યા ત્યારે જ રૂપાણી પણ પ્લેનમાં હોવાના સમાચાર આવેલા પણ પછી મીડિયાના એક વર્ગે આ સમાચારને ખોટા ગણાવેલા. સોશિયલ મીડિયા પર પણ રૂપાણી સલામત હોવાની પોસ્ટ્સ ફરતી થતાં સૌને હાશકારો થયેલો પણ મોડી બપોરે રૂપાણીનું પણ આ અકસ્માતમાં મોત થયું હોવાનું કન્ફર્મ થતાં સૌને એક આંચકો લાગી ગયો કેમ કે રૂપાણી અત્યંત સ્વસ્થ અને તંદુરસ્ત હતા. ૬૮ વર્ષના હોવા છતાં રૂપાણી રાજકીય અને સામાજિક રીતે પણ સક્રિય હતા. ભાજપના પંજાબના પ્રભારી તરીકે એ સતત કાર્યક્રમોમાં હાજરી આપતા ને ગુજરાતના કાર્યક્રમોમાં પણ હાજરી આપતા.

વિજય રૂપાણીની રાજકીય કારકિર્દી બહુ લાંબી હતી. રૂપાણી વિદ્યાર્થી કાલથી જ રાજકારણમાં આવી ગયા હતા. રાજકોટના મેયરથી શરૂ કરીને મુખ્ય પ્રધાનપદ સુધીની સફર તય કરનારા રૂપાણીએ તેમની પાંચ દાયકા કરતાં વધારે લાંબી રાજકીય કારકિર્દીમાં ઘણી બધી ભૂમિકાઓ ભજવી. રાજ્યસભાના સભ્ય, વિધાનસભ્ય, વિધાનસભાના સ્પીકર, ગુજરાત સરકારમા કેબિનેટ મંત્રી જેવા હોદ્દા ભોગવનારા રૂપાણીએ ગુજરાત ભાજપમાં પણ મહામંત્રી અને પ્રદેશ પ્રમુખ જેવા હોદ્દા ભોગવ્યા. સૌરાષ્ટ્રમાં ભાજપના સંગઠનને મજબૂત બનાવનારા કેશુભાઈ પટેલ પછીની પેઢીના નેતાઓમાં વિજય રૂપાણીનું નામ આદરથી લેવું પડે એવું જોરદાર તેમનું યોગદાન હતું.

વિજય રૂપાણી નિર્વિવાદ નેતા હતા એવું ના કહી શકાય કેમ કે તેમના મુખ્ય પ્રધાનકાળ દરમિયાન ભ્રષ્ટાચારના આક્ષેપો થયા હતા. રૂપાણીને ૨૦૨૧માં મુખ્યમંત્રીપદેથી દૂર કરાયા પછી બહાર આવેલાં મસમોટાં ભ્રષ્ટાચારનાં કૌભાંડોમાં રૂપાણી સામે કેસ ના થયો કેમ કે ગુજરાતમાં ભાજપની સરકાર છે પણ મુખ્ય પ્રધાન બન્યા પહેલાં તેમની જે સ્વચ્છ પ્રતિભા હતી તે ચોક્કસ ખરડાઈ હતી. અલબત્ત આ આક્ષેપો પછી પણ રૂપાણી અસરકારક મુખ્ય પ્રધાન સાબિત થયા હતા અને ઘણા સારા નિર્ણયો લીધા હતા તેમાં બેમત નથી.

ભાજપ માટે રૂપાણીનો મુખ્ય પ્રધાન તરીકેનો કાર્યકાળ બહુ કપરો હતો. આનંદીબેન પટેલની જીદ અને ભાજપના આંતરિક રાજકારણને લીધે ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન થયું તેના કારણે ભાજપના જનાધારને મોટો ફટકો પડ્યો હતો. ભાજપ સરકારે આર્થિક રીતે નબળા વર્ગના સવર્ણો માટે ઈડબલ્યુએસ અનામતની જાહેરાત કરીને પાટીદારોનો ગુસ્સો શાંત પાડવા કોશિશ કરી છતાં આનંદીબેન પટેલના વલણના કારણે પાટીદારમાં આક્રોશ હતો.

સ્થાનિક સ્વરાજની ૨૦૧૬ની ચૂંટણીઓમાં ભાજપનું ભારે ધોવાણ થયું પછી આનંદીબેન પટેલને મુખ્ય પ્રધાનપદેથી હટાવ્યા છતાં આ આક્રોશ શાંત નહોતો પડ્યો અને ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં માહોલ ભાજપવિરોધી હતો. હાર્દિક પટેલ સહિતના અનામત આંદોલનના નેતાઓ ખુલ્લેઆમ કૉંગ્રેસની તરફેણમાં બહાર આવેલા તેના કારણે સૌરાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં તો ભાજપના નેતાઓ માટે જવું પણ મુશ્કેલ થઈ ગયું હતું. આ કપરા માહોલમાં વિજય રૂપાણી ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને જીતાડી લાવ્યા હતા.

ગુજરાતમાં ભાજપના એકચક્રી શાસનના દિવસો શરૂ થયા પછી પહેલી વાર ગુજરાત વિધાનસભામાં ભાજપની બેઠકોનો આંકડો ૧૦૦ની નીચે આવ્યો પણ ભાજપની સત્તા જળવાઈ હતી. રૂપાણીએ ભાજપને હારના અપજશમાંથી બચાવી લીધો હતો. ૨૦૧૭માં મુખ્ય પ્રધાન બન્યા પછી તેમણે ગુજરાતમાં ઉપરાછાપરી ટાઉન પ્લાનિંગ સ્કીમ્સને મંજૂરી આપીને વિકાસને વેગ આપ્યો હતો. રૂપાણી ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે જામી ગયા હતા અને સ્ટેડી બેટિંગ કરી રહ્યા હતા ત્યારે અચાનક જ ૨૦૨૧માં તેમને વિદાય કરાયા ત્યારે સૌને આંચકો લાગેલો પણ રૂપાણીએ ગૌરવપૂર્ણ રીતે ખસી જઈને કોઈ વિવાદ ઊભો નહોતો કર્યો. રૂપાણીને એ પછી ભાજપે સંગઠનમાં પ્રભારી સહિતની જવાબદારીઓ સોંપી એ તેમણે વિવાદ વિના નિભાવી હતી.

રૂપાણીની વિદાય સાથે કદી ના પૂરાય એવી ખોટ પડી છે એમ કહેવું અતિશયોક્તિપૂર્ણ છે પણ ભાજપે એક મજબૂત નેતા ચોક્કસ ગુમાવ્યો છે. ભાજપના પાયાના કાર્યકર તરીકે શરૂઆત કરીને જીવ્યા ત્યાં સુધી પાયાના કાર્યકરો સાથે સંબંધો અને જીવંત સંપર્કો રાખનારા રૂપાણીને ગૌરવશાળી નેતા તરીકે હંમેશાં યાદ રખાશે.

રૂપાણીની સાથે જીવ ગુમાવનારા બીજાં લોકોના પરિવારોને પણ મોટી ખોટ પડી છે. પ્લેન લંડન જઈ રહ્યું હતું તેથી તેમાં વિદેશી પ્રવાસીઓ પણ હતા પણ મોટા ભાગના ભારતીયો અને તેમાં પણ ગુજરાતી હતા. યુકેમાં મોટી સંખ્યામાં ગુજરાતીઓ રહે છે. કોઈના દીકરા, કોઈની દીકરી, કોઈના ભાઈ, કોઈની બહેન ને બીજા પરિવારજનો યુકેમાં રહે છે. મોટા ભાગના પ્રવાસીઓ તેમને મળવા માટે જઈ રહ્યા હતા. કેટલાક એવા હતા કે જે વતનમાં કોઈ સારા-માઠા પ્રસંગે પાછા આવેલા ને ફરી યુકે જઈ રહ્યા હતા. આ બધા માટે આ સફર અંતિમ સફર બની ગઈ.

પ્લેન કેમ દુર્ઘટનાગ્રસ્ત થયું એ વિશે જાત જાતની વાતો થઈ રહી છે. ભૂતકાળમાં બોઈંગ પ્લેનમાં સર્જાયેલી ખામીઓનો ચોપડો પણ ખોલી દેવાયો છે. પાઈલોટે વિમાનમાં ખામી હોવાની જાણ કરી હતી પણ તેને ગણકારાઈ નહીં એવું પણ કહેવાઈ રહ્યું છે. આ વાતમાં કેટલો દમ છે એ ખબર નથી. બ્લેક બોક્સની તપાસ પછી સાચું કારણ બહાર આવશે પણ ખરેખર આ વાત સાચી હોય તો આ ભૂલ અક્ષમ્ય કહેવાય. પાઈલોટની ચેતવણીને ગણકારવામાં આવી હોત તો કદાચ મોટી દુર્ઘટના ટાળી શકાઈ હોત.

આપણે ત્યાં આ પ્રકારની દુર્ઘટનાઓની સરકારી રાહે તપાસ થતી હોય છે ને તેમાં દોષિતોને સજા થવાના ચાન્સ બહુ ઓછા હોય છે. આશા રાખીએ કે, આ દુર્ઘટનામાં એવું ના થાય અને દોષિતોને સજા મળે. લગભગ ૩૦૦ લોકોનાં મોત એ નાની ઘટના નથી અને જેમની બેદરકારીએ આ લોકોનો જીવ લીધો તેમને સજા મળવી જ જોઈએ.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, શુક્રવાર, તા. ૧૩-૬-૨૦૨૫, ભદ્રા પ્રારંભ

- ભારતીય દિનાંક ૨૩, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ વદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ વદ-૨
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૭મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાષાઢા બપોરે ક. ૨૩-૨૦ સુધી, પછી ઉત્તરાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૩-૩૨, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૦૪ (તા. ૧૪)
- ઓટઃ સવારે ક. ૦૬-૩૨, રાત્રે ક. ૧૯-૩૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭. 'વિશ્વાવસુ'નામ સંવત્સર, જયેષ્ઠ કૃષ્ણ-દ્વિતીયા. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૩૭. સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષમાં, વાહન શિયાળ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ઉપનયન પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, માલ વેંચવો, મિલકત લેવડદેવડ, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચ.
- આચમનઃ સૂર્ય-રાહુ ચતુષ્કોણ વડીલો સાથે મતભેદો રહે.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-રાહુ ચતુષ્કોણ, શુક્ર ભરણી નક્ષત્ર, ગુરુ આર્દ્રા નક્ષત્ર પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-સિંહ, બુધ-મિથુન, ગુરુ-મિથુન, શુક્ર-મેષ શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

## બચાવ કામગીરી માટે એનડીઆરએફની છ અને બીએસએફની બે ટીમ મોકલવામાં આવી

અમદાવાદ : અમદાવાદમાં વિમાન તૂટવાના સ્થળે બચાવ અને રાહત કામગીરી કરવા નેશનલ ડિઝાસ્ટર રીસપોન્સ ફોર્સની છ ટીમ અને બીએસએફની બે ટીમને મોકલવામાં આવી છે. એનડીઆરએફની બે ટીમ આ અગાઉ અમદાવાદમાં વિમાન તૂટવાના સ્થળે પહોંચી ગઈ છે અને બીજી ચાર પણ પહોંચી જશે, એવી માહિતી કેન્દ્રિય દળના અધિકારીએ આપી હતી.

બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)એ માહિતી આપી હતી કે બે ટીમને ફ્રન્ટના વડા મથકેથી અમદાવાદ મોકલવામાં આવી હતી. પોલીસ અને અગ્નિશામકના અધિકારીઓ સાથે હવાઈમથકે સુરક્ષા આપતા સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સના જવાનોએ ઘટનાસ્થળે પહોંચીને સૌથી પહેલાં બચાવ કામગીરી શરૂ કરી હતી. લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું વિમાન (એઆઈ૧૭૧) અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ હવાઈમથકેથી બપોરના ૧-૩૮ કલાકે ઊડયાના થોડા સમય બાદ તૂટી પડ્યું હતું. દુર્ઘટ.૩નામાં મોટી જાનહાનિ થઈ હોવાનો ભય સેવાય છે. (એજન્સી)

## એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાની તપાસ એએઆઇબી કરશે

નવી દિલ્હી : એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (એએઆઇબી) ગુરુવારે અમદાવાદ એરપોર્ટ પર એર ઇન્ડિયાના વિમાન દુર્ઘટનાની તપાસ કરશે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. દુર્ઘટનાગ્રસ્ત એર ઇન્ડિયાના ડ્રીમલાઇનર બોઇંગ ૭૮૭ વિમાનમાં ૨૪૨ લોકો સવાર હતા, જેમાં ૧૨ ક્રૂ સભ્યોનો સમાવેશ થાય છે. અધિકારીએ જણાવ્યું હતું કે, એએઆઇબીના ડિરેક્ટર જનરલ અને એજન્સીના ડિરેક્ટર ઓફ ઇન્વેસ્ટિગેશન અને અન્ય લોકો અમદાવાદ જવા રવાના થશે. નાગરિક ઉડ્ડયન મંત્રાલય હેઠળ, એએઆઇબી ભારતીય હવાઈ ક્ષેત્રમાં કાર્યરત વિમાનોને અકસ્માતો અને ગંભીર ઘટનાઓમાં સલામતીની ઘટનાઓનું વર્ગીકરણ કરવા માટે જવાબદાર છે. તે અકસ્માતોની વિગતવાર તપાસ કરે છે અને સલામતી સુધારવા માટે પગલાં પણ સૂચવે છે. 'અમે પ્રારંભિક અહેવાલોથી વાકેફ છીએ અને વધુ માહિતી એકત્રિત કરવા માટે કામ કરી રહ્યા છીએ,' એમ બોઇંગે એક નિવેદનમાં જણાવ્યું હતું.

## અમદાવાદ વિમાન દુર્ઘટના મામલે અમે વધુ માહિતી એકત્રિત કરવા માટે કામ કરી રહ્યા છીએઃ બોઇંગ

વૉશિંગ્ટનઃ બોઇંગે કહ્યું કે તેઓ અમદાવાદમાં વિમાન દુર્ઘટનાના પ્રારંભિક અહેવાલોથી વાકેફ છે અને કંપનીના શૅર બજાર ટ્રેડિંગમાં ગગડ્યા હોવા છતાં વધુ માહિતી એકત્રિત કરવા માટે કામ કરી રહ્યા છે.બોઇંગે એક સંક્ષિપ્ત નિવેદનમાં જણાવ્યું હતું કેઃ "અમે પ્રારંભિક અહેવાલોથી વાકેફ છીએ અને વધુ માહિતી એકત્રિત કરવા માટે કામ કરી રહ્યા છીએ." આ દુર્ઘટના પેરિસ એર શોના ઉદ્‌ઘાટનના થોડા દિવસો પહેલા આવી છે, જે એક મુખ્ય ઉડ્ડયન એક્સ્પો છે, જ્યાં બોઇંગ અને યુરોપિયન હરીફ એરબસ તેમના વિમાનોનું પ્રદર્શન કરશે અને એરલાઇન ગ્રાહકો પાસેથી જેટ ઓર્ડર માટે લડશે. બોઇંગ ૭૩૭ મેક્સ ૮ નામની લાયન એર ફ્લાઇટ ૬૧૦, જકાર્તાથી ટેકઓફ કર્યાની થોડી મિનિટો પછી ઇન્ડોનેશિયાના દરિયાકાંઠે જાવા સમુદ્રમાં ડૂબી ગઈ હતી, જેમાં તમામ ૧૮૯ લોકો માર્યા ગયા હતાં, જેના કારણે બોઇંગ છ વર્ષથી વધુ સમયથી રિકવરી મોડમાં છે.

એનાં પાંચ મહિના પછી, ઇથોપિયન એરલાઇન્સની ફ્લાઇટ ૩૦૨, બોઇંગ ૭૩૭ મેક્સ ૮, ઇથોપિયાના અદીસ અબાબાથી ટેકઓફ કર્યા પછી ક્રેશ થયું હતું, જેમાં ૧૫૭ મુસાફર અને ક્રૂ સભ્યો માર્યા ગયા હતા. યુ.એસ.માં ટ્રેડિંગ શરૂ થાય તે પહેલાં બોઇંગ કંપનીના શેર નવ ટકા જેટલા ગબડ્યા હતાં.

એર ઇન્ડિયાએ જણાવ્યું હતું કે વિમાન લંડન ગેટવિક એરપોર્ટ જઈ રહ્યું હતું અને તેમાં ૧૬૯ ભારતીયો, ૫૩ બ્રિટીસ, સાત પોર્ટુગીઝ અને એક કૅનેડિયન નાગરિક હતો.

## મોદી સરકારે ૧૧ વર્ષના શાસનમાં ટૅક્નોલૉજીનું લોકશાહીકરણ કર્યું છેઃ અમિત શાહ

નવી દિલ્હીઃ મોદી સરકારે ટૅક્નોલૉજીના ઉપયોગનું લોકશાહીકરણ કર્યું છે અને વ્યાપાર ક્ષેત્ર માટે તેની શક્તિનો ઉપયોગ કર્યો છે. જેના કારણે છેલ્લા ૧૧ વર્ષમાં ભારત વિશ્વમાં એક અગ્રણી ડિજિટલ અર્થતંત્ર બન્યું છે. આ જાણકારી કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે આપી હતી.

નોંધનીય છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે ૯ જૂને ૧૧ વર્ષ પૂર્ણ કર્યા છે. શાહે એક્સ પર જણાવ્યું કે મોદી સરકારે ટૅક્નોલૉજીના ઉપયોગનું લોકશાહીકરણ કર્યું અને વ્યાપાર ક્ષેત્ર માટે તેની શક્તિનો ઉપયોગ કર્યો, જેના કારણે ભારત છેલ્લા ૧૧ વર્ષમાં વિશ્વમાં એક અગ્રણી ડિજિટલ અર્થતંત્ર બન્યું છે. ગૃહ પ્રધાને જણાવ્યું કે આરોગ્ય સંભાળ હોય, શિક્ષણ હોય, વેપાર હોય કે વાણિજ્ય હોય પીએમ મોદી ડિજિટલ ક્રાંતિ દ્વારા અર્થતંત્ર અને સમાજના દરેક ક્ષેત્રમાં પરિવર્તન લાવ્યા છે. એક સત્તાવાર નિવેદન અનુસાર છેલ્લા ૧૧ વર્ષોમાં ભારતે ડિજિટલી સશક્ત સમાજ અને જ્ઞાન અર્થતંત્ર બનવાની દિશામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.

દૂરવર્તી ગામડાઓ સુધી ઇન્ટરનેટની પહોંચ વધારવાથી લઇને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા જાહેર સેવા વિતરણમાં ક્રાંતિ લાવવા સુધી દેશે શહેરી-ગ્રામીણ અંતરને પહેલા ક્યારેય ન જોયું હોય તે રીતે દૂર કર્યું છે. નિવેદનમાં જણાવાયું છે કે મજબૂત ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એ આધુનિક અર્થતંત્રની કરોડરજ્જુ છે અને છેલ્લા ૧૧ વર્ષોમાં ભારતે ગ્રામીણ વિસ્તારોમાં મોબાઇલ નેટવર્કનો નોંધપાત્ર વિસ્તાર કર્યો છે અને ઇન્ટરનેટ કનેક્ટિવિટીમાં સુધારો કર્યો છે.

## પુતિન સહિત વિશ્વભરના અનેક નેતાઓએ દિલસોજી વ્યક્ત કરી

મોસ્કો / બ્રસેલ્સ / માલેઃ અમદાવાદની વિમાન દુર્ઘટના અંગે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન, કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની, યુરોપિયન કમિશનનાં પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન, યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી અને માલદીવના પ્રમુખ મહંમદ મુઇઝુ સહિત વિશ્વના અનેક નેતાઓએ દિલસોજી વ્યક્ત કરી હતી.

રશિયાના પ્રમુખ પુતિને ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને શોક સંદેશો મોકલ્યો હતો. તેમાં જણાવ્યું હતું કે હું દુર્ઘટનામાં મરનારા લોકોના પરિવારના સભ્યો પ્રત્યે મારી સહાનુભૂતિ છે અને ઘાયલ લોકો જલદી સાજા થાય એવી આશા વ્યક્ત કરું છું.

કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીએ જણાવ્યું હતું કે કેનેડાના પરિવહન વિભાગના અધિકારીઓ ભારતના સંબંધિત સત્તાવાળાઓના સતત સંપર્કમાં છે અને તેઓ મને દરેક માહિતી આપી રહ્યા છે.

યુરોપિયન કમિશનનાં પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને જણાવ્યું હતું કે યુરોપના લોકો આ દુઃખદ સમયમાં મોદી સહિત બધા ભારતીયોના દુઃખમાં સહભાગી છે.

યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે આ મોટા આઘાતજનક સમાચાર છે. અમે આ દુર્ઘટનામાં મરનારા ભારત, યુકે, પોર્ટુગલ અને કેનેડાના લોકોના પરિવારજનો પ્રત્યે સહાનુભૂતિ ધરાવીએ છીએ.

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઇઝુએ એક્સ પર લખ્યું હતું કે આ મુશ્કેલ સમયે માલદીવની સરકાર અને લોકો ભારત સરકાર અને લોકો સાથે ઊભા છે.

મલેશિયાના પીએમ ઇબ્રાહિમે કહ્યું હતું કે તેઓ આ દુઃખદ વિમાન દુર્ઘટના વિશે જાણીને 'ખૂબ જ દુઃખી' છે અને કહ્યું કે, 'મલેશિયાની સરકાર અને લોકો તરફથી હું પીડિત પરિવારો અને પ્રિયજનો પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદના વ્યક્ત કરું છું.''

નેપાળના પૂર્વ વડા પ્રધાન પ્રચંડે લખ્યું હતું કે તેઓ દુઃખદ વિમાન દુર્ઘટનાથી 'ખૂબ જ દુઃખી' છે. "મારી સંવેદના પીડિતો અને તેમના પરિવારો સાથે છે. શોકની આ ઘડીમાં નેપાળ ભારત સાથે ઉભું છે.''

(એજન્સી)

પહેલા પાનાનું ચાલુ

### દૂર્ઘટનામાં પૂર્વ

હતી. વિજય રૂપાણીએ ૧૯૭૧થી એબીવીપી, આરએસએસ અને જનસંઘ સાથે જોડાયા હતા. ૧૯૭૬ની કટોકટી સમયે મેન્ટેનન્સ ઓફ ઈન્ટરનલ સિક્યોરિટી એક્ટ અંતર્ગત તેઓ ભાવનગર અને ભુજની જેલમાં ગયા હતા.

વિજય રૂપાણીએ એલએલબીનો અભ્યાસ કર્યો, પરંતુ વકીલાત કરવાને બદલે તેમણે ૧૯૭૮થી ૧૯૮૧ સુધી આરએસએસના પ્રચારક તરીકે કામ કરવાનું શરૂ કર્યુ હતું. ઉલ્લેખનીય છે કે ૮૦ના દાયકામાં સંઘ દ્વારા ઘણા લોકોને જનસંઘમાંથી બનેલા ભાજપમાં મોકલવામાં આવતા હતા. તેઓ ભાજપ એકમના મહામંત્રી હતા. ત્યારપછી વિજય રૂપાણી પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી.

તેમણે ૧૯૮૭માં રાજકોટ કોર્પોરેશનની ચૂંટણી લડી ત્યાર બાદ ૧૯૮૮થી એક દશકા સુધી તેઓ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પણ રહ્યા હતા. આ સિવાય ૧૯૯૬-૯૭માં વિજય રૂપાણી મેયર બન્યા હતા.

વિજય રૂપાણીને ત્યાર બાદ ભાજપમાં રાજ્ય કક્ષાના સંગઠનોમાં પણ સ્થાન મળ્યું હતું. ૧૯૯૫માં કેશુભાઈની સરકાર બની ત્યારપછી ૧૯૯૮માં વિજય રૂપાણી પ્રદેશ મહામંત્રી તરીકે પસંદગી પામ્યા હતા. ત્યારપછી પર્યટન નિગમ અને મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડમાં ચેરમેન તરીકે પણ તેમણે કાર્યભાર સંભાળ્યો હતો. વિજય રૂપાણી ૨૦૦૬થી ૨૦૧૨ સુધી રાજ્યસભાના સભ્ય રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે વજુભાઈ વાળાની વિદાય પછી રાજકોટ પશ્ચિમથી વિજયભાઈ રૂપાણી પેટાચૂંટણી લડ્યા હતા. આ પેટા ચૂંટણીમાં તેમની જીત થઈ હતી અને તેઓ ધારાસભ્ય તરીકે પસંદગી પામ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, આનંદીબેન પટેલની સરકારમાં વિજય રૂપાણીને કેબિનેટ પ્રધાન બનાવવામાં આવ્યા હતા. ત્યાર પછી ફેબ્રુઆરી ૨૦૧૬માં ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકે નિયુક્તિ બાદ તેમને મુખ્ય પ્રધાન બનવાની પણ તક મળી હતી.

આનંદીબેન પટેલે ઓગસ્ટ ૨૦૧૬માં રાજીનામું આપ્યા બાદ ગુજરાતના મુખ્ય પ્રધાન કોણ હશે એ કોયડો ગુંચવાયો હતો. આ સમયે નીતિન પટેલને લગભગ મુખ્ય પ્રધાન તરીકે પસંદ કરવાની અટકળો વચ્ચે ભાજપ દ્વારા વિજય રૂપાણીને મુખ્ય પ્રધાન તરીકે પસંદ કરાયા હતા.

૧૧ સપ્ટેમ્બર ૨૦૨૧ના વિજય રૂપાણીએ રાજ્યપાલને પોતાનું રાજીનામું આપ્યું હતું. આ દરમિયાન ઘણી અટકળો અને વિવાદો પણ સામે આવ્યા હતા.

### વિજય રૂપાણી સહિત

હોસ્પિટલ સ્ટાફ ક્વાર્ટર્સ, મેઘાણીનગરના રહેવાસીઓ સહિત કુલ ૭૫ મૃતદેહો મળી આવ્યા હતા. સિવિલ હોસ્પિટલના સ્ટાફના જણાવ્યા મુજબ ૯૪ ફ્લેટમાં અકસ્માત સમયે ૨૦૦ રહેવાસીઓ રહેતા હતા. હાલમાં અન્ય ૪૦ ઈજાગ્રસ્તો સારવાર હેઠળ છે. સિવિલ હોસ્પિટલના વોર્ડ નંબર સી-૭, સી-૮, બી-૨ અને બી-૭માં મેડિકલ ટીમ દ્વારા સારવાર કરવામાં આવી હતી.

અકસ્માત અંગે માહિતી આપતા એર ઇન્ડિયાએ કહ્યું કે અમદાવાદ-લંડન ગેટવિક ફ્લાઇટ નંબર એઆઈ૧૭૧ ક્રેશ થઈ હતી. તેમાં ૨૪૨ મુસાફરો હતા. સૂત્રોના કહેવા પ્રમાણે, પ્લેન ૧:૩૦ ટેકઓફ થયું હતું. ટેકઓફ બાદ ૬૨૫ ફૂટની ઊંચાઈએ પ્લેને સિગ્નલ ગુમાવ્યું હતું. પ્લેને ઉડાણ બાદ માત્ર ૮ મિનિટમાં જ સિગ્નલ ગુમાવ્યું હતું અને ૧:૪૦ વાગ્યે પ્લેન ક્રેશ થયું હતું. પ્લેન ૪૦૦ ફૂટ પ્રતિ મિનિટની ઝડપે નીચે પડ્યું હતું.

પ્રાપ્ત થતી વિગતો મુજબ, ક્રેશ થયેલું વિમાન હોસ્ટેલ બિલ્ડિંગના ત્રીજા, ચોથા અને પાંચમા માળે પાંખની બાજુએથી અથડાયું હતું. આ ભયાવહ ટક્કરને કારણે બિલ્ડિંગને ભારે નુકસાન થયું હતું અને તે ગમે ત્યારે તૂટી પડે તેવી શક્યતા છે. વિમાન અથડાયા બાદ બિલ્ડિંગમાં ભયંકર આગ લાગી હતી. આ બિલ્ડિંગમાં ઇન્ટર્ન ડોક્ટર અને તેમના પરિવારજનો સહિત અંદાજે ૫૦થી વધુ લોકો રહેતા હતા.

આરોગ્ય અગ્ર સચિવ ધનંજય દ્વિવેદીના જણાવ્યા અનુસાર અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ માટે તેમના સગાઓના ડીએનએ સેમ્પલ લેવા અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી. મૃતકના નજીકના સગા ( માતા-પિતા અથવા બાળકો) ડીએનએ સેમ્પલ આપી શકશે. સગા-સ્નેહીજનોને આ કસોટી ભવન ખાતે ડીએનએ સેમ્પલ આપવા સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.

ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી દર્દીઓના ખબર પૂછવા માટે સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. જ્યાં આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલ સહિત અન્ય ઉચ્ચ અધિકારીઓની આગેવાનીમાં બેઠક યોજવામાં આવી હતી. મૃતકોના પોસ્ટમોર્ટમ, બ્લડની વ્યવસ્થા સહિત બોડીની ઓળખવિધિ માટે મહત્ત્વની ચર્ચા કરી હતી.

### મોદી સહિતના

પ્રધાનો અને સ્થાનિક સત્તાવાળાઓના સતત સંપર્કમાં છું. બ્રિટિશ વડા પ્રધાન કેઇર સ્ટાર્મરે જણાવ્યું હતું કે હું આ દુર્ઘટનામાં મરનારા લોકોના પરિવારના દુઃખમાં સહભાગી છું. યુકે ફૉરેન, કૉમનવેલ્થ ઍન્ડ ડેવલપમેન્ટ ઑફિસે જણાવ્યું હતું કે દુર્ઘટનામાં મરનારા બ્રિટિશ નાગરિકોના પરિવારના સભ્યો મદદ માટે અને વધારે માહિતી મેળવવા ૦૨૦ ૭૦૦૮ ૫૦૦૦ ફોન નંબર પર સંપર્ક કરી શકે છે.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે જણાવ્યું હતું કે હું આ દુર્ઘટનામાં ઘાયલ લોકો જલદી સાજા થઇ જાય તે માટે પ્રભુને પ્રાર્થના કરું છું અને મરનારા લોકોના પરિવારના દુઃખમાં સહભાગી છું. સમાજવાદી પક્ષના નેતા અખિલેશ યાદવે જણાવ્યું હતું કે આ દુર્ઘટનાના કારણ અંગે તાત્કાલિક સ્પષ્ટતા થવી જોઇએ.

હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબસિંહ સૈની, બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમાર, આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન. ચંદ્રબાબુ નાયડુ, તેલંગણાના મુખ્ય પ્રધાન એ. રેવંત રેડ્ડી, ઝારખંડના મુખ્ય પ્રધાન હેમંત સોરેન, પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજી, યુકેના વિદેશ પ્રધાન ડેવિડ લેમી વગેરે આ દુર્ઘટના અંગે દિલસોજી વ્યક્ત કરી હતી. (એજન્સી)

### મરનારા દરેકના

ચંદ્રશેખરને જણાવ્યું હતું કે અમે બી. જે. મેડિકલની હૉસ્ટેલની ઇમારત ફરી બનાવવા માટે દરેક સહાય આપીશું. તેમણે જણાવ્યું હતું કે અકલ્પનીય દુર્ઘટનાથી અસરગ્રસ્ત દરેક પરિવારના દુઃખમાં સહભાગી છીએ. (એજન્સી)

### વિમાનની આગ

ટ્રેજેડીને કારણે સમગ્ર રાષ્ટ્ર શોકમગ્ન છે, એવું અમિત શાહે પત્રકારોને જણાવ્યું હતું.

કેન્દ્રીય પ્રધાને આ હોનારતમાં મૃત્યુ પામેલા લોકોને અંજલિ આપવાની સાથે મૃતકોના સંબંધીઓ માટે શોક વ્યક્ત કર્યો હતો.

અમિત શાહે જણાવ્યું હતું કે 'વિમાન હોનારતમાં જેમનાં મૃત્યુ થયાં છે એ સંબંધમાં મૃતકોનો આંકડો તેમના ડીએનએ ટેસ્ટ તથા તમામ ભોગ બનેલાઓની ઓળખ થયા બાદ સત્તાવાળાઓ દ્વારા સત્તાવાર રીતે બહાર પાડવામાં આવશે.'

## ક્રેશ પહેલા પાઇલટે મે-ડે કોલ દ્વારા એલર્ટની જાણકારી આપી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં ૨૪૦થી વધુ લોકોનાં મૃત્યુ થયાં હતાં. વિમાન દુર્ઘટનાની પ્રાપ્ત થતી માહિતી મુજબ પાઇલોટે પ્લેન ક્રેશ થતા પહેલા એટીસીને સિગ્નલ મોકલ્યું હતું. જે ખતરાનો મેસેજ હતો અને થોડી જ ક્ષણોમાં પ્લેન ક્રેશ થયું હતું.

અમદાવાદ એરપોર્ટના રન વે ૨૩થી આ વિમાને બપોરે ૧.૩૯ કલાકે ઉડાન ભરી હતી. ઉડાન ભર્યાની ગણતરીની મિનિટોમાં એટીસીને 'મેડે કોલ' મળ્યો હતો. પરંતુ આ પછી કોઈ સિગ્નલ મળ્યું નહોતું. મેડે કોલ એટલે ઈમરજન્સી કોલ. કોઈ પણ ફ્લાઈટમાં મેડે કોલ ઈમરજન્સી મેસેજ આપે છે.




અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં થયેલા પ્લેન ક્રેશમાં ૨૪૧ લોકોનાં મૃત્યુ થયાં હતાં. જેમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના નિવૃત્ત પ્રાધ્યાપક અને તેમના પત્નીનું મૃત્યુ થયું હતું. આ ઉપરાંત હીર બક્ષી અને ધીર બક્ષી તેમની નાનીના જન્મદિવસને ઉજવવા લંડનથી ભારત આવી હતી. તેઓનાં પણ મોત થયાં હતાં.



અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં થયેલા પ્લેન ક્રેશમાં ૨૪૨ મુસાફરોનાં મૃત્યુ થયાં હતાં. આ દુર્ઘટનામાં રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીનું પણ મૃત્યુ થયું હતું. વિજય રૂપાણીનું પ્લેન ક્રેશમાં મોત થયાના સમાચાર મળતાં જ તેમના ઘર પાસે સમર્થકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

# અમદાવાદમાં પ્લેન ક્રેશથી હાહાકાર, સ્થાનિકોએ ભયાનક દૃશ્ય જોયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં પ્લેન ક્રેશની દુર્ઘટનામાં એક બાળકીએ ભયાનક દ્રશ્ય જોયું હતું. આ બનાવ અંગે એક બાળકીએ પોતાની નજર સામે પ્લેનને સળગતું જોયું હતું. આસપાસના સ્થાનિકોએ આંખે દેખો અહેવાલ જણાવ્યો હતો.

અમદાવાદના મેઘાણીનગરમાં એર ઇન્ડિયા પ્લેન ક્રેશની દુર્ઘટના બની હતી. આ પ્લેન અમદાવાદથી લંડન જઈ રહ્યું હતું. પ્લેનમાં ૨૪૨ મુસાફરો સવાર હતા. તમામના મૃત્યુ થયા હતા. ૧૭૧-એર ઇન્ડિયા બોઇંગ પ્લેન બપોરે ૧.૩૮ વાગ્યે ટેકઓફ થયું હતું. અને માત્ર બે મિનિટ આઈજીપી કમ્પાઉન્ડમાં આવેલી એક બિલ્ડિંગ સાથે અથડાઈને ક્રેશ થયું હતું. આ દુર્ઘટના અત્યંત હૃદયદ્રાવક છે. પ્રાપ્ત વિગતો મુજબ ત્યાં હાજર લોકો સાથેની વાતચીતમાં સ્થાનિકોએ ભયાવહ દ્રશ્યો વર્ણવ્યા હતા. એક નાની બાળકીએ પ્લેનને સળગતું ઊડતા જોયું અને સીધું જ હોસ્ટેલ બિલ્ડિંગ તરફ અથડાતા ગભરાઈ ગઈ હતી. આસપાસના સ્થાનિકોના જણાવ્યા અનુસાર મોટો બોમ્બ બ્લાસ્ટ થયો હોય કે મિસાઈલ પડી હોય તેવો અનુભવ થયો હતો.

# અમદાવાદના મેઘાણી નગર વિસ્તારમાં ડોક્ટર્સની હૉસ્ટેલ પર વિમાન ક્રેશ થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં ગુરુવારે બપોરે ભયંકર વિમાન દુર્ઘટના ઘટી હતી. અમદાવાદથી લંડન જતી એર ઇન્ડિયાની ફ્લાઇટ એઆઈ-૧૭૧ ટેકઓફ થયા બાદ મેઘાણી નગર વિસ્તારમાં ક્રેશ થયું હતું. આ વિમાનમાં ૨૪૨ મુસાફરો સવાર હતા. જેમાં ૨ પાઇલોટ અને ૧૦ કેબિન ક્રૂ મેમ્બરો હતા. અમદાવાદના વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે વિમાન ડોક્ટરની હૉસ્ટેલ પર ક્રેશ થયું હતું. હોસ્ટેલમાં હાજર રહેલા લોકોએ પોતાનો જીવ બચાવવા બીજા માળેથી છલાંગ મારી હતી. એર ઇન્ડિયાના જણાવ્યા મુજબ ક્રેશ થયેલા બોઇંગ ૭૮૭-૮ એરક્રાફ્ટમાં ૨૪૨ મુસાફરો અને ક્રૂ સભ્યો સવાર હતા. તેમાંથી ૧૬૯ ભારતીય નાગરિકો, ૫૩ બ્રિટિશ નાગરિકો, ૧ કેનેડિયન નાગરિક અને ૭ પોર્ટુગીઝ નાગરિક સવાર હતા. આ બનાવમાં ઘાયલ થયેલા લોકોને નજીકની હોસ્પિટલોમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. વધુ માહિતી અંગે જાણકારી આપવા હેલ્પલાઇન નંબર ૧૮૦૦ ૫૬૯૧ ૪૪૪ શરૂ કરાયો છે. અમદાવાદના વરિષ્ઠ પોલીસઅધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ફ્લાઈટ ટેક ઓફ થયાના ૨-૩ મિનિટમાં જ ક્રેશ થયું હતું. આ વિમાન ડોક્ટર્સની હૉસ્ટેલ પર પડ્યું હતું. હાલ રાહત અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. લગભગ ૭૦-૮૦ ટકા એરિયા ક્લીયર કરવામાં આવ્યો છે.

# અમદાવાદમાં પ્લેન ક્રેશની દુર્ઘટનાને અનુલક્ષીને વિપક્ષે ચૂંટણી કાર્યક્રમો સ્થગિત કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના મેઘાણીનગરમાં દુઃખદ વિમાન દુર્ઘટના સર્જાઈ હતી. આ દુર્ઘટનામાં એર ઇન્ડિયાનું બોઇંગ ૭૮૭-૮ ડ્રીમલાઇનર (ફ્લાઇટ એઆઈ-૧૭૧) ટેકઓફના થોડી જ મિનિટો બાદ મેઘાણીનગર વિસ્તારમાં ક્રેશ થયું હતું. આ દુર્ઘટનાએ સૌને હચમચાવી દીધા હતા. વિમાનમાં ૨૪૨ યાત્રી અને ક્રૂ મેમ્બર્સ સવાર હતા. જેમાં ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી પણ સામેલ હતા. આ પ્લેન ક્રેશ દુર્ઘટનાને લઈને વિરોધ પક્ષ દ્વારા સંવેદના વ્યક્ત કરવામાં આવી છે અને ચૂંટણીલક્ષી કાર્યક્રમો સ્થગિત કરવાની જાહેરાત કરી હતી.

ગુજરાત કૉંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'અતિશય કરુણ અને ન કલ્પી શકાય એવા દુઃખદ સમાચાર મળ્યા. અમદાવાદથી લંડન જઈ રહેલું વિમાન ટેકઓફ થયાની થોડી જ મિનિટોમાં દુર્ઘટનાગ્રસ્ત થયું. આ ઘટનામાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા અને ઘાયલ થયા છે તેવા સમાચારોથી ખૂબ વ્યથિત છું. તેમણે દુર્ઘટનાગ્રસ્ત લોકોને મદદરૂપ બનવા, બ્લડ ડોનેટ કરવા અને પ્રશાસનને જ્યાં જરૂર પડે ત્યાં મદદરૂપ થવા કૉંગ્રેસ કાર્યકર્તાઓને અપીલ કરી હતી. શક્તિસિંહ ગોહિલે વધુમાં જણાવ્યું હતું કે, વિસાવદર અને કડીની પેટા ચૂંટણીઓ ચાલી રહી છે ત્યારે ગુરુવારના દિવસે યોજાનાર તમામ જાહેર સભાઓ, સ્વાગત સમારોહ, રેલીઓ રદ કરવાની ઘોષણા કરું છું. સમગ્ર કૉંગ્રેસ પરિવાર શોકગ્રસ્ત પરિવારોની સાથે દુઃખમાં સહભાગી છે. ઈશ્વર મૃતકોના પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ અર્પે તેવી પ્રાર્થના કરું છું અને મૃતકોને શ્રદ્ધાસુમન સમર્પિત કરું છું.'અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનાને ધ્યાને લઈને આમ આદમી પાર્ટીએ પણ બે દિવસ ચૂંટણીલક્ષી તમામ કાર્યક્રમો સ્થગિત કર્યા હતા. ગોપાલ ઇટાલિયાએ કહ્યું ગુજરાત ઉપર આવી પડેલી આફતના સમયે હું અને અમારી પાર્ટી કોઈપણ પ્રકારની રાજકીય ટીકા-ટિપ્પણી કર્યા વગર સંવેદનશીલતા સાથે ગુજરાત સરકારના સ્પષ્ટ અને મજબૂત સમર્થનમાં છીએ. તેમણે આ ઘટના પર સંવેદના અને દિલગીરી વ્યક્ત કરી હતી.

# અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં ભૂપેન્દ્ર પટેલે ઈજાગ્રસ્તોની મુલાકાત લીધી



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં ગુરુવારે બપોરે બનેલી વિમાન દુર્ઘટનામાં ૨૪૦થી વધુ લોકોનાં મૃત્યુ થયાં હતાં. આ બનાવ અંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સુરતથી સીધા અમદાવાદની અસારવા સિવિલ હૉસ્પિટલ પહોંચ્યાં હતાં. મુખ્ય પ્રધાને ઈજાગ્રસ્તો સાથે વાતચીત કરી તેમના ખબર પૂછ્યા હતા તેમજ આ બનાવ અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી હતી.

મુખ્ય પ્રધાને આ બનાવમાં તાત્કાલિક ધોરણે બચાવ અને રાહત કામગીરી માટે સૂચના આપી હતી. વિમાન દુર્ઘટનામાં આસપાસના વિસ્તારોમાં રહેતા ઈજાગ્રસ્તોને તાત્કાલિકના ધોરણે સારવાર મળે તેવી વ્યવસ્થા કરાઈ હતી. ગ્રીન કોરિડોરની વ્યવસ્થા કરી હૉસ્પિટલમાં તમામ તબીબી સેવાઓ સુનિશ્ચિત કરવા નિર્દેશ કર્યો હતો. આ દુર્ઘટનાને પગલે, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પણ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. અમિત શાહે આ વિમાન દુર્ઘટનામાં ચાલી રહેલા બચાવ અને રાહત કાર્યો માટે એનડીઆરએફ (નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ) અને કેન્દ્ર સરકારના સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી હતી. તંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં કાર્યરત છે.

ગુજરાત સરકારે અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના સંદર્ભમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં કંટ્રોલ રૂમ કાર્યરત કર્યો છે. આ કંટ્રોલ રૂમના ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૯૦૦ અને મોબાઈલ નં. ૯૯૭૮૪૦૫૩૦૪ ઉપર લોકો સંપર્ક કરી શકશે. આ સિવાય અમદાવાદ સિવિલ હૉસ્પિટલે પણ બે ફોન નંબર જાહેર કર્યા હતા. સિવિલ હોસ્પિટલમાં દર્દી અંગે માહિતી મેળવવા ૬૩૫૭૩૭૩૮૩૧ અને ૬૩૫૭૩૭૩૮૪૧ બે ફોન નંબર હોસ્પિટલ તંત્રે જાહેર કર્યા છે.

# અમદાવાદમાં પ્લેન ક્રેશઃ પીએમ મોદીએ સીએમ ભૂપેન્દ્ર પટેલ સાથે વાતચીત કરી સ્થિતિ અંગે જાણકારી મેળવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મેઘાણીનગર વિસ્તારમાં ગુરુવારે બપોરે લગભગ ૧:૩૮ વાગ્યે એર ઈન્ડિયાનું વિમાન એઆઈ-૧૭૧ દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ વિમાન લંડન ગેટવિક જતું હતું. એર ઇન્ડિયા દ્વારા ૧૦૫ના મોતની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. આ દુર્ઘટના અંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સાથે વાતચીત કરી હતી અને બનાવ અંગે સંપૂર્ણ વિગત જાણી અને બચાવ કામગીરી ઝડપી કરવા માર્ગદર્શન આપ્યું હતું. આ બનાવના પગલે અમદાવાદ એરપોર્ટ અનિશ્ચિતકાળ સુધી બંધ કરવામાં આવ્યું હતું. હાલ તમામ ફ્લાઈટ્સ આગામી નિર્દેશ મળે નહીં ત્યાં સુધી ઉડાન સ્થગિત કરાય છે. આ સિવાય ઈજાગ્રસ્ત લોકોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ગ્રીન કોરિડોર ઊભો કરીને ખસેડવામાં આવ્યા હતા. અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના પર નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરી દુઃખ વ્યક્ત કર્યું હતું. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર ટ્વીટ કરી જણાવ્યું હતું કે, 'અમદાવાદમાં થયેલી દુર્ઘટનાથી સ્તબ્ધ અને દુઃખી છું. તે શબ્દોમાં વર્ણવી ન શકાય તેવું હૃદયદ્રાવક છે. આ દુઃખની ઘડીમાં, મારી સંવેદના અસરગ્રસ્ત થયેલા દરેક વ્યક્તિ સાથે છે. અસરગ્રસ્તોને મદદ કરવા માટે કામ કરી રહેલા પ્રધાનો અને અધિકારીઓ સાથે સંપર્કમાં છું.'

અમદાવાદ વિમાનની ઘટનાને પગલે શહેર પોલીસના તમામ કર્મચારીઓની રજા રદ કરવામાં આવી હતી. તંત્ર દ્વારા નાગરિકોને ઘટના સ્થળેથી દૂર રહેવા અપીલ કરવામાં આવી હતી. નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા હેલ્પ લાઈન નંબર ૦૧૧-૨૪૬૧૦૮૪૩, ૯૬૫૦૩૯૧૮૫૯, ૯૯૭૪૧૧૧૩૨૭ જાહેર કરવામાં આવ્યા છે તેમજ રાજ્ય સરકારે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં કંટ્રોલ રૂમ પણ શરૂ કર્યો છે.

# અમદાવાદમાં પ્લેન ક્રેશની દુર્ઘટના બાબતે સી.આર. પાટીલે શોક વ્યક્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃઅમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનામાં બાબતે સી.આર. પાટીલે દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. જ્યારે કેન્દ્રીય પ્રધાન સી.આર. પાટીલ સુરતથી મહેસાણા પહોંચ્યાં હતા. અમદાવાદ એરપોર્ટ બંધ હોવાથી તેઓ મહેસાણા પહોંચ્યા હતાં. મહેસાણાથી કારમાં તેઓ અમદાવાદ પહોંચ્યા હતાં. નવસારીના સાંસદ અને કેન્દ્રીય પ્રધાન સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, આ પ્રકારની દુર્ઘટના બનશે એવી ક્યારેય ખબર નહોતી.

ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી પણ પ્લેનમાં સવાર હતાં. આ ભાજપ પરિવાર માટે ખૂબ મોટો આંચકો છે. તેઓ પ્લેનમાં લંડન જઈ રહ્યાં હતાં. અમારા માટે આ અત્યંત દુઃખદ સમાચાર છે. તેમની સાથે હોસ્ટેલના સ્ટુડન્ટ અને ડોક્ટરોને પણ હાનિ પહોંચી છે. આ દુર્ઘટનામાં જે લોકો મૃત્યુ પામ્યા છે તેમના પરિવારને ભગવાન શક્તિ આપે. એર ઈન્ડિયાના પ્લેનમાં પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી પણ સવાર હતા.

# પ્લેન ક્રેશમાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ માટે પરિવારજનોના ડીએનએ સેમ્પલ લેવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થયું હતું. પ્લેનમાં ૨૪૨ મુસાફરો સવાર હતા. તમામનાં મૃત્યુ થયાં હતાં. મૃતદેહોની ઓળખ ડીએનએ ટેસ્ટ દ્વારા કરવામાં આવશે. આ માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મૃતકોના સગાઓના ડીએનએ લેવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી.

આરોગ્ય અગ્ર સચિવ શ્રી ધનંજય દ્વિવેદીએ જણાવ્યા અનુસાર અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ માટે તેમનાં સગાઓના ડીએનએ સેમ્પલ લેવા અમદાવાદ સિવિલ હૉસ્પિટલ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. હાલમાં પ્રાપ્ત થતી વિગતો અનુસાર ૫૦ ઇજાગ્રસ્તોની સારવાર સિવિલ હૉસ્પિટલ ખાતે ચાલી રહી છે. અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં કસોટી ભવનમાં ડીએનએ સેમ્પલ આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. મૃતકના નજીકનાં સગાં ( માતા પિતા અથવા બાળકો) ડીએનએ સેમ્પલ આપી શકશે.

# અમરેલી જિલ્લાના બગસરાના શાપર ગામમાં સિંહોએ ૩૨ પશુનું મારણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાસણ ગીર સિંહોના રહેવા માટેનું અનુકૂળ સ્થળ માનવામાં આવે છે. હાલમાં સિંહો અનેક જિલ્લાઓમાં વસવાટ કરે છે. અમરેલી, બગસરા, સાવરકુંડલા, ભાવનગર જેવા સ્થળોએ પણ સિંહો વસવાટ કરતા જોવા મળ્યા છે. બગસરામાં સિંહોના ટોળાએ ૩૨ જાનવરના મારણ કર્યાના અહેવાલો પ્રસિદ્ધ થયા હતા. સિંહોની ગામમાં ચહલ-પહલ અને શિકારના બનાવ વધવાના પગલે લોકોમાં ડર ફેલાયો હતો.

બગસરામાં સિંહોના ટોળાએ ૩૨ ઘેટાં-બકરાંઓનું મારણ કર્યું હતું. સામાન્ય રીતે સિંહ ભૂખ લાગે ત્યારે જ જંગલમાં શિકાર કરતો હોય છે. હાલમાં બગસરાના શાપર ગામમાં સિંહોએ ઘૂસીને મારણની ઘટના પ્રકાશમાં આવતા ચર્ચાનો વિષય બન્યો હતો. આ વિસ્તારમાં સિંહો દ્વારા અવારનવાર મારણ કરવામાં આવતું હોવાની ઘટના બને છે. મંગળવારે વહેલી સવારે ચારથી પાંચ વાગ્યાના દરમિયાન સિંહો દ્વારા રહેણાક વિસ્તારમાં ઘૂસીને ૩૨ જેટલા ઘેટાં-બકરાંનું મારણ કર્યું હતું.

શાપર ગામમાં એક ભરવાડના વાડામાં ૪૨ જેટલા ઘેટાં બકરાં બાંધેલા હતા. આ ભરવાડ પોતાનું ગુજરાન ઘેટાં-બકરાંના સહારે ચલાવતો હતો, પરંતુ મંગળવારે સવારે ટોળામાં આવેલા સિંહોએ ૩૨ જેટલા ઘેટાં-બકરાં ફાડી ખાધા અને અન્ય ૧૦ જેટલા ઘેટાં-બકરાંને ઇજાઓ પણ પહોંચાડી હતી. સમગ્ર ઘટના બાબતે વન વિભાગને જાણ કરવામાં આવી હતી. જેથી વન વિભાગ દ્વારા તમામ ઘેટાં બકરાંને ઘટનાસ્થળ પરથી દૂર ખસેડવાની કામગીરી કરવામાં આવી હતી. પ્રાપ્ત થતી વિગતો અનુસાર સોમાભાઈ ભરવાડ વિકલાંગ છે. તેઓ ઘેટાં-બકરાંના આધારે પોતાનું ગુજરાન ચલાવે છે.

# ભાવનગરમાં કોરોનાના કુલ ૨૫ કેસો એક્ટિવ

ભાવનગરઃ રાજ્યમાં કોરોનાના કેસોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે ત્યારે ભાવનગરમાં ત્રણ નવા પોઝિટિવ કેસ નોંધાયા હતા. છેલ્લા ત્રણ દિવસમાં ભાવનગરમાં કુલ ૧૨ કેસ નોંધાયા હતા. હાલ ભાવનગરમાં કુલ ૨૫ કેસો એક્ટિવ છે.

ભાવનગર શહેરમાં નવા ત્રણ કેસ પોઝિટિવ જોવા મળ્યા હતા. આ કેસમાં બે પુરુષ અને એક મહિલાનો કેસ પોઝિટિવ આવ્યો હતો. ભાવનગરના સુભાષનગર વિસ્તારમાંથી એક મહિલા, આંબાવાડી વિસ્તારમાંથી એક પુરુષ કોરોનાગ્રસ્ત થતા તેમની ટ્રાવેલ હિસ્ટ્રી જાણવા મળી હતી. તેમ જ ઘોઘો રોડ વિસ્તારના એક પુરુષ રાજકોટથી મુસાફરી કરી આવ્યા હતા. તમામ દર્દીઓ હાલ હોમ આઈસોલેશન હેઠળ રાખવામાં આવ્યા છે. આ સિવાય એક નવ વર્ષીય બાળકમાં પણ કોરોનાના લક્ષણો જોવા મળ્યા હતા. ભાવનગરમાં કુલ ૨૫ કેસો એક્ટિવ છે.

# રાજકોટના ત્રણ વોર્ડમાં આધાર કાર્ડની કામગીરી ઠપ થતા લોકો પરેશાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગર પાલિકા દ્વારા આધાર કાર્ડની કામગીરી સરળ અને ઝડપી બનાવવા માટે વોર્ડ પ્રમાણે શરૂ કરવામાં આવી છે. હાલમાં ત્રણ વોર્ડમાં આધાર કાર્ડની કામગીરી ઠપ્પ થતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વોર્ડ નંબર ૩ અને ૧૬ના ઓપરેટરોને સસ્પેન્ડ કરાતા કામગીરી બંધ કરવામાં આવી હતી. હાલમાં વોર્ડ નંબર ૧૨માં ટેક્નિકલ ખામીના કારણે આધાર કાર્ડની કામગીરી થોડા સમય માટે બંધ કરવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આધાર કાર્ડની કામગીરી નાગરિકો માટે સરળ બનાવવા માટે વોર્ડ પ્રમાણે આધાર કેન્દ્રોની ૧ એપ્રિલ ૨૦૨૫થી શહેરના કુલ ૧૮ વોર્ડમાં કાર્યરત કરવામાં આવ્યા હતા. કેન્દ્રોની શરૂઆત બાદ બે મહિનામાં જ ત્રણ કેન્દ્રો બંધ થયા હતા. અગાઉ વોર્ડ નંબર ૩ અને ૧૬ના આધાર કેન્દ્રના ઓપરેટરો સસ્પેન્ડ થતાં બે વોર્ડ બંધ કરાયા હતા. હાલમાં વોર્ડ નંબર ૧૨ના કેન્દ્રમાં ટેક્નિકલ ખામીના કારણે આધાર કાર્ડની કામગીરીમાં અડચણ ઊભી થઈ હતી. લોકોને લાંબા સમય સુધી કતારમાં ઊભા રહેવા પડતા લોકો અકળાયા હતા. આધાર કાર્ડની કામગીરી ઠપ્પ થવાને કારણે મેયરને રજુઆત કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે વોર્ડ નંબર ૧૨માં ટેકનિકલ ખામીના કારણે આધાર સંબંધિત કામગીરી માટે વોર્ડ નંબર ૧૧નો સંપર્ક કરવા જણાવ્યું હતું. આ સિવાય વોર્ડ નંબર ૩ અને ૧૬ના કર્મચારીઓને સસ્પેન્ડ કરાતા આધાર કાર્ડની કામગીરી બંધ છે. વોર્ડ પ્રમાણેની મહાનગરપાલિકાએ કરેલી સગવડા બે મહિનામાં જ ઠપ્પ થતા આધાર કાર્ડની કામગીરી માટે લોકોને ઝોન ઓફિસના ધક્કા ખાવા પડે છે. આ અંગે તાત્કાલિક વોર્ડ પ્રમાણે કામગીરી શરૂ કરવા મેયરને અપીલ કરવામાં આવી હતી. રાજકોટના મેયર નયના પેઢડિયાએ જણાવ્યું હતું કે, હાલમાં આ બાબતે સરકારમાં રજૂઆત કરવામાં આવી છે.

વોર્ડ ૧૬માં ટેક્નિકલ ખામી દૂર કરવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે તેમજ આ ત્રણેય વોર્ડમાં કામગીરી ઝડપથી શરૂ કરવા માટેના પ્રયાસો ચાલી રહ્યા છે. વોર્ડ પ્રમાણે આધારકાર્ડની કામગીરી ટૂંક સમયમાં પૂર્વવત કરવામાં આવશે તેવી મેયરે ખાતરી આપી હતી.

# દ્વારકાધીશ મંદિરમાં જયેષ્ઠાભિષેક અને નૌકાવિહાર મહોત્સવનું આયોજન કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દ્વારકાધીશ મંદિરમાં બુધવારે સવારે જ્યેષ્ઠાભિષેક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાનનો ખુલ્લા પડદે અભિષેક કરવામાં આવ્યો હતો. આ મહોત્સવનો મોટી સંખ્યામાં ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. ભગવાન દ્વારકાધીશના જ્યેષ્ઠાભિષેક ઉત્સવ નિમિત્તે જળયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જળયાત્રામાં પૂજારી પરિવાર દ્વારા ચાંદીનાં પાત્રોમાં ભગવાનના અભિષેક માટે પ્રાચીન ભદ્રકાળી માતાજીના મંદિર નજીક અઘોર કુંડમાં વિશેષ મંત્રોચ્ચાર સાથે પૂજા-વિધિ કરી વાજતે-ગાજતે જળયાત્રા યોજવામાં આવી હતી. ભગવાનના ખુલ્લા પડદે સ્નાનના દર્શન આખા વર્ષમાં બે વખત યોજવામાં આવે છે. જ્યેષ્ઠ નક્ષત્રમાં પૂનમના દિવસે તેમજ જન્માષ્ટમીના દિવસે આ વિધિ કરવામાં આવે છે.

આ ઉત્સવમાં ભગવાન દ્વારકાધીશનું બુધવારે સવારે મંગળા આરતી બાદ ખુલ્લા પડદે અભિષેક કરવામાં આવ્યો હતો. ભગવાનને કેરીના રસ તેમજ પવિત્ર જળથી અભિષેક કરવામાં આવ્યો હતો. તેમજ સાંજના સમયે જગત મંદિરમાં પવિત્ર પાણીનો હોજ બનાવવામાં આવ્યો હતો. આ હોજમાં ભગવાનના બાળ સ્વરૂપને નાવમાં બેસાડી નૌકા ઉત્સવ મનોરથની ઉજવણી પણ કરવામાં આવી હતી. આ મનોરથના લાખો ભાવિકોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# મુલુંડમાં અત્યાર સુધી માંડ ૬૮ ટકા કચરા પર પ્રક્રિયા થઈ છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડ પર પડેલા કચરાના ઢગલા પર પ્રક્રિયા કરીને કચરાનો નિકાલ કરીને આ જમીન પુનઃપ્રાપ્ત કરવામાં આવવાની છે. અહીં ઑક્ટોબર ૨૦૧૯થી સાયન્ટીફીકલી પદ્ધતિએ કચરા પર પ્રક્રિયા કરવા માટે બાયો-માયનિંગ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આટલા વર્ષો બાદ પણ અત્યાર સુધી ૭૦ લાખ ટન કચરામાંથી માત્ર ૬૮.૭૭ ટકા કચરા પર જ કૉન્ટ્રેક્ટર પ્રક્રિયા કરી શક્યો છે ત્યારે ગુરુવારે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ ડમ્પિંગ ગ્રાઉન્ડની મુલાકાત લઈને કામ ઝડપથી પૂરા કરવાનો નિર્દેશ આપ્યો હતો.

મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડમાં બાયો-માયનિંગ પ્રોજેક્ટ હેઠળ કચરા પર પ્રક્રિયા કરીને તેનો નિકાલ કરવા માટે જૂન, ૨૦૨૫ સુધીની સમયમર્યાદા કૉન્ટ્રેક્ટરને લંબાવી આપવામાં આવી હતી. છતાં નોંધપાત્ર કામ બાકી હોવાથી પાલિકાએ હવે નાછૂટકે કૉન્ટ્રેક્ટરનો કૉન્ટ્રેક્ટ લંબાવવાની નોબત આવી છે. કૉન્ટ્રેક્ટની મુદત લંબાવવાની સાથે જ તેને હવે પાલિકા દંડ પણ ફટકારવાની છે. અહીં રહેલા ૭૦ લાખ ટન કચરા પર પ્રક્રિયા કરીને તેનો નિકાલ કરવાનો છે. ઑક્ટોબર, ૨૦૧૯થી આ પ્રોજેક્ટ ચાલી રહ્યો છે, છતાં હજી સુધી માત્ર ૬૮.૭૭ ટકા કચરા પર પ્રક્રિયા થઈ શકી છે.

મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડ બંધ કરવા માટે અગાઉ ઑક્ટોબર, ૨૦૨૪ની મુદત હતી, પણ તેમાં કોરોના મહામારી કારણે નિર્માણ થયેલા પડકારોને કારણે પાલિકાએ તે સમયે કૉન્ટ્રેક્ટરને મુદત લંબાવી આપી હતી અને તે ઝડપથી કામ કરે તે માટે આકરા પગલા પણ લીધા હતા. છતાં હજી લગભગ ૩૧ ટકા કચરા પર પ્રક્રિયા કરવાની બાકી છે. કોરોના મહામારી દરમ્યાન મુદત લંબાવી આપી છતાં કૉન્ટ્રેક્ટર મુદતમાં કામ પૂરું કરી શક્યો નહોતો. તેથી તેને નવ કરોડ રૂપિયાનો દંડ પણ લાદવામાં આવ્યો હતો.

નોંધનીય છે કે મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડની ક્ષમતા પૂરી થયા બાદ તેને ઑક્ટોબર ૨૦૧૮માં બંધ કરી દેવામાં આવ્યું હતું.

## ભાયંદરમાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી મિત્રની હત્યાઃ યુવાન ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી યુવાને મિત્રની હત્યા કરી હોવાની ઘટના ભાયંદરમાં બની હતી. મૃતકે મદદ માટે બૂમો પાડતાં દોડી આવેલા રહેવાસીઓને હથિયારની ધાકે ડરાવી આરોપી ફરાર થઈ ગયો હતો. મૃતક અને આરોપી વિરુદ્ધ અગાઉ ગુના નોંધાયેલા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ભાયંદર પોલીસના જણાવ્યા મુજબ ઘટના બુધવારની વહેલી સવારે ભાયંદરના મર્દે વિલેજ ખાતે બની હતી. મૃતકની ઓળખ અનીસ ખાન (૫૦) તરીકે થઈ હતી. પોલીસે તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં મોકલી આવ્યો હતો.

પ્રાથમિક માહિતી અનુસાર ખાન થોડા દિવસ અગાઉ જ ૩૬ વર્ષના આરોપી મિત્રને ઘેર રહેવા આવ્યો હતો. બુધવારની વહેલી સવારે બન્ને મિત્ર વચ્ચે કોઈ મુદ્દે ઉગ્ર બોલાચાલી થઈ હતી, જેને પગલે આરોપીએ ખાન પર હુમલો કર્યો હતો.

કહેવાય છે કે ખાને મદદ માટે બૂમો પાડતાં પડોશીઓ દોડી આવ્યા હતા. જોકે હથિયારની ધાકે પડોશીઓને ધમકાવી આરોપી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. પછી પડોશીઓ ખાનના ઘરમાં ગયા ત્યારે તેનો મૃતદેહ લોહીલુહાણ હાલતમાં નજરે પડ્યો હતો. આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી આરોપીની શોધ હાથ ધરી હતી.

## વસઈમાં ગૅસ સિલિન્ડર ફટકારી યુવાનની હત્યાઃ હૉટેલમાલિક સહિત બે પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આર્થિક વ્યવહારમાં થયેલા વિવાદને પગલે હૉટેલમાં ગૅસ સિલિન્ડર ફટકારી યુવાનની હત્યા કરવામાં આવી હોવાની વસઈમાં બનેલી ઘટનામાં પોલીસે ગુરુવારે હૉટેલમાલિક સહિત બે જણને પકડી પાડ્યા હતા.

ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ મોહમ્મદ હસીમ ઈન્સાનઅલી શાહ (૩૦) અને રઈસ ઉર્ફે લોંધે મન્નુ શેખ (૪૫) તરીકે થઈ હતી. વધુ કાર્યવાહી માટે બન્ને આરોપીને નાયગાંવ પોલીસ સ્ટેશનના તાબામાં સોંપાયા હતા.વસઈના કામણ ખાતે સાગપાડા વિસ્તારમાં આવેલી વારસી હોટેલમાં રવિવારની બપોરે સંજય પ્રજાપતિ (૩૫)ની હત્યા કરવામાં આવી હતી. આર્થિક વિવાદમાં શેખે માથા પર ગૅસ સિલિન્ડર ફટકારી પ્રજાપતિની હત્યા કરી હોવાની ફરિયાદ નાયગાંવ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ફરાર આરોપીની શોધ માટે પોલીસ અધિકારીઓની અલગ અલગ ટીમ બનાવવામાં આવી હતી. દરમિયાન મોં પર રૂમાલ બાંધીને ચંપલ પહેર્યા વિના એક શખસ વસઈ રેલવે સ્ટેશનની દિશામાં સંતાતો જઈ રહ્યો હોવાની માહિતી પોલીસને મળી હતી. શંકાને આધારે પોલીસે શેખને તાબામાં લીધો હતો.

પૂછપરછમાં શેખે જણાવ્યું હતું કે ઉછીના લીધેલાં નાણાંને મુદ્દે વિવાદ થયો હતો. શેખે હોટેલમાલિક શાહ સાથે મળી પ્રજાપતિની હત્યાની કબૂલાત કરી હતી. પરિણામે પોલીસે હોટેલમાલિકની પણ ધરપકડ કરી હતી.

### બચ્ચુ કડુ ભૂખહડતાળ

## ... તો શનિવાર પછી એક ચકલુ પણ ફરકવા દેવામાં આવશે નહીંઃ રાજુ શેટ્ટી

અમરાવતીઃ ખેડૂતોની વિવિધ માંગણીઓ માટે પ્રહાર જનશક્તિ પાર્ટીના પ્રમુખ બચ્ચુ કડુએ આઠમી જૂનથી ગુરુકુંજ મોઝરી ખાતે અનિશ્ચિત સમય માટે ભૂખ હડતાળ શરૂ કરી છે. આંદોલનના પાંચમા દિવસે સ્વાભિમાની શેતકરી સંગઠનના નેતા રાજુ શેટ્ટીએ ભૂખ હડતાળના સ્થળે બચ્ચુ કડુની મુલાકાત લઈ સરકારની આકરી ટીકા કરી હતી.

રાજુ શેટ્ટીએ કહ્યું કે રાજ્યમાં દરરોજ આઠ ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે, છતાં પણ આ નિર્દય સરકાર જાગતી નથી. કેન્દ્ર સરકારની ખોટી નીતિને કારણે કૃષિ પેદાશોને ભાવ મળી રહ્યા નથી. આ વર્ષે ખેડૂતોએ ખુલ્લા બજારમાં સોયાબીન ગેરંટીકૃત ભાવ કરતા ઓછા ભાવે વેચવું પડ્યું. તેમને પ્રતિ ક્વિન્ટલ એક હજાર રૂપિયાનું નુકસાન સહન કરવું પડ્યું. જો ઉદ્યોગપતિઓને પામ તેલ આયાત કરવાની છૂટ ન મળી હોત, તો સોયાબીનના સારા ભાવ મળ્યા હોત. પરંતુ, આ સરકાર ઉદ્યોગપતિઓની છે. અમે કોઈ અશક્ય માંગણીઓ કરી નથી, અને અપેક્ષા રાખીએ છીએ કે તે પૂર્ણ થશે. સરકારે બચ્ચુ કડુના વિરોધની નોંધ લેવી જોઈએ અને ખેડૂતોને હળવાશથી ન લેવા જોઈએ. જો સરકાર ૧૪ જૂન સુધીમાં માંગણીઓ અંગે કોઈ નક્કર નિર્ણય નહીં લે, તો રાજ્યમાં એક પક્ષી પણ ફરકવા નહીં દેવાય. કડક બંધનું એલાન કરવામાં આવશે, તેવી ચેતવણી રાજુ શેટ્ટીએ આપી હતી.

## મહિલા સાથે 'ગેરવર્તન' બદલ બૅંક કર્મચારીઓ પર હુમલોઃ ધુળેમાં શિવસેનાના બે પદાધિકારીની ધરપકડ

મુંબઈઃ ધુળે જિલ્લામાં મરાઠીમાં બોલવાને મુદ્દે 'ગેરવર્તન' કરાયું હોવાનો મહિલા પ્રોફેસરે દાવો કર્યા બાદ સ્ટેટ બૅંક ઓફ ઇન્ડિયા (એસબીઆઇ)ના કર્મચારીઓ પર હુમલો કરવા બદલ શિવસેનાના બે પદાધિકારીની પોલીસે ધરપકડ કરી હતી.

મહિલાના જણાવ્યા અનુસાર તે ૪ જૂને રૂપિયા જમા કરાવવા માટે એસબીઆઇની દેવપુર બ્રાન્ચમાં કામકાજના કલાકો પૂરા થયા બાદ ગઇ હતી, જેને કારણે બૅંક મેનેજર અને અન્ય કર્મચારીઓ સાથે તેની બોલાચાલી થઇ હતી.

મહિલા ત્યાર બાદ દેવપુર પોલીસ સ્ટેશનમાં પહોંચી હતી, પણ એ સમયે તેણે બૅંકના કર્મચારીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી નહોતી. જોકે બૅંકના કર્મચારીઓએ મહિલા વિરુદ્ધ ફરિયાદ કરી હતી.

મહિલા પ્રોફેસરે બાદમાં શિવસેનાના કાર્યકરોનો સંપર્ક સાધ્યો હતો અને મરાઠી બોલવાને મુદ્દે તેને જે ત્રાસ સહન કરવો પડ્યો તેની જાણ કાર્યકરોને કરી હતી.

૭ જૂને શિવસૈનિકો જૂથ મહિલાના સમર્થનમાં બૅંકમાં પહોંચી ગયું હતું. મહિલા સાથે કથિત ગેરવર્તન કરનારો મેનેજર એ સમયે કોઇ ટ્રેનિંગ માટે બહાર ગયો હતો. જોકે શિવસૈનિકોએ બૅંકમાં હાજર અન્યો સાથે દલીલ કરી હતી અને એક કર્મચારીને લાફો મારી દીધો હતો.

આ ઘટના બાદ બૅંકના કર્મચારીઓએ શિવસૈનિકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જેને પગલે પોલીસે નરેન્દ્ર પરદેશી અને ધીરજ પાટીલની ધરપકડ કરી હતી. બંનેને બાદમાં સ્થાનિક અદાલતમાં હાજર કરાયા હતા, જ્યાં તેમના જામીન મંજૂર કરવામાં આવ્યા હતા.

દરમિયાન મહિલા પ્રોફેસરની ફરિયાદને આધારે બૅંકના અધિકારી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો દાખલ કરાયો હતો. આ પ્રકરણે તપાસ હાથ ધરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

## લાડકી બહેન યોજનાઃ બાવનકુળેએ ગેરકાયદે ભંડોળના ડાયવર્ઝનના આરોપો નકાર્યા

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ લાડકી બહેન યોજના માટે ભંડોળના ગેરકાયદે ડાયવર્ઝનના આરોપોને નકારી કાઢ્યા હતા અને નબળા જૂથો પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. સામાજિક ન્યાય ખાતાના પ્રધાન સંજય શિરસાટે નાણા વિભાગ પર ગેરકાયદે ભંડોળ ફરીથી ફાળવવાનો આરોપ લગાવ્યો હતો, પરંતુ બાવનકુળેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે કાનૂની રક્ષણ આવા ડાયવર્ઝનને અટકાવે છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ એવી સ્પષ્ટતા કરી હતી કે આ યોજના વ્યક્તિગત લાભની પહેલ માટે બજેટમાં રાખવામાં આવેલા નિયમો સાથે સુસંગત છે.

તાજેતરમાં, રાજ્યના સામાજિક ન્યાય ખાતાના પ્રધાન સંજય શિરસાટે અજિત પવારના નેતૃત્વ હેઠળના નાણા વિભાગ પર તેમની જાણ વગર તેમના વિભાગમાંથી ભંડોળનું ગેરકાયદે ડાયવર્ઝન કરવાનો આરોપ લગાવ્યો હતો.

ગયા વર્ષે વિધાનસભા ચૂંટણી પહેલા શરૂ કરાયેલી મહિલા-કેન્દ્રિત કલ્યાણ યોજના 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના'ને કારણે રાજ્ય આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે તે સ્વીકારતાં શિવસેનાના પ્રધાને કહ્યું હતું કે, રાજ્ય સરકારે ફાળવેલ ભંડોળનું સમયાંતરે ડાયવર્ઝન કરવાને બદલે સામાજિક ન્યાય વિભાગને 'બંધ' કરી દેવો જોઈએ.

ઓગસ્ટ ૨૦૨૪માં શરૂ કરાયેલી મહાયુતિ સરકારની મુખ્ય યોજના 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના' હેઠળ રાજ્યમાં પાત્ર મહિલાઓને માસિક રૂ. ૧,૫૦૦ની સહાય આપવામાં આવે છે. આ યોજનાનો અંદાજિત વાર્ષિક ખર્ચ રૂ. ૪૦,૦૦૦ કરોડથી વધુ છે.

## ગોરાઈના નાગરિકોનો પાલિકાની ઑફિસમાં મોર્ચો

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ગોરાઈ વિલેજમાં સ્થાનિક નાગરિકોને તેમના બાંધકામ ગેરકાયદે હોવાનું કહીને તેને તોડી પાડવાની નોટિસ ફટકારવામાં આવી હતી. તેની સામે ગુરુવારે ગોરાઈના સ્થાનિક નાગરિકોએ ગોરાઈ વિલેજર્સ વેલફેર અસોસિયેશનના નેતૃત્વમાં પાલિકાની બોરીવલી આર-સેન્ટ્રલ વોર્ડની ઓફિસ પર મોર્ચો કાઢીને પાલિકાની કાર્યવાહી સામે તેમનો વિરોધ દર્શાવ્યો હતો. મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ગેરકાયદે બાંધકામોને નોટિસ આપીને તેને તોડી પાડવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, જેમાં મુખ્યત્વે પશ્ચિમ ઉપનગરમાં મલાડ, વર્સોવા, મનોરી, મઢ અને ગોરાઈ જેવા દરિયાકિનારાના વિસ્તારોમાં મોટા પ્રમાણમાં ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યા છે. આ દરમ્યાન થોડા દિવસ અગાઉ ગોરાઈ વિલેજમાં આવેલા ગાવઠણ વિસ્તારના રહેવાસીઓને પણ તેમના બાંધકામ ગેરકાયદે હોવાનું કહીને તેમને પાલિકાએ નોટિસ ફટકારી હતી, જેની સામે સ્થાનિક નાગરિકોમાં તેઓ ભૂમિપુત્ર હોઈને પેઢી દર પેઢીથી ત્યાં રહેતા હોવાનું કહીને પાલિકા સામે નારાજગી વ્યક્ત કરી હતી અને ગુરુવારે ગોરાઈ વિલેજર્સ વેલફેર અસોસિયેશનના નેતૃત્વમાં પાલિકાની ઓફિસ પર મોર્ચો પણ કાઢયો હતો.

ગોરાઈ વિલેજમાં બનાવટી મેપના આધારે બાંધકામ કરવામાં આવ્યા હોવાથી આ બાંધકામને તોડી પાડવાનો રાજ્ય સરકારનો આદેશ હોવાથી તે મુજબ કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનો દાવો પાલિકાના ઉચ્ચ અધિકારીએ કર્યો હતો. આ દરમ્યાન ગુરુવારના સ્થાનિક રહેવાસીઓએ તરફથી કાઢેલા મોર્ચા બાદ પાલિકાના ઉચ્ચ અધિકારીએ કહ્યું હતું કે બાંધકામ તોડી પાડવાનો આદેશ રાજ્ય સરકારનો છે તે મુજબ કાર્યવાહી કરવામાં આવી રહી છે. જો સરકારી જમીન પર ઘર હશે અને ૧૯૬૨ પહેલાના દસ્તાવેજો તેમની પાસે હશે તો એવા ભૂમિપુત્રોને ચોક્કસ ન્યાય આપવામાં આવશે પણ જો બનાવટી દસ્તાવેજોના આધારે બાંધકામ કર્યું હોવાનું જણાઈ આવ્યું તો તેમને સમર્થન આપવામાં આવશે નહીં.

છઠ્ઠા પાનાનું ચાલુ

### દુર્ઘટનામાં

ઇન્ડિયાના વિમાનમાં ૨૩૨ મુસાફરો, બે પાઇલટ અને ૧૦ ક્રૂ મેમ્બર મુસાફરી કરી રહ્યા હતા. આમાંથી ૧૬૯ મુસાફરો ભારતીય નાગરિક હતા. જ્યારે ૫૩ બ્રિટિશ, ૧ કેનેડિયન અને ૭ પોર્ટુગીઝ નાગરિક હતા. ગુજરાત પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં તમામ ૨૪૨ મુસાફરોના મોત થયા છે. સરકારે હજુ સુધી સત્તાવાર મૃત્યુઆંક જાહેર કર્યો નથી.

### નાગપાડામાં

બ્રાન્ચના અધિકારીઓએ પણ સમાંતર તપાસ આદરી હતી. પોલીસ ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારોના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસી રહી હોઇ પોલીસે એક શકમંદને પૂછપરછ માટે તાબામાં લીધો હતો.

### સવારે પુત્રી

(ગુજરાત)ના મુખ્ય પ્રધાન હોસ્પિટલની મુલાકાત લેશે પછી જ તેમને પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે,' એમ કામદારે કહ્યું હતું.

તેમના જણાવ્યા મુજબ તેમની પુત્રીના સસરા યુકેમાં રહેતા હતા અને તેનું એક મહિના પહેલા અમદાવાદમાં અવસાન થયું હતું અને પરિવાર બાવીસમી જૂને ત્યાં યોજાનારી તેમની પ્રાર્થના સભામાં હાજરી આપવા જઈ રહ્યો હતો.

### મુંબઈ, થાણેમાં

બંગાળની ખાડી ઉપર રહેલું અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન હવે આંધ્ર પ્રદેશના ઉત્તર કિનારપટ્ટી અને પડોશમાં ઓડિસા પર છે, જે દરિયાની સપાટીની ઉપર ૫.૮ કિલોમીટર સુધી દક્ષિણ-પશ્ચિમ તરફ ફેલાયેલું છે. આ સર્ક્યુલેશનને કારણે છત્તીસગઢ, મરાઠવાડા, કર્ણાટક સુધી એક ટ્રફ સરેરાશ દરિયાઈ સપાટીથી ૩.૧ કિલોમીટરથી ૫.૮ કિલોમીટર સુધી ફેલાયેલો છે. તેની અસર હેઠળ ૧૨થી ૧૭ જૂન દરમ્યાન મહારાષ્ટ્રમાં વરસાદની પ્રવૃતિમાં વધારો થવાની શકયતા છે. આ સમયગાળા દરમ્યાન કોંકણ અને મધ્ય મહારાષ્ટ્રમાં અમુક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની શકયતા છે. ૧૨થી ૧૫ જૂન, ૨૦૨૫ દરમ્યાન કોંકણના અમુક સ્થળોએ ભારે વરસાદની શકયતા છે. આગામી પાંચ દિવસ માટે માછીમારોને પણ ચેતવણી આપવામાં આવી છે.

### અકસ્માતનું કારણ

ખેલ ખતમ થઈ ગયો હોવાનું મનાય છે. લગભગ ૧૧ વર્ષ જૂના આ પ્લેનની ફિટનેસ એકદમ સારી હતી અને એના બન્ને એન્જિન પણ એકદમ સારી રીતે કામ કરતાં હતા એમ આ સૂત્રોએ કહ્યું હતું. વિમાનના પાઈલટ સુમિત સબરવાલને પણ ૮૨૦૦ કલાકથી વધુ વિમાન ઉડાડવાનો અનુભવ હતો જ્યારે પાઈલટને ૧૧૦૦ કલાકનો ફ્લાઈંગનો અનુભવ હતો. વિમાનમાં ખરાબી સર્જાઈ ત્યારે પાઈલટે મે-ડેનો મેસેજ પણ એર ટ્રાફિક કન્ટ્રોલ (એટીસી)ને મોકલ્યો હતો. જોકે એટીસી કંઈ કરે એ પહેલા જ વિમાન તૂટી પડ્યું હતું. વિમાન તૂટ્યું ત્યારે એ માંડ ૬૨૦ ફૂટની ઉંચાઈ પર હતું અને એની સ્પિડ ૧૭૫ નોટ (પ્રતિ કલાકે ૩૨૫ કિલોમિટર)ની હતી.

સૂત્રોએ કહ્યું હતું કે ડ્રિમલાઈનર વિમાનના બન્ને એન્જિન એક સાથે ખરાબ થઈ જાય એવું બનવું લગભગ અશક્ય છે. અકસ્માતનું બીજું કારણ વિન્ડ-શિયર (Wind-Shear) હોઈ શકે છે. આ વિન્ડ શિયર સમજાવતાં સૂત્રોએ કહ્યું હતું કે હવાની દિશા અને ગતિમાં જો અચાનક ફેરફાર થાય એને વિન્ડ-શિયર કહેવાય છે. ટેક્ક-ઓફફ અને લેન્ડિંગ વખતે હવામાનમાં આ ફેરફાર ઘાતક પુરવાર થઈ શકે છે.

વિમાનના એન્જિનને મળતો પાવર ઘટી જાય અને વિમાનને ઉંચાઈ પર લઈ જવામાં પણ તકલીફ પડે છે. જો કે અમદાવાદ એરપોર્ટ પાસેના હવામાનને જોતા તપાસકર્તા વિન્ડ-શિયરની શક્યતા નહીંવત્ હોવાનું માને છે.

અમદાવાદથી ગેટવિક એરપોર્ટની આશરે નવ કલાકની સફર વિમાન ટેક્ક-ઓફ થયું એના એક મિનિટ ૪૦ સેકન્ડમાં પુરી થઈ ગઈ. આવું કેમ બન્યું એનું સાચું કારણ બ્લેક બોક્સમાં બંધ છે અને એની આવતા થોડા દિવસોમાં સત્તાવાર રીતે ખબર પડશે.

### ફડણવીસ, પવાર

અધ્યક્ષ શરદ પવાર, શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ પણ અકસ્માત અંગે આઘાત વ્યક્ત કરી અસરગ્રસ્તોને રાહત આપવાને પ્રાધાન્ય આપી તેમના ક્ષેમકુશળ માટે પ્રાર્થના કરી હતી. પૂર્વ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન અને એનસીપી નેતા પ્રફુલ પટેલ રાજયના નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે, અજિત પવારે પણ આઘાત વ્યક્ત કરી પોતે ગુજરાતની જનતા સાથે છે, એમ જણાવ્યું હતું. (પીટીઆઈ)

## હિન્દુ મરણ

પોરબંદર નિવાસી હાલ મુંબઇ સ્વ. ગલાલબેન ગોવિંદજી ગણાત્રાના સુપુત્ર. સ્વ. કાંતિલાલ ગણાત્રાના ધર્મપત્ની. મંજુલાબેન (કુસુમબેન) ગણાત્રા (ઉં.વ.૮૫) તા. ૧૦-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે પ્રભુદાસ ઠાકરસી રૂધાણીના દીકરી. ભરતભાઇ, સ્વ. મહેશભાઇ, હસમુખ, અ. સૌ. અનીલા હરેન્દ્રકુમાર તન્નાના માતુશ્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔ. સ. ઝા. સાડા ચારસો બ્રાહ્મણ**

મૂળગામ મોખડકા હાલ મુંબઇ સ્વ. હેમલતાબેન ત્રિવેદી (ઉં. વ. ૮૮) તા. ૧૦-૬-૨૫ના મંગળવારના કૈલાસવાસી થયેલ છે. સ્વ. દલપતરાય જગન્નાથ ત્રિવેદીના ધર્મપત્ની. પ્રકાશ-હિતેશના માતુશ્રી. ઉર્મિલા-સોનલના સાસુ. જીગર, કરણ, સાક્ષી, વંશના દાદી. ગં. સ્વ. રસિલાબેન, સોમેશ્વરભાઇ, સ્વ.લીલાબેન તથા રજનીકાંતભાઇના મોટાબેન. પ્રાર્થનાસભા તા. ૧૩-૬-૨૫ શુક્રવારના ૪થી ૭. ઠે. જોષી જાગીર હોલ, (શાંતિધામ) મુક્તિધામ હોલ, ચકાલા, સહાર રોડ, અંધેરી (ઇસ્ટ).

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ત્રાપજ (હાલ ભાવનગર) ગુણવંતરાય પ્રભાશંકર ભટ્ટના પત્ની દિવ્યાબેન ભટ્ટ (ઉં. વ. ૮૩) તા. ૧૦/૬/૨૫ના ભાવનગર ખાતે કૈલાસવાસી થયેલ છે. તે વિજય, કેતન અને અજય ભટ્ટના માતુશ્રી. અલકા વિજય ભટ્ટના સાસુ. ચંદ્રબેન હિંમતલાલ પંડ્યાના પુત્રી. સ્વ. રશ્મીકાંત, સ્વ. હિતેન્દ્ર, ભારતીબેન, રેખાબેન, મીનાબેન, કલ્પનાબેનના મોટા બેન. પ્રવીણચંદ્ર રતીલાલ જોશીના ભાભી. દેવેન્દ્ર, દિવ્યકાંત, પરેશ, અને ઉમેશના કાકી. તે સ્વ. હર્ષદરાય રતીલાલ દવેના ભાણેજ.

**દશા ગુર્જર વણિક જ્ઞાતિ સમાજ**

સ્વ. કાંતિલાલ મણિલાલ પરીખ અને હસમુખાબેન પરીખના સુપુત્ર ભદ્રેશભાઈ પરીખ (ઉં. વ. ૭૨) હાલ દહિસર, તા. ૯મી જૂન ૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સુનિતાના પતિ. વિરલના પિતા. રાજેશ અને યોગેશના મોટાભાઈ. તૃપ્તિ અને પ્રીતિના જેઠ. વિદ્યુત-લીના, અશોક-પરેશા, મમતાના બનેવી. પ્રાર્થનાસભા, રવિવાર તા. ૧૫મી જૂન, ૨૫ના ૫ થી ૭. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી (પશ્ચિમ).

**સમસ્ત દેસાઈ સઈ સુતાર**

દિનેશભાઈ છગનલાલ વાઘેલા (ઉં. વ. ૭૨) સોમવાર, તા. ૯-૬-૨૫ના શ્રીરામચરણ પામેલ છે. તે સ્વ. મિનળબેનના પતિ. સ્વ. બાબુભાઈ, સ્વ. શાંતીભાઈ, સ્વ. પ્રવિણચંદ્ર, ચંદ્રકાંતભાઈ, સ્વ. પુષ્પાબેન રમેશભાઈ માંડળીયાના ભાઈ. સ્વ. લલ્લુભાઈ ભગવાનભાઈ રાઠોડના જમાઈ. પાયલબેન નિલેશકુમાર શાહ, ખ્યાતિ પ્રતિનકુમાર જેઠવા, ગૌરવના પિતાશ્રી. મોનિકાના સસરા. ધ્રુવિતના દાદા પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૩-૦૬-૨૫ના ૪ થી ૬. શ્રી સ્વામીનારાયણ મંદિર, સેકટર-૧૦, શાંતીનગર, મીરારોડ ઈસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી સેવક બ્રાહ્મણ**

ગામ રવા કચ્છ હાલે નવી મુંબઈ, સ્વ. કિશોરભાઈ ગૌરીશંકર મૂળજી સેવક (બાપટ) (ઉં. વ. ૫૭) તા.૦૯ જૂન, ૨૦૨૫ના નવી મુંબઈ રામશરણ પામ્યા છે. તે ગં. સ્વ. ગૌરીબેન ગૌરીશંકર બાપટના પુત્ર. સ્વ. ચંદ્રિકાબેન વ્રજલાલ નારણજી આચાર્યના જમાઈ. કુસુમબેનના પતિ. પ્રિયંકા, ભાગ્યશ્રી અને પર્વના પિતાશ્રી. નિલેશભાઈ, સ્વ. સાવિત્રીબેન, મીનાબેન, લીલાવંતીબેન, ગં સ્વ. કસ્તુરબેન, પ્રભાબેન, ગં. સ્વ.જયોતિબેનના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૧૨/૬/૨૫ ગુરુવારના ૩.૩૦ થી ૫. દેવડિગા મીની એસી હોલ ૧, ઈ-૧/૨૬, સેક્ટર ૧૨ ગાંવદેવી મંદિર પાસે, ધર્મા સોસાયટી, સેક્ટર ૧૨, નેરુલ, પશ્ચિમ, નવી મુંબઈ.

**દશા મોઢ માંડલીયા વણિક**

સરસીયા નિવાસી હાલ મલાડ સ્વ. ઇન્દીરાબેન કાંતિલાલ ગઢીયાના સુપુત્ર અનીલ (ઉં. વ.૬૯) બુધવાર તા. ૧૧-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે વર્ષાના પતિ. ગં. સ્વ. હેમલતાબેન શાંતિલાલ શાહના જમાઇ. તે રશ્મિન, સ્વ. રાજેશ તથા ચારૂબેન હર્ષવદન મહેતાના ભાઇ. માનસી મલય પારેખ તથા સૌ. વૈશાલી વિશાલ જોષીના પિતાશ્રી. તે દિવ્યેશના બનેવી. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૪-૬-૨૫ના ૫થી ૭. ઠે. ફ્રેન્ડસ બેન્કવેટ, એચ. ટી. દેસાઇ કમ્પાઉન્ડ, જયવંત સાવંત રોડ, રૂસ્તમજી ઇન્ટરનેશનલ સ્કૂલની બાજુમાં, દહીસર (વેસ્ટ).

**કપોળ**

રાજુ લાવાળા જગજીવનદાસ હરજીવનદાસ સંઘવીનાં પુત્રવધૂ ગં. સ્વ. ગીતાબેન સુરેશચંદ્ર સંઘવી (ઉં. વ. ૮૩) કરુણાનાં માતા. રમણીકલાલ હીરાલાલ મહેતાના પુત્રી. બધવાર, તા. ૧૧-૬-૨૫ના ઉમરગામ મુકામે શ્રીજીચરણ પામેલ છે. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

જાફરાબાદ નિવાસી હાલ અંધેરી હરકીશનદાસ ઇન્દ્રજીત મહેતા (ઉં. વ. ૯૭) ગુરુવાર તા. ૧૨-૬-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. નીરૂપમાના પતિ. તે મધુકર, જયશ્રી, રાજુલ, ભાવના, ગીતા, તથા કેતનના પિતાશ્રી. કુમુદ, મેઘલ, કીરિટ, પરેશ, અનીલ, ધીરેનનાં સસરા. નલિની, સ્વ. પુષ્પા, વસંત, ભાસ્કર, અરુણાનાં મોટાભાઇ. ચિંતન, ભાવિન, ધૈરવનાં દાદા. સ્વ. નારણદાસ વાલજી પારેખનાં ભાણેજ. પ્રાર્થનાસભા શનિવાર તા. ૧૪-૬-૨૫ના ૫થી ૭. ઠે. અમૃતબાગ, બજાજ રોડ, વિલેપાર્લે, (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

ઝુબીન સોલી દુબાશ તે આયેશાના ધની. તે હોમાય તથા મરહુમ સોલી દુબાશના દીકરા. તે આન્યા ને અયેશા ના પપા. તે જોરનના સસરા. (ઉં. વ. ૬૫) રે. ઠે. ૪૦૦૧/૪૧૦૧, ટાવર પલેનત ગોદરેજ, ૩૦ કે. કે. માર્ગ, જેકબ, સાત રસ્તા, મહાલક્ષ્મી, (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૩-૬-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છે જી.

હોમી રૂસ્તમજી પટેલ (ઉં. વ. ૯૩) તા. ૧૦-૬-૨૫એ ગુજરી ગયા છે. તે મરહુમ નીના હોમી પટેલના હસબન્ડ. મરહુમ રૂસ્તમજી અને મરહુમ શિરીનબાઇના દીકરા. પરીઝાદ, વેલેરીના ફાધર. આદિલ, ઝરીરના ગ્રેન્ડ ફાધર.

**સિકંદરાબાદ**

કેકી આર. કારાઇ (ઉં. વ. ૭૬), તા બીજી જૂને ગુજરી ગયા હતા. તે જમશેદ કે. કારાઇના દીકરા.

## જૈન મરણ

ધોરાજી નિવાસી સ્વ. વસંતબેન ભોગીલાલ ભણશાલીના સુપુત્ર રાજેશભાઇ (ઉં. વ. ૭૭) હાલ મરીન ડ્રાઇવ, મુંબઇ છાયાબેન ભણશાલીના પતિ. સૌમિલ-શ્વેતાના પિતાશ્રી. સિયાના દાદા. વૈશાખીબેન બિપીનભાઇ શાહના ભાઇ. સ્વ. શારદાબેન નરેશભાઇના શેઠના જમાઇ ગુરૂવાર, તા. ૧૨-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે.

**પ્રભાસ પાટણ વિસા ઓસવાલ જૈન**

પ્રભાસ પાટણ નિવાસી હાલ મુંબઈ, ગં.સ્વ. રેખા શાહ (ઉં. વ. ૬૭) સ્વ. લીલાવંતીબેન વર્ધમાન વસનજી શાહના પુત્રવધૂ. તે સ્વ. ભૂપેન્દ્રભાઈ શાહના ધર્મપત્ની તા. ૧૦/૦૬/૨૫ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. વિશાલના માતુશ્રી. ઊર્મિના સાસુ. વિમલા, જ્યોતિ, કલ્પના, શૈલેષ તથા પિયુષના ભાભી. પિયરપક્ષે (વેરાવળ વાળા) સ્વ. મંજુલાબેન પ્રવિણચંદ્ર શાહની પુત્રી. ભાવયાત્રા ૧૩/૬/૨૦૨૫ શુક્રવારે ૪ થી ૬. ભારતીય વિદ્યા ભવન ૨૯, કેએમ મુન્શી આરડી માર્ગ, ગામદેવી, મુંબઈ.

**વેરાવળ વિશા ઓશવાળ જૈન**

ઉષાબેન વિજયભાઈ મણિલાલ પિતામ્બર (ઉં.વ.૭૦) તા.૧૦/૬/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. અમિત અને કુનાલની માતા. સુશીલાબેનના નાના પુત્રવધૂ. ઉપાસનાના સાસુ. જયશ્રીબેન પ્રદીપ શાહની દેરાણી. પ્રદીપભાઈ તથા કુમુદબેનની ભાભી. પીયર તરફે સ્વ. કાંતિલાલ દલીચંદની દિકરી. લૌકિક વ્યવહાર બંધ છે. એ-૫૦૨, સ્વાશ્રય સોસાયટી, જુહુ ક્રોસ લેન, ઉપસરા લેન, શ્રીરામ નગર, અંધેરી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

વડાલાના નિર્મળાબેન નાનજી ગડા (ઉં. વ. ૭૭) તા. ૧૦-૬-૨૫ના અવસાન પામ્યા છે. રતનબેન ગાંગજી પુંજાભાઈના પુત્રવધૂ. નાનજી ગાંગજીના ધર્મપત્ની. રવિશ, રેશ્માના માતુશ્રી. ભુજપુરના અમૃતબેન લખમશી લાલજી ભેદાના સુપુત્રી. હસમુખ, રાજેશ, સં.પ. સુલસાબાઈ મ.સ.ના બેન. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. રવિશ ગડા, કનક કુંજ, બ્લોક-૩, શીવરી વડાલા ક્રોસ રોડ નં.૧, માટુંગા, મું-૧૯.

લુણી હાલે સાંગલીના અ.સૌ. પુષ્પાબેન મણીલાલ માલદે (ઉં. વ. ૬૭) તા. ૧૦-૦૬-૨૫નાં અરિહંત શરણ પામેલ છે. જવેરબેન રામજી પાસુના પુત્રવધૂ. મણીલાલના જીવનસંગીની. મનીષા (ધન્વી), ભાવના, નયનના માતા. ગુંદાલાના ચંચળબેન બાબુભાઇના સુપુત્રી. સુધીર, ચંદ્રકાંત, હર્ષા, ભરત, ઉમેશના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : મણીલાલ માલદે, મહાવીર કૃપા, વિશ્રામબાગ, સાંગલી. પીન-૪૧૬૪૧૫.

કપાયાના અ.સૌ. મંજુલાબેન મણીલાલ ઉમરશી કેનીયા (ઉં. વ. ૭૫) તા. ૧૧-૬-૨૫ના અવસાન પામ્યા છે. ઉમરબાઈ ઉમરશી મોનજીના પુત્રવધૂ. મણીલાલ ઉમરશી કેનીયાના ધર્મપત્ની. નિમેશ, ચેતના, ફાલ્ગુનીના માતુશ્રી. ભુજપુરના ગંગાબાઈ દામજી લાલજી દુધવાલાના સુપુત્રી. નવિન, પંકજ, સરિતા જયંત, શિલ્પા (અરૂણા) શામજી વોરા, બારોઈના વર્ષા (પુષ્પા) વસંતલાલ ભારતી જયંતના બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિવાસ : મણીલાલ ઉમરશી કેનીયા, ટાવર-એ/૪૦૦૪, ઈટર્નિયા ઓબેરાય, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ).

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

શ્રી ટીકર રણ હાલ માટુંગા ઇન્દ્રકુમાર કીરચંદ મહેતાના સુપુત્ર હિતેશભાઇ (ઉં.વ. ૫૫) તે વર્ષાબેનના પતિ. અ. સૌ. મોનીકા હર્ષ ગાંધી, અ. સૌ. સોનાલી યશ શાહના પિતાશ્રી. રાહુલભાઇના લઘુબંધુ. અ. સૌ. જાગૃતિના દિયર. નવીનભાઇ માણેકલાલ પંચાલના જમાઇ. તા. ૧૦-૬-૨૫ મંગળવારના અરિહંતશરણ પામ્યા છે. ઠે. ૧૩૧-૫૦૧, વર્ષાટાઇલ હાઇટ્સ સ્કીમ નં-૬, રોડ નં.૪, માટુંગા (સે. રે.) પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

કોલકી નિવાસી હાલ ઘાટકોપર જિતેન્દ્ર શાહ (ઉં. વ. ૭૦) તે સ્વ. શિવકુંવરબેન ત્રિભુવનદાસ પાનાચંદ શાહના પુત્ર. ઉષાબેનના પતિ. સ્વ. ભોગીભાઇ, સ્વ. રમણીકભાઇ, સ્વ. તારાબેન કુંદનલાલ મહેતા, સ્વ. હસમુખભાઇ, ધીરુભાઇના ભાઇ. નિશિતા બિનેશ મહેતા અને પાર્થના પિતા. ઐઝલના નાના. સાસરા પક્ષ મહુવા નિવાસી હાલ ભાયંદર સ્વ. કાંતાબેન ઉત્તમચંદ દોશીના જમાઇ. તા. ૧૨-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા શ્રીમાળી જૈન**

સાણંદ નિવાસી હાલ મુંબઇ રમેશ વાડીલાલ મહેતા (ઉં. વ. ૮૬) તે સ્વ. ભાનુબેનના પતિ. કેતન, મીનળ, ધવલના પિતાશ્રી. તા. ૧૧-૬-૨૫ના અરિહંતશરણ પામેલ છે. શેત્રુંજય ભાવયાત્રા તા. ૧૫-૬-૨૫ના રવિવારે ૧૦થી ૧૨. ઠે. પ્રેસ્ટિજ હૉટેલ, અંધેરી (પૂર્વ) સ્ટેશનની સામે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ આધોઇના સ્વ. ભમીબેન ચાંપશી કાંઇયા ગાલા (ઉં. વ. ૮૮) મુંબઇ સોમવાર, તા. ૯-૬-૨૫ના અવસાન પામ્યા છે. સ્વ. વિસાબેન કાંઇયાના પુત્રવધૂ. ચાંપશીના ધર્મપત્ની. અમૃતલાલ, જવેર, નેમચંદ, રમેશના માતુશ્રી. કાન્તા, અમિતા, મંજુ, પ્રવિણના સાસુ. નિકીલ, દિપ, પાર્થ, મિકિતા, પિનલ, પૂજા, કેયુરી, જીનલના દાદી. સ્વ. નાથીબેન સાંગણભાઇ કારીઆના દીકરી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ડી-૬૦૪, ન્યુ સાઇ મંદિર, એસ. વી. રોડ, રવિન્દ્ર હૉટેલ પાસે, દહીસર (પૂર્વ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# અમદાવાદ પ્લેન ક્રેશની ઘટનાથી બોલિવૂડમાં શોક, અક્ષય કુમારથી લઈને આલિયા ભટ્ટે વ્યક્ત કર્યું દુઃખ

નવી દિલ્હી : અભિનેતા અક્ષય કુમાર, સની દેઓલ અને રિતેશ દેશમુખે ગુરુવારે અમદાવાદ એરપોર્ટ નજીક એર ઇન્ડિયાના વિમાન ક્રેશ થયાની દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો અને તેમાં સવાર તમામ મુસાફરોની સલામતી માટે પ્રાર્થના કરી હતી. અમદાવાદથી લંડન જઈ રહેલી એર ઇન્ડિયાની ફલાઇટ એઆઇ ૧૭૧ ટેકઓફ થયા પછી તરત જ ક્રેશ થઈ ગઈ હતી. વિમાનમાં ૨૪૨ મુસાફરો સવાર હતા.

અક્ષયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર લખ્યું હતું કે, ‘‘એર ઇન્ડિયાની દુર્ઘટનાથી હું સ્તબ્ધ છું અને આઘાતમાં છું. અસરગ્રસ્તો માટે પ્રાર્થના કરું છું.’’ સની દેઓલે કહ્યું હતું કે અમદાવાદમાં વિમાન દુર્ઘટનાના સમાચારથી મને આઘાત લાગ્યો છે.

તેણે લખ્યું હતું કે , ‘‘હું બચી ગયેલા લોકો માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરું છું. તેમને શોધી કાઢવામાં આવે અને જરૂરી સંભાળ આપવામાં આવે. જેમણે પોતાનો જીવ ગુમાવ્યો છે તેમના આત્માને શાંતિ મળે અને તેમના પરિવારોને આ નુકસાન સહન કરવાની શક્તિ મળે.’’ રિતેશે કહ્યું હતું કે વિમાન દુર્ઘટના વિશે સાંભળીને તે ખૂબ જ દુઃખી થયો.

તેમણે કહ્યું હતું કે, ‘‘મારી સંવેદના બધા મુસાફરો, તેમના પરિવારો અને અસરગ્રસ્ત બધા લોકો સાથે છે. આ અવિશ્વસનીય મુશ્કેલ સમયમાં હું તેમના બધા માટે પ્રાર્થના કરી રહ્યો છું.’’ અભિનેત્રી પરિણીતી ચોપરાએ એક પોસ્ટમાં લખ્યું હતું કે, ‘‘આજે એર ઇન્ડિયાનું વિમાન ક્રેશ થયું. અસરગ્રસ્તોના પરિવારોના દુઃખની કલ્પના પણ કરી શકાતી નથી. આ મુશ્કેલ સમયમાં ભગવાન તેમને શક્તિ આપે તેવી પ્રાર્થના. આ ઉપરાંત અભિનેતા રણદીપ હુડા, સોનુ સૂદ અને અભિનેત્રી કંગના રનૌતે પણ આ ઘટના



પર શોક વ્યક્ત કર્યો હતો. ગુરુવારે ઇન્ડિયન સુપરક્રોસ રેસિંગ લીગનો એક કાર્યક્રમ સલમાન ખાને રદ કર્યો હતો.

અભિનેતા અલ્લુ અર્જુને કહ્યું કે તે આ દુઃખદ દુર્ઘટનાથી ખૂબ જ દુઃખી છે. પીડિતોના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના. તેમના આત્માને શાંતિ મળે. ખરેખર હૃદયદ્રાવક. આલિયાએ તેની ઇન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર પોસ્ટ કરી હતી અને લખ્યું હતું કે, ‘‘આ વિનાશક છે! મારું હૃદય બધા મુસાફરો અને ક્રૂ માટે દુઃખી છે, બોર્ડમાં રહેલા દરેક વ્યક્તિ અને તેમના પ્રિયજનો માટે પ્રાર્થનાઓ.’’ અભિનેત્રી કરીના કપૂર ખાને કહ્યું કે તે વિમાન દુર્ઘટનાના સમાચારથી દુઃખી છે. ‘‘બધા મુસાફરો, ક્રૂ અને તેમના પરિવારો માટે પ્રાર્થના. આનાથી જે દુઃખ થાય છે તેના માટે કોઈ શબ્દો નથી.’’ મનોજ બાજપેઇએ કહ્યું હતું કે અમદાવાદમાં વિમાન દુર્ઘટના વિશે સાંભળીને હૃદયદ્રાવક છું. જીવ બચાવવા અને ઘાયલો સાજા થાય તે માટે ચમત્કારો માટે પ્રાર્થના કરું છું. જેમણે પોતાનો જીવ ગુમાવ્યો છે તેઓ શાંતિમાં રહે અને તેમના પ્રિયજનોને આ અંધકારમય સમયમાં શક્તિ મળે. વિકીએ વિમાન દુર્ઘટનાના સમાચારને ‘‘વિનાશક’’ પણ ગણાવ્યા હતા. લગભગ ૨૪૨ મુસાફરો સવાર હતા તે વાંચીને મારું હૃદય ધ્રુજી ઉઠ્યું. દરેકની સલામતી અને સ્વસ્થતા માટે પ્રાર્થના કરું છું.

કરણ જોહરે લખ્યું, ‘‘એર ઇન્ડિયા ફ્લાઇટના દુર્ભાગ્યપૂર્ણ સમાચાર.... જીવ ગુમાવનારા અને ઘાયલ થયેલા લોકોની માહિતી હજુ પણ આવી રહી છે... હું બધા મુસાફરો માટે પ્રાર્થના કરું છું..’’ ■

# જમ્મુના છ જિલ્લાઓમાં ભીષણ ગરમીનો પ્રકોપ યથાવત્

જમ્મુઃ જમ્મુ ક્ષેત્રના છ જિલ્લાઓ ભીષણ ગરમીનો સામનો કરી રહ્યા છે. તેમજ ઘણી જગ્યાએ તાપમાન સરેરાશ કરતાં વધારે નોંધાયું છે. આ માહિતી અધિકારીઓએ આપી હતી.

બુધવારે સાંબા અને જમ્મુ શહેરમાં તાપમાન ક્રમશઃ ૪૬.૩ અને ૪૪.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જે મોસમના સરેરાશ કરતાં ૫.૭ ડિગ્રી વધારે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઓછામાં ઓછા છ જિલ્લાઓ- સાંબા, જમ્મુ, કઠુઆ, રામબન, ઉધમપુર અને રિયાસીમાં ભીષણ ગરમી પડી રહી છે. જ્યાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી ઉપર નોંધાયું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર માતા વૈષ્ણો દેવી મંદિરના બેઝ કેમ્પ કટરામાં તાપમાન ૪૦.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે રામબનમાં ૪૩.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જમ્મુ-કાશ્મીરનું પ્રવેશદ્વાર ગણાતા કઠુઆમાં તાપમાન ૪૩.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

ઉધમપુરમાં તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે પૂંચમાં ૪૦ ડિગ્રી સેલ્સિયસ અને રિયાસીમાં ૪૧.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. કાળઝાળ ગરમીને ધ્યાને લઇને જમ્મુ મ્યુનિસિપલ કોર્પેરશન(જેએમસી)એ ભીષણ ગરમીનો સામનો કરવા માટે પાણીના સ્પ્રે અને ટેન્કર તહેનાત કર્યા છે. આ પહેલનો ઉદ્દેશ્ય રસ્તાઓ પર લોકોને થોડી રાહત આપવા અને ગરમીની અસર ઘટાડવાનો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. ■

# અમદાવાદમાં વિમાન તૂટવાની ઘટના : મેડિકલ કૉલેજના પરિસરમાં કાટમાળ પડ્યો, બળેલા મૃતદેહો દેખાયા

અમદાવાદ : એર ઈન્ડિયાના બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર વિમાન (એઆઈ૧૭૧) ગુરુવારે બપોરે અમદાવાદ હવાઈમથકેથી ઊડ્યા બાદ તૂટી પડ્યું હતું અને બીજે મેડિકલ કૉલેજના પ્રાંગણમાં રહેલી હોસ્ટેલ અને ડૉક્ટરના રહેવાના ક્વાર્ટર્સ આગળ તેનો કાટમાળ પડ્યો હતો. ગુજરાતના ઈતિહાસમાં વિમાન તૂટવાની આ સૌથી ભયાનક દુર્ઘટના બાદ વાયરલ થયેલા વીડિયોમાં કાટમાળમાં બળેલા મૃતદેહો પણ દેખાય છે.

અમદાવાદથી લંડન જતા વિમાનમાં ૨૪૨ ઉતારુ હતા. સરદાર વલ્લભભાઈ પટેલ હવાઈમથકેથી ઊડ્યા બાદ તરત જ વિમાન તૂટી પડ્યું હતું. વિમાન તૂટવાની જગ્યા ભારે ભીડવાળી છે.

વિમાન તૂટ્યું છે એ જગ્યાની ઘેરાબંદી કરવામાં આવી છે અને જીવતા હોય એને બચાવવાનું અને મૃતદેહો બહાર કાઢવાનું ઑપરેશન ચાલુ છે.

વિમાન બપોરે ૧-૩૮ કલાકે ઊપડ્યું હતું અને બીજે મેડિકલ કૉલેજ એન્ડ સિવિલ હૉસ્પિટલની હોસ્ટેલ અને ડૉક્ટર તથા સ્ટાફના રહેવાના ક્વાટર્સ પર તૂટી પડ્યું હતું. પાંચ માળના મકાનમાં અટવાયેલા વિમાનના ભાગને કાઢવામાં આવ્યો હતો.

બનાવ નજરે જોનાર હરેશ શાહે કહ્યું હતું કે વિમાન અતિશય નીચે ઊડી રહ્યું હતું. તે મકાન જોડે અથડાયું ત્યારે ધડાકા જેવો અવાજ આવ્યો હતો. વિમાન અને મકાનમાં આગ લાગી હતી.

સ્થાનિક રહેવાસીઓ ઘટનાસ્થળે પહેલાં પહોચ્યા હતા અને તેમણે ઉતારુ અને મકાનમાં રહેલા લોકોને બચાવવાના પ્રયાસ કર્યા હતા. રહેવાસીઓએ લીધેલા વીડિયો ફૂટેજમાં કાટમાળ મધ્યે બળેલા મૃતદેહો દેખાય છે.

બીજા સાક્ષીએ કહ્યું હતું કે વિમાન હોસ્ટેલના ડાઈનિંગ હૉલમાં તૂટી પડ્યું હતું અને ત્યારે હૉલમાં ઘણા લોકો હાજર હતા. આમાંના અનેક લોકને ઈજા થઈ હતી અને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

અમદાવાદના પોલીસ કમિશનર જી. એસ. મલિકે કહ્યું હતું કે બચાવ કામગીરી હજી ચાલુ છે.

બચાવ કામગીરી લશ્કર, બોર્ડ સિકેયોરિટી ફોર્સ, સ્થનિક પોલીસ અને સ્ટેટ રીઝર્વ પોલીસ ફોર્સ કરી રહ્યું છે. કૉલેજમાં પાર્ક કરાયેલા અનેક કાર અને વાહનોમાં આગ લાગી હતી. (એજન્સી) ■

# ઓરેગનના જંગલમાં આગને લીધે અનેક ઘરો ખાલી કરાવાયાં

ધ ડેલ્સ (ઓરેગોન): ઓરેગનના વનમાં આગ લાગતા અધિકારીઓને આતરરાજ્ય માર્ગના ૩૨ કિલોમીટરના પટ્ટાને બંધ કરવાની ફરજ પડી હતી. કોલંબિયાની નદી ગોર્જમાં ધુમાડાને લીધે દૃષ્ટિગોચરતા ઝાંખી થઈ જતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. ફાયર ડિપાર્ટમેન્ટ આગને બુઝાવાનો પ્રયાસ કરી રહ્યો છે.

ઓરેગનના પરિવહન વિભાગે કહ્યું હતું કે હૂડ નદી અને ધ ડેલ્સ વચ્ચે ઈન્ટરસ્ટેટ ૮૪ માર્ગને બંધ કરવામાં આવ્યો છે. પોર્ટલૅન્ડથી ૮૦ કિલોમીટર પૂર્વે આવેલી હૂડ નદી એ સહેલાણીનું માનીતું સ્થળ છે. હૂડમાં આઠ હજાર અને પૂર્વના ડેલ્સમાં ૧૫,૦૦૦થી વધારે લોકો રહે છે.

વિભાગે બહાર પાડેલી તસવીરોમાં વનમાં અને હાઈવેના મધ્યમાં લાગેલી આગની જ્વાળા જોઈ શકાય છે. પવનને લીધે બધે ધુમાડો ફેલાઈ રહ્યો છે. તસવીરમાં હેલિકૉપ્ટરમાંથી પાણીનો છંટકાવ થતો અને વિમાનમાંથી આગને રોકે એવા પદાર્થ નીચે ફેંકવામાં આવતો હોવાનું જોઈ શકાયછે. વિભાગના પ્રવકતા ડેવિડ હાઉસે ઈ-મેલમાં કહ્યું હતું કે આંતરરાજ્ય માર્ગ અનિશ્ચિત કાળ સુધી બંધ રહેશે. આના બે કારણ છે. એક તો વનમાં આગ લાગી છે અને બીજું ધુમાડાને લીધે વાહન હાંકવુ જોખમી બની ગયું છે.

ડેલ્સના વાયવ્યમાં વિસ્તારો ખાલી કરાવામાં આવી રહ્યા છે. આમાં આઈ-૮૪ અને બીજા અંતરિયાળ વિસ્તારોનો સમાવેશ થાય છે, એવી માહિતી વાસ્કો કાઉન્ટી શેરીફની ઑફિસે આપી હતી.

ડેલ્સમાં બે હંગામી આશ્રયસ્થાનો ખોલવામાં આવ્યા છે. આમાંનું એક મિડલ સ્કૂલમાં ખોલવામાં આવ્યું છે. વૉશિંગ્ટન સ્ટેટના પરિવહન વિભાગે માહિતી આપી હતી કે દાવાનળને લીધે સ્ટેટ રૂટ ૧૪નો ૧૩ કિલોમીટરનો પટ્ટો બંધ કરવામાં આવ્યો છે. આ પટ્ટો કોલંબિયા નદી આગળ છે. વહીવટીતંત્રે આ વિસ્તારમાં મુસાફરી કરવા માગતા લોકોને વૈકલ્પિક રૂટથી જવાની સલાહ આપી હતી. (એજન્સી) ■

# કેરળમાં ભારે વરસાદની આશંકા

## ૧૪-૧૬ જૂન વચ્ચે અનેક જિલ્લાઓમાં રેડ એલર્ટ

તિરુવનંતપુરમઃ કેરળમાં સપ્તાહના અંતે ભારે વરસાદ પડવાની સંભાવના છે અને ભારતીય હવામાન વિભાગે ગુરુવારે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ૧૪ જૂનથી ત્રણ દિવસ માટે ‘રેડ એલર્ટ’ જાહેર કર્યું છે. હવામાન વિભાગે ૧૪ જૂને બે જિલ્લા - કન્નુર અને કાસરગોડ, ૧૫ જૂને પાંચ જિલ્લા અને ૧૬ જૂને ત્રણ જિલ્લાઓમાં ‘રેડ એલર્ટ’ જાહેર કર્યું છે. આ ઉપરાંત, ગુરુવારે બે જિલ્લાઓ, શુક્રવારે ચાર જિલ્લાઓ, શનિવારે સાત જિલ્લાઓ, રવિવારે નવ જિલ્લાઓ અને સોમવારે આઠ જિલ્લાઓમાં ‘ઓરેન્જ એલર્ટ’ જાહેર કરવામાં આવ્યું હતું.

હવામાન વિભાગે માછીમારોને ૧૨ થી ૧૬ જૂન દરમિયાન કેરળ-કર્ણાટક-લક્ષદ્વીપ કિનારા પર ભારે પવન અને ખરાબ હવામાનને કારણે કોઈપણ પ્રકારની ગતિવિધિઓ ન કરવા ચેતવણી આપી છે. ૨૪ મેના રોજ કેરળમાં ચોમાસું ત્રાટક્યું હતું અને ભારે વરસાદ અને ભારે પવનને કારણે રાજ્યભરમાં જાહેર અને ખાનગી સંપત્તિને વ્યાપક નુકસાન થયું હતું, રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, વૃક્ષો અને વીજળીના થાંભલા ઊખડી ગયા હતા.

ચોમાસાની શરૂઆત પછી રાજ્યના વિવિધ ભાગોમાં ૩૧ મે સુધી મુશળધાર વરસાદ પડ્યો હતો અને ત્યારબાદ તેમાં ઘટાડો થયો હતો. હવામાન વિભાગ અનુસાર, આગામી દિવસોમાં વધુ વરસાદની અપેક્ષા છે. ■

# હેલિકૉપ્ટર સેવામાં મુસાફરોની સુરક્ષામાં બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં: ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન

દેહરાદૂનઃ ચાર ધામ યાત્રાના રૂટ પર હેલિકૉપ્ટર સાથે ઇમરજન્સી લેન્ડિંગ અને અકસ્માતોમાં વધારો થતાં ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ હેલિકૉપ્ટર સેવા સંચાલકોને જણાવ્યું હતું કે સલામતીનાં ધોરણો સાથે સમાધાન સહન કરી શકાય નહીં. છેલ્લા એક મહિનામાં ચાર ધામ યાત્રાના માર્ગ પર હેલિકૉપ્ટરનું ઇમરજન્સી લેન્ડિંગ અથવા અકસ્માતોની ચાર ઘટનાઓ બની છે. એક અકસ્માતમાં છ લોકોએ જીવ ગુમાવ્યા છે.

પોતાના સત્તાવાર નિવાસસ્થાન પર ઉત્તરાખંડ નાગરિક ઉડ્ડયન વિકાસ સત્તામંડળ (યુસીએડીએ), હેલિકૉપ્ટર સેવા પ્રદાતાઓ અને અન્ય હિસ્સેદારો સાથેની બેઠકમાં તેમણે કહ્યું હતું કે ‘‘સુરક્ષાનાં ધોરણોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ નહીં કે મહત્તમ સંખ્યામાં મુસાફરોને હેલિકૉપ્ટર સેવાઓનો લાભ આપવો. મુસાફરોની સલામતી એ આપણી સૌથી મોટી જવાબદારી છે. તેમણે ભૂતકાળમાં થયેલા હેલિકૉપ્ટર અકસ્માતોનું ઓડિટ કરવાનો પણ આદેશ આપ્યો હતો જેથી તેમનું પુનરાવર્તન ન થાય અને ચાર ધામ ખીણોમાં હવામાનની દેખરેખ માટે કેમેરા લગાવવાનું ફરજિયાત બનાવ્યું હતું.

ધામીએ યુસીએડીએને ભવિષ્યમાં ફક્ત ડબલ-એન્જિન હેલિકૉપ્ટરનો ઉપયોગ ફરજિયાત કરતી એક મજબૂત નીતિ બનાવવાનો પણ નિર્દેશ આપ્યો હતો. હેલિકૉપ્ટરની ફિટનેસ નિયમિતપણે તપાસવી જોઈએ અને હેલિકૉપ્ટર ટિકિટ બુકિંગ માટે એસઓપી જાહેર કરવી જોઈએ. ધામીએ જણાવ્યું હતું કે, હિમાલયના ઊંચાઇવાળા પ્રદેશોમાં ઊડતા હેલિકૉપ્ટર એન્જિન માટે નિર્ધારિત સલામતી ધોરણોનું કડક પાલન કરવું જોઈએ.

ધામીએ જણાવ્યું હતું કે, હવામાનમાં ઝડપથી ફેરફાર થવાથી હેલિકૉપ્ટર સેવાઓમાં આવતા અવરોધોને ધ્યાનમાં રાખીને સચોટ હવામાન માહિતી અને સલામતી માટે કેદાર ખીણ અને અન્ય તમામ ખીણોમાં હવામાન કેમેરા સ્થાપિત કરવા જોઈએ. મુખ્યમંત્રીએ યુસીએડીએ અને સંબંધિત હિસ્સેદારોને વૈષ્ણોદેવીમાં સંચાલિત હેલિકૉપ્ટર સેવા મૉડેલનો અભ્યાસ કરવા પણ નિર્દેશ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ઉત્તરાખંડમાં ફક્ત અનુભવી પાયલટ્સને જ હેલિકૉપ્ટર ઉડાવવાની મંજૂરી આપવી જોઇએ.

ધામીએ યુસીએડીએને આગામી ૧૦ વર્ષોમાં રાજ્ય માટે હેલિકૉપ્ટર સેવાઓ સુધારવા માટે એક કાર્ય યોજના તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો કારણ કે પ્રવાસી રાજ્યમાં તેની માંગ વધવાની છે, જે મુશ્કેલ ભૌગોલિક ભૂપ્રદેશમાં સ્થિત તેના ધાર્મિક સ્થળો માટે દેશભરના અને વિદેશથી શ્રદ્ધાળુઓ આવે છે. ૭ જૂનના રોજ કેદારનાથ જઈ રહેલા એક હેલિકૉપ્ટરમાં ટેકઓફ કર્યા પછી થોડીવારમાં ટેકનિકલ ખામી સર્જાતા શનિવારે રુદ્રપ્રયાગ જિલ્લામાં હાઇવે પર ઇમરજન્સીમાં ઉતરાણ કરવામાં આવ્યું હતું. જોકે, તેમાં સવાર તમામ યાત્રાળુઓ અને પાઇલટ સુરક્ષિત રહ્યા હતા. ■

# ભારત-ફ્રાન્સ સંયુક્ત લશ્કરી અભ્યાસ ૧૮ જૂનથી ૧ જુલાઇ સુધી યોજાશે

નવી દિલ્હીઃ ભારત અને ફ્રાન્સની સેનાઓ વચ્ચે ૧૮ જૂનથી ૧ જુલાઇ સુધી સંયુક્ત લશ્કરી અભ્યાસનું આયોજન કરવામાં આવશે. જેનો ઉદ્દેશ્ય મલ્ટી-ડોમેન કામગીરી કરવા માટે બંને પક્ષોની સંયુક્ત લશ્કરી ક્ષમતાને વધારવાનો છે. આ જાણકારી ભારતીય સેનાએ ગુરૂવારે આપી હતી.

ફ્રાન્સના લા કેવેલરીમાં અભ્યાસ શક્તિ ૨૦૨૫ યોજાશે. ભારતીય સેનાએ એક્સ પર જણાવ્યું કે ભારત અને ફ્રાન્સ વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત શક્તિની ૮મી આવૃત્તિનું ૧૮ જૂનથી ૧ જુલાઇ ૨૦૨૫ દરમિયાન ફ્રાન્સના લા કેવેલરીમાં આયોજન કરવામાં આવશે.

એક્સ પર જણાવ્યા મુજબ આ કવાયતનો ઉદ્દેશ્ય ઉપ-પરંપરાગત રૂપરેખામાં મલ્ટી-ડોમેન કામગીરી હાથ ધરવા માટે બંને પક્ષોની સંયુક્ત લશ્કરી ક્ષમતાઓને વધારવાનો છે. અધિકારીઓએ જણાવ્યું કે આ સંયુક્ત અભ્યાસ બંને દેશોની સેનાઓ વચ્ચે આંતર-કાર્યક્ષમતા, મિત્રતા અને સંવાદિતા વિકસાવવામાં મદદ કરશે. ■

# ઓડિશામાં મામૂલી મુદ્દે હિંસાઃ એકનું મોત, ઇન્ટરનેટ સેવા બંધ કરાઇ

ભુવનેશ્વર / ભદ્રકઃ ઓડિશાના ભદ્રક જિલ્લામાં ઢોરોની દાણચોરીને મુદ્દે થયેલી અથડામણમાં એક વ્યક્તિનું મોત થતાં હિંસા વધુ ભડકી હતી અને જિલ્લાના અનેક વિસ્તારમાં અફવા ફેલાતી રોકવા માટે ઇન્ટરનેટ સેવા બંધ કરી દેવાઇ હતી.

ભદ્રકના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ મનોજ રોઉતે જણાવ્યું હતું કે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ગુરુવારે સવારે છ વાગ્યાથી ૨૪ કલાક માટે ઇન્ટરનેટ સેવા બંધ કરવાનો નિર્ણય લેવાયો હતો.

ભદ્રકના સંવેદનશીલ વિસ્તારોમાં વધારાના પોલીસ ગોઠવવામાં આવ્યા હતા.

મુખ્ય પ્રધાન મોહનચરણ માંઝીએ આ ઘટનામાં મરનારી વ્યક્તિના નજીકના સગાંને રૂપિયા દસ લાખ અને પરિવારની એક વ્યક્તિને નોકરી આપવાની જાહેરાત કરી હતી.

મરનારી વ્યક્તિનું નામ સંતોષ પરિદા (ઉંમર વર્ષ ૪૫) છે અને તે કસાતી ગામનો રહેવાસી હતો.

ભુવનેશ્વરની ખાનગી હૉસ્પિટલમાં સારવાર લેતી વખતે તેનું મૃત્યુ થયું હતું.

સંતોષ પરિદા ઢોરોની દાણચોરીનો વિરોધ કરતો હોવાથી તેના હરીફ લોકોએ તેના પર હુમલો કર્યો હતો. તેના પરિવારના સભ્યોએ પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) નોંધાવ્યો હતો. (એજન્સી) ■

# આવો છે ભારતનો પ્લેન ક્રેશ દુર્ઘટનાનો કાળો ઈતિહાસ...

અમદાવાદ ખાતે થયેલા ગોઝારા પ્લેન ક્રેશની દુર્ઘટનાથી માત્ર ગુજરાત જ નહીં પણ આખો દેશ હચમચી ઊઠ્યો છે. એર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર એરક્રાફ્ટ ટેકઓફ બાદ બે જ મિનિટમાં મેઘાણીનગર વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું હતું. આ ફ્લાઈટ અમદાવાદથી લંડન જઈ રહ્યું હતું. ૧૨ ક્રુ મેમ્બર સહિત કુલ ૨૪૨ પ્રવાસીઓ આ એરક્રાફ્ટમાં સવાર હતા.

આ દુર્ઘટનામાં કેટલા લોકોનાં મૃત્યુ થયાં છે એની ઓફિશિયલી કોઈ જ માહિતી સામે આવી નથી, પરંતુ આ પ્લેનક્રેશમાં અનેક લોકોના મૃત્યુની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. અમદાવાદની આ દુર્ઘટના બાદ ભારતમાં વિમાનની સુરક્ષા પર સવાલો ઉપસ્થિત થયા છે.

નિષ્ણાતોની વાત પર વિશ્વાસ કરીએ તો ટેકઓફ અને લેન્ડિંગ સમયે સૌથી વધુ દુર્ઘટનાઓ સર્જાતી હોય છે. એવિએશન સેફ્ટીના આંકડાઓ અનુસાર ૨૦૨૩માં દુનિયાભરમાં કુલ ૧૦૯ દુર્ઘટનાઓ સર્જાઈ હતી જેમાંથી ૩૭ ટેકઓફ સમયે બની હતી. આજે આપણે વાત કરીએ ભારતમાં થયેલી આવી દુર્ઘટનાઓના કાળા ઈતિહાસ વિશે.

ચાલો નજર કરીએ ભારતમાં અત્યાર સુધી થયેલા કેટલીક મોટી વિમાન દુર્ઘટનાઓ કે ઈતિહાસના પાનાં પર કાળા અક્ષરે કોતરાઈ ચૂકી છે. આ અકસ્માત ટેક્નિકલ ખરાબી, હ્યુમન એરર કે ખરાબ હવામાનને કારણે સર્જાયા હતા.

**૧૯૭૨-જાપાન એરલાઈન્સ ફ્લાઈટ-૪૭૧**
**તારીખ ૧૪મી જૂન, ૧૯૭૨**
**સ્થાનઃ પાલમ એરપોર્ટ, નવી દિલ્હી**

જાપાન એરલાઈન્સની ફ્લાઈટ ૪૭૧ લેન્ડ કરવાની હતી, એ સમયે જ તે એરપોર્ટ નજીક દુર્ઘટનાનો ભોગ બની હતી. ફ્લાઈટમાં સવાર પ્રવાસીઓમાં ૮૨ પ્રવાસીઓનાં મૃત્યુ થયાં હતાં. જ્યાં વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું ત્યાં રહેલા ત્રણ નાગરિકોનાં પણ મૃત્યુ થયાં હતાં. જાપાને આ અકસ્માત માટે ફોલ્સ ગાઈડ પાથ સિગ્નલને કારણભૂત ગણાવ્યું હતું, જ્યારે ભારતે લેટડાઉન પ્રક્રિયા તરફ દુર્લક્ષને કારણે અકસ્માત માટે જવાબદાર ગણાવ્યું હતું.

**૧૯૭૩- ઈન્ડિયન એરલાઈન્સ ફ્લાઈટ-૪૪૦**
**તારીખ ૩૧મી મે, ૧૯૭૩**
**સ્થાનઃ પાલમ એરપોર્ટ, નવી દિલ્હી**

ઈન્ડિયન એરલાઈન્સની ફ્લાઈટ ૪૪૦ નવી દિલ્હીના પાલમ એરપોર્ટ પર લેન્ડ કરી હતી અને અચાનક પાઈલટની એક ભૂલને કારણે ભીષણ અકસ્માત સર્જાયો હતો. એરપોર્ટ પર જ ફ્લાઈટ ક્રેશ થઈ ગઈ હતી અને વિમાનમાં સવાર ૬૫માંથી ૪૮ પ્રવાસીઓનાં મૃત્યુ થયાં હતાં.

**૧૯૭૬-એર ઈન્ડિયા ફ્લાઈટ-૧૭૧**
**તારીખ ૧૨મી ઓક્ટોબર, ૧૯૭૬**
**સ્થાનઃ મુંબઈ**

હવામાં ઈન્ડિયન એરલાઈન્સની ફ્લાઈટ ૧૭૧ અચાનક જ ફેલ થઈ ગયું હતું. જેને કારણે ફ્લાઈટમાં આગ લાગી હઈ હતી. આ દુર્ઘટનામાં વિમાનમાં રહેલા ૯૭ પ્રવાસીઓનાં મૃત્યુ થયાં હતાં.

**૧૯૭૮- એર ઈન્ડિયા ફ્લાઈટ ૮૫ ૫**
**તારીખ પહેલી જાન્યુઆરી, ૧૯૭૮**
**સ્થાનઃ અરબી સમુદ્ર, મુંબઈ**

એર ઈન્ડિયાનું બોઈંગ ૭૪૭ (ફ્લાઈટ ૮૫૫) ટેકઓફના તરત બાદમાં અરબી સમુદ્રમાં દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં ૨૧૩ લોકોનાં મૃત્યુ થયાં હતાં અને આ અકસ્માત માટે પાઈલટની ભૂલ અને ટેક્નિકલ ખામીને જવાબદાર ગણાવવામાં આવ્યા હતા.

**૧૯૯૬-ચરખી દાદરી ટ્રેજેડી**
**તારીખ ૧૨મી નવેમ્બર ૧૯૯૬**
**સ્થાનઃ ચરખી, દાદરી, હરિયાણા**

આ અકસ્માત ભારતના ઈતિહાસમાં સૌથી ભયાનક વિમાન અકસ્માત ગણવામાં આવે છે. સાઉદી અરબ એરલાઈન્સ અને કઝાકિસ્તાન એરલાઈન્સના બે વિમાન હવામાં ટકરાયાં. આ અકસ્માતમાં ૩૪૯ લોકોનાં નિધન થયાં હતાં. આ અકસ્માતની ગણતરી દુનિયાના સૌથી મોટા અને ગમખ્વાર અકસ્માતમાં આવે છે.

**૨૦૦૦-એલાયન્સ એરફ્લાઈટ ૭૪૧૨**
**તારીખ ૧૭મી જુલાઈ, ૨૦૦૦**
**સ્થાનઃ પટના, બિહાર**

એલાયન્સ એરની ફ્લાઈટ સીડી-૭૪૧૨ લેન્ડિંગ સમયે પટના હવાઈ એરપોર્ટ પર દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. પાઈલટે કન્ટ્રોલ ગુમાવી દેતા થયેલા આ અકસ્માતમાં ૬૦ લોકોનાં મૃત્યુ થયાં હતાં.

**૨૦૧૦-મેંગ્લોર વિમાન અકસ્માત**
**તારીખ ૨૨મી જુલાઈ, ૨૦૧૦**
**સ્થાનઃ મેંગ્લોર, કર્ણાટક**

એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ આઈએક્સ-૮૧૨ લેન્ડિંગ સમયે રનવે પરથી સ્લિપ થઈને ખાઈમાં પડી ગઈ હતી. આ અકસ્માતમાં ૧૫૮ લોકોનાં મૃત્યુ થયાં હતાં. ભારે વરસાદ અને રનવેની સ્થિતિને કારણે આ અકસ્માત સર્જાયો હોવાનું કહેવાઈ રહ્યું છે.

**૨૦૨૦-કોઝિકોડ વિમાન અકસ્માત**
**તારીખ ૭મી ઓગસ્ટ, ૨૦૨૦**
**સ્થાનઃ કોઝિકોડ, કેરળ**

એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ આઈએક્સ-૧૩૪૪ જે વંદે ભારતનો મિશનનો હિસ્સો હતી તે ભાર વરસાદને કારણે લેન્ડિંગ સમયે રનવે પરથી સ્લિપ થઈ ગઈ હતી. આ અકસ્માતમાં ૧૮ લોકોનાં મૃત્યુ થયાં હતાં, જેમાં બે પાઈલટનો સમાવેશ થતો હતો.

**૨૦૨૩-એચએએલ ક્રેશ, ગ્વાલિયર**
**તારીખ જાન્યુઆરી, ૨૦૨૩**
**સ્થાનઃ ગ્વાલિયર, મધ્ય પ્રદેશ**

બે ફાઈટર જેટ (સુખોઈ અને મિરાજ ૨૦૦૦) આકાશમાં હવામાં અથડાતા આ દુર્ઘટના સર્જાઈ હતી. આ અકસ્માતમાં એક પાઈલટનું નિધન થયું હતું.

અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનાને ધ્યાને લઈને આમ આદમી પાર્ટીએ આજરોજ અને આવતીકાલના ચૂંટણીલક્ષી તમામ કાર્યક્રમો સ્થગિત કર્યા છે. ગોપાલ ઇટાલિયાએ કહ્યું ગુજરાત ઉપર આવી પડેલી આફતના સમયે હું અને અમારી પાર્ટી કોઈપણ પ્રકારની રાજકીય ટીકા-ટિપ્પણી કર્યા વગર સંવેદનશીલતા સાથે ગુજરાત સરકારના સ્પષ્ટ અને મજબૂત સમર્થનમાં છીએ. તેમણે આ ઘટના પર સંવેદના અને દિલગીરી વ્યક્ત કરી હતી. ■

## અમદાવાદ વિમાન દુર્ઘટના



# અકસ્માતનું કારણ બર્ડ હિટ?

### અમદાવાદ એરપોર્ટ ફરતે અનેક કતલખાનાં છે, તેથી રનવે ઉપર સતત પક્ષીઓનાં ઝૂંડ ઉડતાં હોવાનું કહેવાય છે

*બિમલ મહેશ્વરી*

મુંબઈ: અમદાવાદમાં ગુરુવારે બપોરે એર ઈન્ડિયાના વિમાનને નડેલા અકસ્માત માટે બર્ડ હિટને મુખ્ય કારણ માનવામાં આવે છે. વિમાનનું બ્લેક બોક્સ તપાસકર્તાઓએ બરામદ કરી લીધું હોવાથી દુર્ઘટનાના ચોકક્સ કારણની થોડા દિવસ પછી ખબર પડશે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિયેશન (ડીજીસીએ)એ પણ તેમના સત્તાવાર નિવેદનમાં બર્ડ હીટની શક્યતાનો ઉલ્લેખ કર્યો છે.

આ દુર્ઘટનાની તપાસ સાથે સંકળાયેલા સૂત્રોએ મુંબઈ સમાચારને કહ્યું હતું કે અમદાવાદ એરપોર્ટ પાસે ઘણા કતલખાના આવેલાં છે અને એને કારણે ત્યાં મોટા મોટા પક્ષી સતત જનાવરોના અવશેષોને આરોગવા મંડરાતા હોય છે. રન-વે પરના આકાશમાં પક્ષીઓના ત્રાસને કારણે ઘણા પાઈલટ્સ અમદાવાદ એરપોર્ટથી પ્લેન ઉતારવા અને ઉડાડવામાં ગભરાતા હોય છે. ગુરુવારના અકસ્માતમાં પણ બર્ડ હિટને કારણે બન્ને એન્જિનને પાવર મળતો બંધ થઈ ગયો અને એક મિનિટ ૪૦ સેકેન્ડમાં

(જુઓ પાનું ૪) ▸▸

# ફડણવીસ, પવાર, ગડકરી સહિત નેતાઓએ શોક વ્યક્ત કર્યો

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે અમદાવાદમાં લંડન જઇ રહેલી એર ઇન્ડિયાનું વિમાન તૂટી પડવા બદલ આઘાત વ્યક્ત કર્યો હતો અને મુસાફરોની સલામતી માટે પ્રાર્થના કરી હતી.

ગુરુવારે બપોરે અમદાવાદ એરપોર્ટ પરથી ઉપડ્યાની થોડી ક્ષણો બાદ ૨૪૨ મુસાફરો અને કર્મચારીઓને લઈ જતું વિમાન તૂટી પડ્યું હતું. અનેક જાનહાનિની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. ઊંચાઈ પરથી નીચે ખાબકી રહેલું બોઇંગ વિમાન અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક મેઘાણીનગર વિસ્તારમાં ભોંયભેગું થયું હતું. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર ફડણવીસે જણાવ્યું હતું કે 'અમદાવાદ એરપોર્ટ પર એર ઇન્ડિયાની પેસેન્જર ફ્લાઇટની દુર્ઘટના જાણીને દુઃખ થયું છે અને આઘાત લાગ્યો છે. દરેકની સલામતી માટે પ્રાર્થના કરું છું.'

કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ 'એક્સ' પર પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે અમદાવાદ ફ્લાઇટ ક્રેશના સમાચારથી આઘાત અને બરબાદ થઈ ગયા છે.

'ગુજરાતના અમદાવાદમાં ફ્લાઇટ ક્રેશ વિશે જાણીને ખૂબ આઘાત લાગ્યો છે, અસ્વસ્થ થઈ ગયો છું. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમ તમામ અસરગ્રસ્તોની સલામતી માટે અથાક મહેનત કરી રહી છે. વિમાનના ઉતારુઓ અને તેમના પરિવારોના ક્ષેમકુશળ માટે પ્રાર્થના.'

આ ઉપરાંત એનસીપી (એસપી)ના

(જુઓ પાનું ૪) ▸▸

# દુર્ઘટનામાં સુનીલ તટકરેના સંબંધી અપર્ણા મહાડિક પણ હતાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમદાવાદ એરપોર્ટથી લંડન જતું એર ઇન્ડિયાનું વિમાન ઉડાન ભર્યાના માત્ર નવ મિનિટ પછી ક્રેશ થયું હતું. એવું જાણવા મળ્યું છે કે સાંસદ સુનીલ તટકરેના સંબંધી અપર્ણા મહાડિક પણ આ વિમાનમાં ક્રૂ મેમ્બર હતા. અપર્ણા મહાડિક સુનીલ તટકરેની બહેનની પુત્રવધૂ હતી.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (અજિત પવાર)ના પ્રદેશ પ્રમુખ અને રાયગઢના સાંસદ સુનીલ તટકરેના ભાણેજ અમોલ મહાડિકની પત્ની અપર્ણા મહાડિક એર ઇન્ડિયાના વિમાનમાં ક્રૂ મેમ્બર તરીકે કામ કરતી હતી. એવું જાણવા મળ્યું છે કે તેમના પતિ અમોલ પણ એર ઇન્ડિયામાં પાઇલટ તરીકે કામ કરે છે. અપર્ણા મહાડિક મારી નાની બહેનની પુત્રવધુ છે. તેનો પરિવાર ગોરેગાંવમાં રહે છે એમ તટકરેએ જણાવ્યું હતું.

ક્રેશ થયેલા એર (જુઓ પાનું ૪) ▸▸

# સવારે પુત્રી સાથે વાત કરી, હવે તેના અને પરિવારના બે સભ્યો વિશે કોઈ જાણકારી નથી

નાગપુર: નાગપુર સ્થિત એક વ્યક્તિએ ગુરુવારે જણાવ્યું હતું કે, તેની પુત્રી, તેનો દોઢ વર્ષનો પુત્ર અને તેની સાસુ લંડન જતી દુર્ઘટનાગ્રસ્ત ફ્લાઇટમાં સવાર હતા જે બપોરે અમદાવાદ શહેરમાં ક્રેશ થઈ હતી.

એક સમાચાર સંસ્થાને મનીષ કામદારે જણાવ્યું હતું કે તેમણે સવારે અમદાવાદમાં રહેતી તેમની પુત્રી યેશા મોઢા સાથે વાત કરી હતી, પરંતુ વિમાન દુર્ઘટના પછી તેમને હવે તેના અને તેના પરિવારના બે સભ્યો વિશે કોઈ જાણકારી મળતી નથી.

કામદારે જણાવ્યું હતું કે તેમની પુત્રી યેશા ઉપરાંત, તેનો દોઢ વર્ષનો પુત્ર રૂદ્ર અને તેની સાસુ તે ફ્લાઇટમાં હતા.

'મેં આજે સવારે ૯ વાગ્યાની આસપાસ મારી દીકરી સાથે વાત કરી હતી, પરંતુ હવે, મારા પરિવાર અને મને મુસાફરોની સ્થિતિ વિશે કંઈ જાણકારી નથી,' એમ તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, એરલાઈન (એર ઈન્ડિયા) કે સરકાર તરફથી કોઈએ પણ અત્યાર સુધી તેમનો સંપર્ક કર્યો નથી.

'હું રોડ માર્ગે અમદાવાદ જઈ રહ્યો છું. મારા જમાઈ અમદાવાદ સિવિલ હોસ્પિટલની બહાર રાહ જોઈ રહ્યા છે અને તેમને આ લોકોની સ્થિતિ વિશે કોઈ જાણકારી નથી, પરંતુ તેમને અંદર જવા દેવામાં આવી રહ્યા નથી. ત્યાં લોકોને કહેવામાં આવી રહ્યું છે કે

(જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્ર સરકારે જાહેર કર્યા હેલ્પલાઈન નંબર

મુંબઈ: મહારાષ્ટ્ર સરકાર સરકારે ગુરુવારે લંડન જનારી એરઈન્ડિયાની ફ્લાઈટના અકસ્માતગ્રસ્તોના પરિવારજનોની સહાય માટે હેલ્પલાઈન નંબર જાહેર કર્યા છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, મંત્રાલય દ્વારા ત્રણ હેલ્પલાઈન નંબર ૦૨૨-૨૨૦૨૭૯૯૦, ૦૨૨-૨૨૭૯૪૨૨૯ અને ૯૩૨૧૫૮૭૧૪૩ જાહેર કર્યા છે. આ ઉપરાંત ઈમરજન્સી હેલ્પલાઈન નંબર ૧૦૭૦ પણ જાહેર કર્યું છે. અકસ્માતગ્રસ્ત વિમાનના પ્રવાસીઓના સંબંધીઓ અને અસરગ્રસ્ત નાગરિકો આ નંબર પર અકસ્માત સંબંધી માહિતી માટે સંપર્ક કરી શકશે, એમ તેમાં જણાવવામાં આવ્યું છે. ■

# મુંબઈ, થાણેમાં શનિવારથી ચોમાસું સક્રીય થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરા વીકએન્ડમાં બહાર જવાનો પ્રોગામ બનાવ્યો હોય તો વરસાદ પ્લાન પર પાણી ફેરવી શકે છે. ભારતીય હવામાન વિભાગે શનિવારે મુંબઈ સહિત થાણે માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરીને ભારેથી અતિ ભારે વરસાદ અને વીજળીના ગડગડાટ અને ભારે પવન ફૂંકાવાની સાથે જ વાવાઝોડાની આગાહી કરી છે.

મુંબઈ સહિત રાજ્યમાં નૈઋત્યનું ચોમાસું ફરી સક્રિય થઈ રહ્યું છે. હવામાન વિભાગે ૧૨થી ૧૭ જૂન દરમ્યાન રાજ્યના મોટાભાગના વિસ્તારમાં વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે, જેમાં શનિવાર, ૧૪ જૂન માટે મુંબઈ અને થાણે માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આ ચેતવણી ૧૪ જૂનના સવારના ૮.૩૦ વાગ્યાથી બીજા દિવસે સવારના ૮.૩૦ વાગ્યા સુધીના સમયગાળા માટે રહેશે. આ સમય દરમ્યાન વીજળી અને પ્રતિ કલાકના ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે સાથે પવન ફૂંકાઈને વાવાઝોડાની પણ શક્યતા છે. આ સમય દરમ્યાન રાયગઢ માટે રેડ એલર્ટજાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ માત્ર મુંબઈ અને થાણે આ બે જિલ્લાઓ માટે માત્ર એક દિવસ માટે જ આપી છે અને આ દરમ્યાન ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો ૧૫ અને ૧૬ જૂન દરમ્યાન વીજળીના કડાકા અને ભારે વરસાદ અને ભારે પવન સાથે વાવાઝોડાની આગાહી કરીને યલો એલર્ટની ચેતવણી આપવામાં આવી છે. રાયગઢ માટે ૧૫-૧૬ જૂન માટે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

હવામાન વિભાગે વરસાદ લાવનારી વેધર સિસ્ટમ બાબતે જણાવ્યું હતું કે આંધ્ર પ્રદેશના ઉત્તર કિનારપટ્ટીથી પશ્ચિમ મધ્ય

(જુઓ પાનું ૪) ▸▸

## મહાયુતિમાં ભાજપ પડાવશે ભંગાણ?

# પુણે, પિંપરી-ચિંચવડ મનપાની ચૂંટણીમાં એકલા લડવાનો નિર્ણય કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યમાં આગામી દિવસોમાં યોજાનારી મહાનગરપાલિકા/નગરપાલિકાની ચૂંટણી માટે બધા રાજકીય પક્ષો ગણિત બેસાડવાની કવાયતમાં જોડાઈ ગયા છે. આવી સ્થિતિમાં મહાયુતિમા મહાયુદ્ધના ચિહ્નો દેખાય છે.

પિંપરી-ચિંચવડ મનપાની ચૂંટણી ચાર સભ્યની સિસ્ટમમાં યોજાશે તે સ્પષ્ટ થયા પછી ભાજપે ચાર સભ્યોની વોર્ડ સિસ્ટમ અનુકૂળ હોવાથી પોતાના દમ પર લડવાના સૂત્ર સાથે ૧૦૦ કોર્પોરેટરોને ચૂંટવાનું લક્ષ્ય રાખ્યું છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (અજિત પવાર) એ પણ વલણ અપનાવ્યું છે કે તે પોતાના દમ પર લડવા માટે તૈયાર છે. તેથી મહાયુતિમાં સામેલ બંને પક્ષો પોતાના દમ પર ચૂંટણી લડવા માટે તૈયાર છે. જોકે સામે પક્ષે મહાવિકાસ આઘાડીના સ્થાનિક પદાધિકારીઓ સાથે મળીને લડવા માટે તૈયાર છે. ૨૦૧૭ની ચૂંટણી ચાર સભ્યોની સિસ્ટમનો ઉપયોગ કરીને યોજાઈ હતી. તેનાથી ભાજપને ઘણો ફાયદો થયો. પહેલી વાર મ્યુનિસિપલ બિલ્ડિંગ પર કમળ ખીલ્યું હતું. તેથી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી, શિવસેના અને કોંગ્રેસ ચાર સભ્યોની સિસ્ટમથી પ્રભાવિત થયા. અત્યારે પણ વોર્ડ રચનાનો ઓર્ડર આવતાની સાથે જ ભાજપે કામ શરૂ કરી દીધું છે. આ વર્કશોપ ધારાસભ્યો અને ભૂતપૂર્વ કોર્પોરેટરોની હાજરીમાં યોજાઈ હતી. તેમાં સંભવિત વોર્ડ રચના અને ભવિષ્યની વ્યૂહરચનાઓની ચર્ચા કરવામાં આવી. આ વર્કશોપમાં શહેર પ્રમુખ શત્રુઘ્ન કાટે સહિત ચારેય ધારાસભ્યોએ આત્મનિર્ભરતાનો નારા લગાવ્યો હતો. સો થી વધુ કોર્પોરેટરોને ચૂંટવાનું નક્કી થયું.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (અજિત પવાર) પણ આ ગઢ ફરીથી કબજે કરવા માંગે છે. આ કારણોસર આ પાર્ટીએ પોતાના દમ પર લડવાનો પ્રયોગ પણ શરૂ કર્યો છે. તે માટે તૈયારીઓ થઈ રહી છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર) એ પિંપરી-ચિંચવડ વિધાનસભાના ત્રણેય મતવિસ્તારોમાં ચૂંટણી લડી હતી. પણ તે નિષ્ફળ ગયું. હવે, મ્યુનિસિપલ ચૂંટણીઓની પૃષ્ઠભૂમિમાં, શરદ પવારે ફરી એકવાર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પવાર ૧૭ જૂને તાથવડે આવશે. ■

## આગ લાગ્યા બાદ કૂવો ખોદવાનું શરૂ

# ડોંબિવલીથી ૧૫ ડબાની ટ્રેન દોડાવવા કવાયત શરૂ કરાઈ

મુંબઇ: મુંબ્રા ટ્રેન અકસ્માત પછી મુસાફરો સહીત સમાજના બધા વર્ગોની આકરી ટીકાનો સામનો કરી રહેલું મધ્ય રેલવે વહીવટીતંત્ર ઊંઘમાંથી સફાળું જાગ્યું હોય તેમ લાગે છે. રેલવે તંત્રે હવે કલ્યાણ અને મુંબઈ છત્રપતિ શિવાજી ટર્મિનસ વચ્ચે સવાર અને સાંજના સમયે ૧૫ કોચની લોકલ ટ્રેનો પૂર્ણ ક્ષમતાથી ચલાવવા માટે ટ્રાયલ રન શરૂ કર્યો છે.

બુધવારે રાત્રે મધ્ય રેલવેના વરિષ્ઠ અધિકારીઓ અને વરિષ્ઠ ઇજનેરોએ ડોમ્બિવલી રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું. મધ્ય રેલવેના એક વિશ્વસનીય સૂત્રએ માહિતી આપી હતી કે આ અધિકારીઓએ ડોમ્બિવલી રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મની લંબાઈ વધારવાની શક્યતા ચકાસી હતી જેથી પંદર કોચની લોકલ ટ્રેનને સમાવી શકાય.

સોમવારે, મુમ્બ્રામાં રેલવે ટ્રેક પર વળાંક પાસે બે ઝડપી લોકલના પ્રવાસોની અથડામણમાં કુલ ૧૩ મુસાફરો રેલવે ટ્રેક પર પડી ગયા. જેમાંથી કેટલાકના મોત પણ થયા. જો લોકલની ગતિ તેજ હોય તો મુસાફરોના જીવન માટે આ વળાંક જોખમી છે.

તાજેતરમાં પંદર કોચની લોકલ ટ્રેન દોડાવવામાં આવી છે. આ લોકલ ટ્રેન માટે કોઈ પૂર્ણ-લંબાઈનું પ્લેટફોર્મ ઉપલબ્ધ ન હોવાથી, ફક્ત એક થી બે ફેરી જ થાય છે. જો બાર કોચવાળી લોકલ ટ્રેનોની જેમ પંદર કોચવાળી લોકલ ટ્રેનો પણ સવાર અને સાંજ પૂર્ણ ક્ષમતાથી દોડાવવામાં આવે, તો કલ્યાણ, ડોંબિવલી, દિવા, મુંબ્રા, કલવા અને થાણે રેલ્વે સ્ટેશનો વચ્ચે મુસાફરોને ઘેટાં-બકરાની જેમ પ્રવાસ કરવામાંથી રાહત મળી શકે છે.

બુધવારે રાત્રે વરિષ્ઠ રેલ્વે અધિકારીઓ અને ઇજનેરો ડોમ્બિવલી રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર આવ્યા હતા. તેમણે ચકાસણી કરી કે હોમ પ્લેટફોર્મથી કલ્યાણ અને દિવાની દિશામાં પંદર કોચની લોકલ ટ્રેન માટે પ્લેટફોર્મની લંબાઈ કેવી રીતે વધારી શકાય.

અધિકારીએ જણાવ્યું હતું કે પંદર કોચવાળી લોકલ માટે ૩૩૦-મીટરનું પ્લેટફોર્મ જરૂરી છે. એવું માનવામાં આવે છે કે દિવા, મુંબ્રા અને કલવા રેલવે સ્ટેશનો પર પણ આવી જ તપાસ કરવામાં આવી છે. ■

## ભાડા વધારાને હજી માંડ મહિનો થયો ત્યાં...

# બેસ્ટ બસનાં ભાડાં ઘટાડવાની વિચારણા

મુંબઈ: બેસ્ટની બસના ભાડામાં ૧૦૦ ટકાનો વધારો કર્યો એને હજી માંડ મહિનો થયો છે ત્યાં બેસ્ટ અંડરટેકિંગ ભાડામાં ઘટાડો કરવા માંગે છે. 'બેસ્ટ' પ્રશાસન ભાડામાં બેથી ત્રણ રૂપિયાનો ઘટાડો કરવાની સાથે સાથે રૂટ કિલોમીટર વ્યવસ્થા પણ માફક બનાવવાની દિશામાં કામ કરી રહ્યું છે. ભાડા વધારાને પગલે દૈનિક મુસાફરોની સંખ્યામાં અંદાજે સાડા ચાર લાખ મુસાફરોનો ઘટાડો થયા બાદ આ ભાડા ઘટાડવાની દિશામાં વિચાર કરવામાં આવ્યો છે. એ ઉપરાંત 'બેસ્ટ'ની માલિકીની બસની સંખ્યા ૫૦૦થી નીચે ઉતરી ગઈ છે.

૧૧ જૂને બેસ્ટના અધિકારીઓએ એક ઉચ્ચ સ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં તેમણે પરિસ્થિતિ સુધારવા, ભાડાને માફકસર બનાવવા અને ભાડાના નવા સ્લેબને રજૂ કરવાના સંભવિત ઉપાયો પર ચર્ચા કરી હતી. વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર ભાડા વધારા પછી મુસાફરો શેર - એ - રીક્ષા વ્યવસ્થાનો લાભ લઈ રહ્યા છે. આ વાતની પુષ્ટિ કરતા બેસ્ટના જનરલ મેનેજર એસ.વી.આર શ્રીનિવાસે જણાવ્યું હતું કે તેમણે અધિકારીઓને ટૂંકા અંતરના રૂટ પર અવરજવર કરતા મુસાફરોને ફાયદો થાય એ રીતે ભાડામાં ઘટાડો કરવાનો નિર્દેશ આપ્યો હતો.

માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે 'અમે નોન-એસી બસો માટે એકથી ૩ કિલોમીટરનું ભાડું ઘટાડીને ₹ ૭-૮ કરવા વિચારી રહ્યા છીએ. એસી બસના ભાડા પણ એ જ પ્રમાણે ઘટાડવામાં આવશે. ■

# ડોંબિવલીમાં ચાર રિવોલ્વર, ૩૫ કારતૂસ જપ્ત: બેની ધરપકડ

મુંબઈ: મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્કવોડે (એટીએસ) ડોંબિવલી વિસ્તારમાંથી ચાર રિવોલ્વર, ૩૫ કારતૂસ અને બે મેગેઝિન સાથે બે જણની ધરપકડ કરી હતી. જપ્ત કરાયેલાં શસ્ત્રોની કિંમત ૭.૫ લાખ રૂપિયા હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

એટીએસના અધિકારીઓને માહિતી મળી હતી કે એક વ્યક્તિ ઘાતક શસ્ત્રો વેચવા માટે ડોંબિવલી ખાતે આવવાનો છે. આથી પોલીસ ટીમે મહાત્મા ગાંધી રોડ પર છટકું ગોઠવ્યું હતું અને ૩૫ વર્ષના શખસને તાબામાં લીધો હતો. તેની તલાશી લેવામાં આવતાં ત્રણ રિવોલ્વર અને ૩૫ કારતૂસ મળી આવી હતી. આથી શખસ વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

દરમિયાન આરોપીએ અગાઉ જે વ્યક્તિને શસ્ત્રો વેચ્યા હતા તેને પણ બુધવારે શોધી કાઢવામાં આવ્યો હતો અને તેની પાસેથી પણ રિવોલ્વર જપ્ત કરવામાં આવી હતી.

બંને આરોપીની પૂછપરછ ચાલી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

# નાશિક પોલીસ મુખ્યાલયની જમીન હડપવાનો પ્રયાસ: ૯ ગુજરાતી સહિત ૨૨ બિલ્ડર સામે ગુનો

### ટ્રસ્ટના આબેહૂબ નામવાળી કંપની સ્થાપી ૩૦૦ કરોડની જમીનની કિંમત માત્ર ૧.૮૦ કરોડ આંકવામાં આવી

મુંબઈ: ભૂમાફિયાઓ દ્વારા સામાન્ય નાગરિકોની જમીન હડપ કરવાની ઘટનાઓ વારંવાર રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં બનતી હોય છે, પરંતુ નાશિકમાં બનેલી ચોંકાવનારી ઘટનામાં તો પોલીસ મુખ્યાલયની જ જમીન હડપ કરવાનો પ્રયાસ કરાયો હતો. ટ્રસ્ટના આબેહૂબ નામવાળી કંપની સ્થાપીને આશરે ૩૦૦ કરોડ રૂપિયાની જમીન માત્ર ૧.૮૦ કરોડ રૂપિયામાં વેચી દેવાનો ઘાટ ઘડાયો હતો. લૅન્ડ્સ રેકોર્ડ વિભાગની સતર્કતાને કારણે સામે આવેલા આ કાંડમાં પોલીસે નવ ગુજરાતી સહિત ૨૨ બિલ્ડર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

નાશિક શહેરમાં મોકાના સ્થળે શરણપુર ગાવઠાણ પરિસરમાં નાશિક પોલીસનું જૂનું મુખ્યાલય આવેલું છે. આ જગ્યા નાશિક ડાયોસેશન ટ્રસ્ટ ઍસોસિએશન (એનડીટીએ)ની માલિકીની હોવાનું કહેવાય છે. પોલીસ દ્વારા લીઝ પર લેવાયેલી આ જમીન પર નાશિક પોલીસનું જૂનું મુખ્યાલય હતું. જોકે મુખ્યાલય અન્યત્ર ખસેડવામાં આવ્યા પછી આ જમીન પર હાલમાં માત્ર ડીસીપી ઑફિસ છે. પોલીસ ફરિયાદ અનુસાર બિલ્ડરો દ્વારા આ જૂના પોલીસ મુખ્યાલયની જમીન હડપ કરવાનો પ્રયાસ કરાયો હતો. બનાવટી દસ્તાવેજો તૈયાર કરી આ જમીન પર એનડીટીએ સાથે મેળ ખાતા નામ એનડીસી કંપનીનો હક દર્શાવાયો હતો. બાદમાં આ કંપની અમુક બિલ્ડરોને વેચવાનો પ્રયાસ કરાયો હતો. જમીનની કિંમત અંદાજે ૩૦૦ કરોડ રૂપિયા હોવા છતાં તે માત્ર ૧.૮૦ કરોડ રૂપિયામાં વેચવાનો કારસો ઘડાયો હતો. જોકે લૅન્ડ્સ રેકોર્ડ વિભાગને શંકા જતાં તપાસ કરાઈ હતી. તપાસમાં એ જમીન એનડીટીએને નામે નોંધાયેલી હોવાનું જણાયું હતું. ■

# નાગપાડામાં મોટરસાઇકલ પર આવેલા લૂંટારુઓએ અઢી કરોડનું સોનું લૂંટ્યું

મુંબઈ: લોઅર પરેલની ઓફિસમાં જવા નીકળેલા બે કર્મચારીને માર્ગમાં આંતર્યા બાદ તેમને ધમકાવી ૨.૫૫ કરોડ રૂપિયાનું ત્રણ કિલો સોનું લૂંટવામાં આવ્યું હોવાની ઘટના મુંબઈ સેન્ટ્રલ નજીક ડાયના બ્રિજ પર ગુરુવારે સવારના ૮.૪૫ વાગ્યાની આસપાસ બની હતી.

નાગપાડા પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને શકમંદ તાબામાં લીધો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ પનવેલમાં રહેતો રાજન પાવસકર એના સગા સાથે ગુરુવારે સવારે લોઅર પરેલની ઓફિસમાં આવવા નીકળ્યો હતો. બંને જણ મુંબઈ સેન્ટ્રલ નજીક ડાયના બ્રિજ પરથી પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટરસાઇકલ પર આવેલા બે અજાણ્યા શખસે તેમને આંતર્યા હતા.

બંને કર્મચારીને ધમકાવ્યા બાદ સ્કૂટરની ચાવી કાઢી હતી અને બાદમાં તેમની પાસેની બેગ આંચકીને તેઓ ફરાર થઇ ગયા હતા. બેગમાં ત્રણ કિલો સોનું હતું.

દરમિયાન કર્મચારીઓએ ઘટનાની જાણ વેપારીને કર્યા બાદ નાગપાડા પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ઘટનાસ્થળની મુલાકાત લીધા બાદ આ પ્રકરણે લૂંટનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. બીજી તરફ ક્રાઇમ

(જુઓ પાનું ૪) ▸▸

# મુલુંડમાં પ્રોજેક્ટ અસરગ્રસ્તો માટે ૬,૭૩૧ ઘરોનું બાંધકામ

(અમારા પ્રતિનિધિ તરફથી)


મુંબઈ: મુંબઈમાં જુદા જુદા માળખાકીય પ્રોજેક્ટ હાથ ધરવા દરમ્યાન અસરગ્રસ્ત થનારા લોકો માટે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મુલુંડમાં ઘર બાંધવામાં આવી રહ્યા છે. હાલ મુલુંડમાં પ્રોજેક્ટ અસરગ્રસ્તો માટે ૬,૭૩૧ ઘર બાંધવામાં આવી રહ્યા છે. પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ ગુરુવારે મુલુંડ (પૂર્વ)માં પ્રોજેક્ટ અફેક્ટેડ પીપલ માટે બાંધવામાં આવી રહેલા ઘરની સાઈટનું ઈન્સ્પેક્શન કર્યું હતું. હાલ પાલિકા દ્વારા અહીં પાંચ બિલ્ડિંગમાં ૩૦,૯૫૪ ચોરસ મીટર ક્ષેત્રફળમાં ૬,૭૩૧ ઘર બાંધકવામાં આવી રહ્યા છે.

પાલિકાના જણાવ્યા મુજબ અસરગ્રસ્તો માટે અહીં ૩૦,૯૫૪ ચોરસ મીટર ક્ષેત્રફળના વિસ્તારમાં પાંચ બિલ્ડિંગ બાંધવામાં આવી રહી છે, જેમાં ગ્રાઉન્ડ ફ્લોર પ્લસ બાવીસ માળની ચાર બિલ્ડિંગ અને ગ્રાઉન્ડ પ્લસ પચીસ માળની એક બિલ્ડિંગનો સમાવેશ થાય છે.

અસરગ્રસ્તોને ૩૦૦ ચોરસ ફૂટના ઘર આપવામાં આવશે, જેમા બેડરૂમ, હૉલ અને કીચન હશે. પ્રોજેક્ટના સ્થળે બગીચો, સ્કૂલ લાઈબ્રેરી, હેલ્થ સેન્ટર, સ્યુએજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેવી સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવવાની છે. ■

# મીઠી નદીમાંથી ગાળ કાઢવાનું ૬૫ કરોડનું કૌભાંડ

### ઇડીએ ફિલ્મ અભિનેતા ડિનો મોરિયાની કરી પૂછપરછ



(અમય ખરાડે)

મુંબઈ: મીઠી નદીમાંથી ગાળ કાઢવાના ૬૫ કરોડ રૂપિયાના કૌભાંડ સંબંધી મની લોન્ડરિંગની તપાસ કરી રહેલા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી)ના અધિકારીઓએ ગુરુવારે ફિલ્મ અભિનેતા ડિનો મોરિયાની ચાર કલાક પૂછપરછ કરી હતી. શિવસેના (યુબીટી)ના આદિત્ય ઠાકરેનો મિત્ર ડિનો મોરિયા તેના ભાઇ સાથે ગુરુવારે ઇડીની બેલાર્ડ એસ્ટેટની ઓફિસમાં પહોંચ્યો હતો. ડિનો મોરિયા વોડર ઇન્ડિયા લિમિટેડના કેતન કદમ સાથે મિત્રતા ધરાવે છે અને બંને છેલ્લાં પચીસ વર્ષથી એકબીજાને ઓળખે છે. મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ વચેટિયા કેતન કદમની ધરપકડ કરી હતી અને પોલીસને શંકા છે કે ડિનોએ કોન્ટ્રેક્ટરોને પ્રભાવિત કરવા માટે આરોપીઓને મદદ કરી હશે. મીઠી નદીમાં ગાળ કાઢવાના કૌભાંડ પ્રકરણે અગાઉ આર્થિક ગુના શાખાએ બે વાર ડિનો અને તેના ભાઇની પૂછપરછ કરી હતી. આર્થિક ગુના શાખાના સૂત્રોના જણાવ્યા અનુસાર ડિનો મોરિયા અને કદમ વચ્ચે ૧૪-૧૮ લાખના પાંચથી સાત નાણાકીય વ્યવહારો થયા છે. સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ દ્વારા આ વ્યવહારોની તપાસ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે આર્થિક ગુના શાખાએ ગયા મહિના દાખલ કરેલા એફઆઇઆરમાં જે ૧૩ જણનાં નામ આરોપી તરીકે આપવામાં આવ્યાં હતાં, એ પાલિકાના અધિકારી, કોન્ટ્રેક્ટરો અને વચેટિયાનાં નિવાસ અને ઓફિસ સહિત પંદરથી વધુ સ્થળે ઇડીએ ગયા સપ્તાહે રેઇડ પાડી હતી. ■

# મેટિની

# પ્રીતિ ઝિન્ટાની નવી ઈનિંગ્સ

**મણિરત્નમની હિન્દી ફિલ્મમાં ડેબ્યુ કરી ૧૦ વર્ષમાં જ અચાનક ગાયબ થયા પછી આ 'ડિમ્પલ ગર્લ' ફરી ફિલ્મોમાં આવવા ઉત્સુક છે.**



**કવર સ્ટોરી**
હેમા શાસ્ત્રી

મણિરત્નમની હિન્દી ફિલ્મથી એક્ટિંગનો અધ્યાય શરૂ કરવાની તક મળ્યા પછી એક આખો દસકો ટોપ મેકરો અને ટોપ એક્ટરો સાથે લીડ રોલમાં ચમકેલી ગાલમાં ખંજન ધરાવતી 'ડિમ્પલ ગર્લ' પ્રીતિ ઝિન્ટા સૌના આશ્ચર્ય વચ્ચે ગાયબ થઈ ગઈ હતી. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ચારેચાર ખાન (આમિર ખાન, શાહરુખ ખાન, સલમાન ખાન અને સૈફ અલી ખાન) તેમજ રિતિક રોશનની હીરોઈન બની એ ગ્રેડની હિરોઈનનો હોદ્દો ધરાવતી પ્રીતિ ફિલ્મના સેટ પરથી સીધી ક્રિકેટના મેદાન પર પહોંચી ગઈ હતી. ફિલ્મો કરતાં ક્રિકેટમાં વધુ કમાણી કરવામાં સફળ રહેલી પ્રીતિ એક મોટી ફિલ્મ સાથે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કમબેક કરવા થનગની રહી છે.

IPL સ્પર્ધાની ફાઈનલમાં પહોંચેલી 'પંજાબ કિંગ્સ ટીમ'ની પ્રીતિ સહ-માલકણ (કો - ઓનર) છે. ફિલ્મો છોડી ક્રિકેટ તરફ વળેલી એક્ટ્રેસ રાજકુમાર સંતોષી દિગ્દર્શિત અને આમિર ખાને પ્રોડ્યુસ કરેલી 'લાહોર ૧૯૪૭'માં એક મહત્ત્વના રોલમાં જોવા મળશે. 1947માં થયેલા ભારતના ભાગલાની પાર્શ્વભૂમિની કથા ધરાવતી આ ફિલ્મના અન્ય કલાકાર છે સની દેઓલ, આમિર ખાન, શિલ્પા શેટ્ટી અને શબાના આઝમી. ફિલ્મ તૈયાર છે, પણ નિર્માતા આમિર હોવાથી રિલીઝમાં મોડું થઈ રહ્યું છે. ફિલ્મને કેવો આવકાર મળે છે અને ફિલ્મમેકરો પ્રીતિ વિશે કેવી ઉત્સુકતા દેખાડે છે એના પર એક્ટ્રેસ ફરી સ્ટુડિયોમાં કેમેરા સામે જોવા મળે છે કે કેમ એ નિર્ભર છે. પેન ઈન્ડિયા ફિલ્મોના વધેલા ઝોકને કારણે સાઉથના ફિલ્મમેકર પ્રીતિ સાથે કામ કરવા ઉત્સુક હોવાની ગુસપુસ સ્ટુડિયોની દીવાલો વચ્ચે અથડાઈ રહી છે. અલબત્ત, આજની તારીખમાં તો આ જો અને તો ની વાત છે. હા, એટલું જરૂર કહી શકાય કે સિને પ્રેમીઓમાં પ્રીતિને ફરી પડદા પર જોવાનું કુતૂહલ જરૂર હશે.

ફિલ્મો સાથે ફારગતી લીધા પછી પ્રીતિ ઝિન્ટા ક્રિકેટ તરફ વળી ગઈ હતી. IPLમાં 'પંજાબ કિંગ્સ' ટીમમાં ભાગીદારી કરી પ્રીતિએ જબરદસ્ત આર્થિક સફળતા મેળવી હતી. આશરે ૩૫ કરોડનું રોકાણ ક્રિકેટમાં કરી પ્રીતિ આજની તારીખમાં રૂપિયા ૧૭૫ કરોડનું નેટવર્થ ધરાવતી હોવાનું કહેવાય છે. IPL ઉપરાંત સાઉથ આફ્રિકાની ટી- ૨૦ ટુર્નામેન્ટમાં પ્રીતિ 'સ્ટેલેનબોશ કિંગ્સ' ફ્રેન્ચાઇઝીમાં પણ હિસ્સો ધરાવે છે. ક્રિકેટ ઉપરાંત પ્રીતિએ અન્ય બિઝનેસમાં પણ રોકાણ કર્યું છે. એની ફિલ્મ નિર્માણ કંપની છે અને ફિટનેસ બિઝનેસમાં પણ ઈન્વેસ્ટમેન્ટ કર્યું છે. ૨૦૧૬માં અમેરિકન બિઝનેસમેન મિસ્ટર ગુડઈનફનેપરણી ગયેલી પ્રીતિ વૈભવી જીવન જીવી રહી છે. મુંબઈના સમૃદ્ધ પાલીહિલ વિસ્તારમાં એનો વૈભવી ફ્લેટ છે. વતન શિમલામાં પણ એક આલીશાન ફ્લેટ ધરાવે છે. 2016માં મેરેજ કરી લીધા પછી લોસ એન્જલસમાં પોશ બેવર્લી હિલ્સ વિસ્તારમાં રહે છે. આ વર્ષના પ્રારંભમાં લોસ એન્જલસમાં આગ ફાટી નીકળી હતી ત્યારે પ્રીતિ ઝિન્ટા અને એનો પરિવાર હેમખેમ હોવાના સમાચાર ઝળક્યા હતા.

સાબુની જાહેરખબરમાં ચમકી લોકપ્રિય મોડેલ બની ગયેલી પ્રીતિ ઝિન્ટાની પહેલી હિન્દી ફિલ્મ હતી 'દિલ સે.' હીરો હતો શાહરુખ ખાન અને મનીષા કોઈરાલાનું પાત્ર નેગેટિવ હોવા છતાં મુખ્ય અને વજનદાર હતું. મનીષાના રોલની લંબાઈ અને ઊંડાઈ બંને વધારે હતા. જોકે, નાના રોલમાં પણ પ્રીતિ દર્શકોની પ્રીતિ મેળવવામાં સફળ રહી હતી. પ્રીતિને જ્યારે ખબર પડે છે કે એનો મંગેતર (શાહરુખ) મેઘના (મનીષા કોઈરાલા) માટે સોફ્ટ કોર્નર ધરાવે છે ત્યારે પોતાની કંકોતરી હાથમાં પકડી બોલે છે કે 'ઈન શાદી કે કાર્ડ્સ કા ક્યા કરું? બોલો, ઉસકા નામ લિખ દું તુમ્હારે નામ કે સાથ?' આ એક ડાયલોગથી અને અભિનયથી પ્રીતિ દર્શકોની અનુકંપા મેળવી શકી હતી. હવે એની આગામી ફિલ્મ 'લાહોર ૧૯૪૭'માં પણ ફરી દર્શકોની ચાહના મેળવવામાં એ સફળ રહે છે કે નહીં એ તો આવનારો સમય જ કહેશે.

પ્રીતિ ઝિન્ટાના કરિયરને વેગ કરણ જોહર નિર્મિત અને નિખિલ અડવાણી દિગ્દર્શિત 'કલ હો ના હો' ફિલ્મથી મળ્યો. જોકે, આ ફિલ્મને કારણે પ્રીતિને કરીના કપૂર સાથે અબોલા થયા હતા. કરીના પોતાને અવગણે છે એવું પ્રીતિએ જાહેરમાં કહ્યું હતું. વાત એમ હતી કે 'કલ હો ના હો' માટે પહેલા કરીના કપૂરનું નામ નક્કી થયું. જોકે, પછી કોઈ કારણસર એના નામ પર ચોકડી મુકવામાં આવી અને પ્રીતિની પસંદગી કરવામાં આવી. કરીના એવું સમજી બેઠી હતી કે પ્રીતિ કોઈ રમત રમી ગઈ અને એને ફિલ્મમાંથી દૂર કરી પોતે ગોઠવાઈ ગઈ. હકીકતમાં પ્રીતિને કરીનાને બદલે એની પસંદગી કરવામાં આવી છે એની જાણ પાછળથી થઈ હતી. જોકે, કરણ જોહરના ટીવી શોમાં કરીનાએ 'કલ હો ના હો'માં પ્રીતિના પરફોર્મન્સની તારીફ કરી હતી. ■

**સ્ટાર-યાર-કલાકાર**
સંજય છેલ

## વડા પ્રધાન પાસે પણ નાટક કરાવનાર એક અલગારી કલાકાર

# હબીબ તન્વીર

*'રંગમંચ કે નાટકો ફક્ત મનોરંજન જ નથી, સામાજિક પરિવર્તનનું શસ્ત્ર છે- સમાજનો અરીસો છે.'*

..................................

*'લોકોનું નાટક ખરેખર ગામડાંમાં જ છે.'*

..................................

***'હું એક એવું થિયેટર બનાવવા માંગતો હતો જે ખરેખર ભારતીય હોય, જેમાં પશ્ચિમનું અનુકરણ ન હોય. એક એવું થિયેટર જે લોકો સાથે એમની ભાષા, એમના રૂઢિપ્રયોગ, એમની વાસ્તવિકતામાં વાત કરે.'***

આ વિચારો કોના હતા?

તમે કલ્પના કરી શકો કે ભારતનાં એક વડા પ્રધાને કોઇનાં નાટકમાં એમના નિર્દેશન હેઠળ કામ કર્યું હોઇ શકે? જી હાં ૧૯૮૪માં જંગી બહુમતિથી જીતનારા પી.એમ. રાજીવ ગાંધીએ જેમનાં 'ગધે' નામનાં નાટકમાં બાળકલાકાર તરીકે કામ કરેલું એ હસ્તીનાં આધુનિક નાટકો વિશે ઉપરોકત વિચારો છે ને તે પણ પાછાં આજથી ૬૦-૭૦ વરસ પહેલાં.

એ પ્રતિભા એટલે હબીબ તન્વીર. હમણાં ૮ જૂને હબીબ સાહેબની ૧૦૨મી પુણ્યતિથિ ગઇ. સામાન્ય રીતે કોમેડી કે સામાજિક નાટકોને જ જોનારા ગુજરાતી દર્શકો કે વાચકોને થશે કે આ હબીબ તન્વીર વળી કોણ છે? હબીબ તન્વીર, આધુનિક હિન્દુસ્તાની રંગભૂમિના આધારસ્તંભ હતા, જેમણે ૫૦ વર્ષના રંગભૂમિના સફરમાં ૧૦૦થી વધુ નાટકોનું નિર્માણ નિર્દેશન કર્યું. એ જેટલા સારા ગીતકાર, કવિ, ગાયક અને સંગીતકાર હતા તેટલા જ સારા અભિનેતા, દિગ્દર્શક અને નાટ્યકાર પણ હતા. હબીબજીના મુખ્ય નાટકોમાં 'આગરા બજાર', 'મિટ્ટી કી ગાડી'(શુદ્રકના સંસ્કૃત નાટક 'મૃચ્છકટિકમ્'નું રૂપાંતર જેનાં પરથી રેખાને ચમકાવતી 'ઉત્સવ' ફિલ્મ બનેલી), 'ચરણદાસ ચોર', 'શતરંજ કે મોહરે', 'રાજરક્ત', 'પોંગા પંડિત' વગેરે છે. એમાંયે પોંગા પંડિત નાટકમાં હબીબજીએ ભારતીય ધર્મનાં પાખંડ અને રીતરિવાજોની મજાક ઉડાવેલી એટલે એમની ખૂબ ટીકા થઈ. ૨૦૨૪ના ધ હિંદુ લિટરેચર ફેસ્ટિવલમાં, એક ડોક્યુમેન્ટરી 'ગામ કે નામ થિયેટર'માં હબીજીએ ત્યારે વિરોધીઓને કેવા આદર સાથે પણ નિર્ભયતાથી જવાબ આપેલો એ અદ્ભુત પૂરાવો છે કે સાચો કલાકાર માત્ર મનોરંજન જ નહીં પણ સમાજની બદીઓ પર ટીકા કરવા માટે પણ પ્રતિબદ્ધ હોય છે.






આ ઉપરાંત હબીબજીએ 'ગાંધી' (૧૯૮૨), 'ધ રાઇઝિંગઃ મંગલ પાંડે', 'બ્લેક એન્ડ વ્હાઇટ' (૨૦૦૮), 'પ્રહાર' વગેરે ફિલ્મોમાં સરસ ભૂમકાઓ ભજવેલી.

હબીબ તન્વીરનો જન્મ છત્તીસગઢના રાયપુરમાં થયેલો. નાની ઉંમરે જ એમણે કવિતાઓ લખવાનું શરૂ કર્યું અને સમય જતાં 'તનવીર' ઉપનામ એમની સાથે જોડાયું. ૧૯૪૫માં મુંબઈમાં ઓલ ઈન્ડિયા રેડિયોમાં નિર્માતા તરીકે જોડાયા. પછી મુંબઈમાં જ ઇન્ડિયન પીપલ્સ થિયેટર એસોસિએશન 'ઇપ્ટા'(IPTA)માં જોડાયા. ત્યારે ઇપ્ટાનાં મોટાભાગના વરિષ્ઠ કલાકારો અંગ્રેજો સામેની લડતમાં જેલમાં અંદર હતા એટલે સંસ્થાનો હવાલો હબીબજીને મળ્યો અને નાટકો કર્યાં.

પછી મુંબઇનો માહોલ માફક ના આવતા, ૧૯૫૪માં દિલ્હી ગયા ને ત્યાં કુદેસિયા ઝૈદીના 'હિન્દુસ્તાન થિયેટર' સાથે કામ કર્યું. 'ભૂખે ભજનના હોઇ ગોપાલા' જેવા કહેવત બની ગયેલા લોકપ્રિય ગીતો લખનારા આગ્રાનાં નઝીર અકબરાબાદી લોકકવિ હતા, જેમના જીવનચરિત્ર પર નાટક 'આગરા બજાર' (૧૯૫૪) હબીબ તનવીરનું પહેલું મોટું નાટક હતું. એમનું નાટક 'ચરણદાસ ચોર' હોય કે 'ગાંવ વા નામ સસુરાલ' હોય કે 'મોર નામ દામાદ ', એમણે હિંદી રંગભૂમિને લોકકલા કે પ્રાદેશિક ભાષા સાથે જોડીને નવી ઊંચાઈ આપી.

હબીબજીના 'ચરણદાસ ચોર' નાટકમાં એક સત્યવાદી ચોરની વાર્તા છે, જે પોતાના ગુરુને વચન આપે છે કે એ ક્યારેય જૂઠું નહીં બોલે. પણ ઘટનાઓ એવી બને છે કે આજનાં સમયમાં માત્ર સાચું બોલવાને કારણે ચોરની આખરે હત્યા થાય છે. પ્રેક્ષકોને હસતાં- હસતાં -રડાવતાં આ નાટકની લોકો પર એટલી ઊંડી અસર પડતી કે નાટક પૂરું થયા પછી પણ, પ્રેક્ષકો બેઠા રહેતા! એ આશામાં કે કદાચ પેલો ચોર બિચારો ફરી જીવતો થઇને ઊભો થશે. ચરણદાસ ચોરને વિદેશમાં પણ ખૂબ પ્રશંસા મળી. ૧૯૮૨માં પ્રતિષ્ઠિત 'એડિનબર્ગ ફ્રિન્જ થિયેટર ફેસ્ટિવલ'માં એને પહેલું પારિતોષિક પણ મળેલું અને પછીથી વિખ્યાત ફિલ્મ નિર્દેશક શ્યામ બેનેગલે એ નાટક પરથી ફિલ્મ બનાવેલી.

જાણીને નવાઇ લાગશે કે ભારતીય લોકકલાનાં બીજ હબીબ તન્વીરમાં છેક પરદેશ જઇને રોપાયાં. 1955માં, હબીબજીએ લંડનની 'રોયલ એકેડેમી ઓફ ડ્રામેટિક આર્ટ' (RADA) અને પછી 'ઓલ્ડ વિક થિયેટર સ્કૂલ'માં તાલીમ લીધી. પછી એક વર્ષ સુધી યુરોપમાં ફરતા રહ્યા ને ઘણા નાટકો જોયા. એમાંથી શીખવા મળ્યું કે પોતાની ભાષા અને વાતાવરણ સાથે જ કંઈક નવું સર્જી શકાય છે. જ્યારે ભારત પાછા ફર્યા, ત્યારે એમણે નાટકોમાં જન્મસ્થળ છત્તીસગઢની 'નાચા લોકકલા શૈલી'નો પ્રયોગ શરૂ કર્યો. હબીબ તન્વીર પશ્ચિમી નાટ્યશૈલીને આંધળી રીતે અનુસરવાના કટ્ટર વિરોધી હતા.

(જેનો આપણી ધંધાદારી ગુજરાતી રંગભૂમિ માટે હંમેશાં આરોપ મૂકાય છે.) 'હબીબ' નો અર્થ થાય છે પ્રેમી, મિત્ર, પ્રિય. હબીબસાહેબ ખરા અર્થમાં રંગભૂમિના 'હબીબ' કે પ્રિય હતા. એમણે છત્તીસગઢના સ્થાનિક કલાકારોને એમના નાટકોમાં લીધા અને એમની ભાષા, સંગીત અને વાતાવરણમાં કામ કર્યું. એમણે એક નવી જ નાટ્યશૈલી એવી રીતે બનાવી કે પછીથી, એ ખુદ પોતે જ એક શૈલી બની ગયા. આ શૈલી હબીબજીનાં 'નયા થિયેટર'ની ઓળખ બની.

હબીબજીએ સાવ લોકલ ગ્રામીણ અજ્ઞાત ગાયકો, નર્તકો, સંગીતકારો કે હાસ્ય કલાકારોને એમનાં નાટકોમાં કામ આપ્યું. દેશ- દુનિયાના મોટા મોટા નાટ્યલેખકોના નાટકોને સાવ ગામઠી છત્તીસગઢી બોલીમાં એવી રીતે રજૂ કર્યા કે જાણે એ નાટકો આપણાં પોતાની જ લોકકથા હોય એવું લાગતું. એમણે સંસ્કૃત નાટકોથી લઈને શેક્સપિયર અને બ્રેખ્તથી લઈને લોકકથાઓ સુધીની દરેક વસ્તુને પોતાની શૈલીમાં અપનાવી અને અજમાવી. એમના નાટકોમાં એક મૂળ આધુનિકતા અને લાક્ષણિક ગામઠીપણું સાથેનું જાદુઈ કોંબિનેશન હતું. 'પદ્મ ભૂષણ ' (૨૦૦૨) અને ફ્રિન્જ ફર્સ્ટ એવોર્ડ (૧૯૮૨) જેવા સન્માનથી નવાજાયેલા. હબીબજી કહેતા કે 'નાટકની વાર્તા તો નદીના પ્રવાહ જેવી હોવી જોઈએ.'

ભારતીય નાટકોમાં ભારતીયતાનો પ્રવાહ લાવનાર હબીબજીને સો-સો સલામ! ■

## માફી ભૂલ કરનારને મળે... ચાલાકી કરવાવાળાને નહીં...



**સાત્વિકમ્ શિવમ્**
અરવિંદ વેકરિયા

સેન્સરબોર્ડ માટે બધા સાબદા થઈ ગયા હતા. સૌથી વધુ 'એક્ટિવ' તારકનાથ ગાંધી હતાં. એમને અમદાવાદમાં પોતાનું ઘર. અહીં બોરીવલીમાં રહેતા. છેલ્લે-છેલ્લે તો એ અમદાવાદમાં જ રહેલાં. અમારા શો માટે અમદાવાદ મુખ્ય મથક. એમનો 'ક્વોટા' ત્યારે અહીં બિન્દાસ મળી રહેતો. આ તો મોસાળમાં જમવાનું અને મા પીરસનારી જેવો ઘાટ હતો. મૂળ ત્યાં રહેલા અને નીડર પત્રકાર એટલે દરેક 'પ્રેસ' સાથે ઘરોબો સારો. વધુ શોનું લાઈસેન્સ મળી જાય અને શો સારા જાય તો એમને તો ઘેર બેઠા ગંગા.

એમણે બધાને બોર્ડના અધિકારીઓ સાથે વાત કરવાની 'ના' કહી દીધી હતી. બધા સવાલોના જવાબ એ આપશે. નાટકનાં લેખન અને કોઈ સાહિત્યિક જવાબોની અનિવાર્યતા જણાય તો જ મારે કે ઈમ્તિયાઝે મોઢું ખોલવાનું એવી પણ તાકીદ કરી દીધેલી. એમનું માનવું હતું કે તમે જવાબ આપવામાં સી.એ. અને બી. કોમ. જેવો લોચો મારશો. મેં ફરક પૂછ્યો તો કહે, 'તમે સી.એ. અને બી.કોમ. બંનેને સવાલ પૂછો કે એક ઓવરમાં કેટલા બોલ હોય છે? બી.કોમ. વાળો કહેશે કે છ બોલ હોય, જયારે સી.એ. વાળો કહેશે કે બોલ એક જ હોય છે, છ વાર નાખવામાં આવે છે. આપણે જવાબ આપવામાં સમયસૂચકતા અને પરફેક્શન રાખવાના છે.' એમના ઉદાહરણનો 'જોક' મને ગમ્યો. બધા સાંજની રાહ જોવા લાગ્યા.

હું હરી ફરીને નરહરિ જાનીને એની આંગિક ચેષ્ઠા ઉપર સંયમ રાખવાનું કહેતો રહ્યો. જાની એ વિશે ખાત્રી તો આપતો હતો પણ તખ્તા ઉપર આટલાં શો થી જે કરતો આવ્યો હતો એને કંટ્રોલ કરવું મુશ્કેલ હતું એ હું પણ સમજતો હતો. મન મોટું રાખી 'માફ' કરતાં શીખવું પડે. માફીનાં હકદાર ભૂલ કરવાવાળા હોય છે, ચાલાકી કરવાવાળા નહીં. હવે તો રાત્રે 'અભિનયનો રથ' તખ્તે ગોઠવાય અને 'બોર્ડ'ના વૃંદ સામે તીર છૂટે એટલે ખબર પડે. જો કે જરા વધારે પડતું મહત્ત્વ આ 'બોર્ડ'ને આપતા હતા એવું મને લાગતું હતું. નિર્માતા અને કલાકારોને શો ની 'લાઈન' મળી જાય એ સ્વાર્થ હતો, બસ!

રાત્રે મોટાભાગનો મોરચો તારકનાથ ગાંધી સંભાળી લેવાના હતા ને કદાચ જરૂર પડે તો...મારે અને ઈમ્તિયાઝે બોલવાનું હતું. અમે તો નક્કી કર્યું હતું કે કદાચ આપણે વચ્ચે કૂદવું પડે તો ગોળ-ગોળ વાત કરવાને બદલે સાચે-સાચું બોલી દેવું.

સાચું બોલનારને અસત્યની ખબર ન હોય એવું બને, પરંતુ અસત્ય બોલનારને તો સો ટકા સત્યની ખબર હોય જ છે. અમે સત્યની સાથે રહેવાનું નક્કી કરી લીધું બાકી તારકનાથ ગાંધી એમના અનુભવે જે પક્ષે જવું હોય ત્યાં જાય.

રાત્રે શો લગભગ 'હાઉસ ફૂલ' હતો. ત્યારે પ્રેમાભાઈમાં 'વાલા' અમારું બુકિંગ સંભાળતા અને ધનજી સોલંકી એમની સાથે. ત્યારે ત્યાં 'વાલા'ની મોનોપોલી હતી એવું સ્થાનિક નિર્માતા કહેતા.

રાત્રે શો શરૂ થયો. સેન્સરબોર્ડનાં સભ્યો બધા આવી ગયા હતા. નાટકનો પહેલો અંક તો ખૂબ જોરદાર ગયો. હા, જાની ઘણી જગ્યાએ સંયમ જાળવી શક્યો નહોતો. અમુક એનાં જેસ્ચરે મને ચિંતામાં નાખી દીધો. મગજમાં એ વસ્તુ ન કરવા જડબેસલાક 'બેસાડી' દીધેલું પણ મગજ શ્રેષ્ઠ નોકર છે, પણ જો એને કાબૂમાં ન રાખો તો એ ખતરનાક માલિક બની જાય, અહીં એવું જ થતું હતું.

પહેલો અંક 'ચાબુક' ગયો. તારકનાથ ગાંધી અંદર આવ્યા, અભિનંદન આપ્યાં. કહ્યું કે બોર્ડના અમુક સભ્યો અત્યારે ડિસ્કસ કરી રહ્યાં છે. નાટક પૂરું થયા બાદ મળવા આવશે. જીવ પાછો પડીકે બંધાણો. નાટક આપણું, કલાકારો આપણા, આવવા-જવાનું-રહેવાનું બધું આપણે નક્કી કરેલું, પણ લાઈસન્સની 'ફાઈનલ' એપ્રુવલ આ બોર્ડ નક્કી કરે... પણ આ જ સાચી રીત છે. તમે વધુ પડતું ઉઘાડું રજૂ કરી દો, જેની તમને કદાચ ખબર ન પણ હોય એ સમાજમાં રજૂ થઈ જાય તો? ચા સીધી પીઓ તો ભૂકી પણ આવે. ભૂકી દૂર કરવા ગળણી વાપરવી જ પડે. એવું જ છે આ... બોર્ડ 'ગળણી'નું કામ કરે છે, જેથી સમાજ ચોખ્ખી ચા પી શકે. તમારી દ્રષ્ટિએ ભલે તમે ૧૦૦ ટચનું સોનું રજૂ કરો, પણ તમારી નજરે. એમાં આવતા 'ભુકીના કદડા'ને આવી બોર્ડ રૂપી ગળણીથી દૂર કરવા જ પડે. 'મેં કર્યું છે...પરફેક્ટ કર્યું છે..' એ અભિમાન દૂર કરવા તો આવા બોર્ડની રચના થઈ છે, પછી એ નાટકની જીવંત પ્રસ્તુતિ માટે હોય કે ચલચિત્રની દુનિયા માટે. ભલભલાનું ઘમંડ ખોટું હોય તો તૂટવું જ જોઈએ. પડછાયાને અભિમાન હતું તડકો રોકી રાખવાનું પણ અંધારું થયું ને પોતે જ ખોવાઈ ગયો. આમ ચીતરી ચડી જાય એવું અંધારું પથરાય એ પહેલા 'બોર્ડ' રૂપી અજવાળાએ સાચો રસ્તો બતાવી દેવો પડે.!

નાટકનો બીજો અને પછી ત્રીજો અંક 'ખડખડાટ' સાથે પૂરા થયા. હવે ચિંતા મહાનુભાવોની રાહ જોવાની જે ગાંધી લઈને આવવાના હતા. હવે જરૂર હતી નૈતિક શક્તિની. આમ પણ સહનશક્તિ જીવનમાં ખૂબ જરૂરી છે કેમ કે ક્યારેક તાકાત અને મોકો હોવા છતાં જતું કરવું એ ખૂબ અઘરું હોય છે અને 'સત્તા આગળ શાણપણ નકામું હોય છે.' એ લોકો 'ઓથોરિટી'...તમે એમને 'ચેલેન્જ' કઈ રીતે કરી શકો? કરી શકાય, પણ પછી એનાં રીએક્શન આપણા ગમતાં જ આવે એની ગેરંટી કેટલી? મોટા મોટા હોદ્દા, સાહિત્યકાર તરીકેની નામના. એ લોકો પોતાના ઢંકાયેલા અહમ સાથે જ સામે આવવાના. વિષયને લગતી પ્રતિક્રિયા માટે દલીલો થઈ શકે, પણ 'સમાજને આવું ઉઘાડું ન દેખાડી શકાય...

'ગુજરાત સંસ્કારની સરિતા છે, આવા કચરાથી એને મેલી કેવી રીતે કરી શકો?' આવા કેટલાય પ્રશ્નો એમના તરફથી ઊઠશે...આવું તોફાન મનમાં ચાલતું હતું.



આમાં દુકાળમાં અધિકમાસ જેવું કામ નરહરિ જાનીથી પણ થઈ ગયું. આંગિક સંયમ ન રહ્યો એટલે વાત વધુ 'ઉઘાડી' અને પેલા લોકોની નજરે કદાચ 'સમાજ માટે બીભત્સ' પણ હોઈ શકે... ■

**ડબલ રિચાર્જ**

*કોઈને કહો કે બ્રહ્માંડમાં ૩૦૦ અબજ તારા છે તો માની લેશે પણ એને એમ કહો કે 'બાંકડાનો કલર તાજો છે, બેસતો નહીં તોય એ આંગળી તો અડાડશે જ...!*

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# ‘હર હર મહાદેવ’થી ધાર્મિક ચિત્રપટનો દસકો

## બરાબર ૭૫ વર્ષ પહેલાં બનેલી માઈથોલોજિકલ ફિલ્મ પછી ૧૦ વર્ષમાં આ પ્રકારમાં જબરો ઉછાળો જોવા મળ્યો હતો

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બોલપટનો દોર શરૂ થયો ‘આલમ આરા’ (૧૯૩૧)થી. એ પહેલા મૂંગી ફિલ્મો બનતી હતી. ૧૯૨૦ અને ૧૯૩૦ના દાયકામાં નિર્માણ થયેલી ફિલ્મોની યાદી પર નજર નાખતા માઈથોલોજિકલ ફિલ્મ્સ (પૌરાણિક ચિત્રપટ)ની -ભીષ્મ પ્રતિજ્ઞા બોલબાલા હતી. અલબત્ત, પૌરાણિક ઉપરાંત ભક્તિ ચિત્રપટ (ડિવોશનલ ફિલ્મ) - ભક્ત અંબરીષ અને ધાર્મિક ચિત્રપટ (રિલિજિયસ ફિલ્મ) - શંકર અને પાર્વતી વગેરે ફિલ્મોની પણ હાજરી હતી. આ દાયકામાં ધાર્મિક ચિત્રોની ટકાવારી એટલી વધારે હતી કે એ દર્શાવવામાં આવતા હતા એ થિયેટર હતા કે મંદિર એવો સવાલ થયો હશે. જોકે, બોલપટના નિર્માણ સાથે અન્ય પ્રકારની ફિલ્મોનું ચલણ વધ્યું અને ધાર્મિક ચિત્રપટોમાં ઓટ આવી. ૧૯૪૭માં આઝાદી મળ્યા પછી ફિલ્મ નિર્માણમાં વેગ આવ્યો અને સોશિયલ અને એક્શન ફિલ્મો વધુ બનવા લાગી. ધાર્મિક ચિત્રપટ બનતા હતા, પણ એ જોવા માટે કે નિર્માણ માટે વિશેષ ઉત્સાહ નહોતો.



૧૯૫૦ના ચિત્રપટમાં ત્રિલોક કપૂર –નિરુપા રોય (ડાબે) અને ૧૯૭૪ની ફિલ્મમાં જયશ્રી ગડકર અને દારા સિંહ

એ પછી બરાબર ૭૫ વર્ષ પહેલા જૂન ૧૯૫૦માં રિલીઝ થઈ ‘હર હર મહાદેવ’. ત્રિલોક કપૂર અને નિરુપા રોયની મુખ્ય ભૂમિકાવાળા આ ચિત્રપટને બોક્સ ઓફિસ પર આનંદદાયક આવકાર મળ્યો. ૧૯૫૦ની ટોપ ટેન સફળ ફિલ્મોના લિસ્ટમાં ‘હર હર મહાદેવ’ પાંચમા સ્થાને હતી. અશોક કુમાર–નલિની જયવંતની ‘સમાધિ’, દિલીપ કુમારની ‘બાબુલ’ અને ‘જોગન’ તેમજ રાજ કપૂરની ‘દાસ્તાન’ એની આગળ હતી. જ્યારે પી. એલ. સંતોષીની ‘સરગમ’ (રાજ કપૂર), શાહિદ લતીફની ‘આરઝૂ’ (દિલીપ કુમાર - કામિની કૌશલ), દેવેન્દ્ર ગોયલની ‘આંખેં’ (મધુબાલા - ભારત ભૂષણ) તેમજ ‘સંગ્રામ’ (અશોક કુમાર) અને ‘બેકસૂર’ (મધુબાલા - અજીત) એની પાછળ હતી. ભોળાનાથની કૃપા કહો, આશીર્વાદ કહો કે બીજું કોઈ નામ આપો, પણ ‘હર હર મહાદેવ’ની સફળતાને લીધે ધાર્મિક ચિત્રપટના નિર્માણમાં નવો સંચાર થયો, પ્રાણ ફૂંકાયો અને ૧૯૬૦ સુધીના દસકામાં ૧૨૫ સવાસો પૌરાણિક, ભક્તિ અને ધાર્મિક ચિત્રપટ બન્યા. એક આખો દસકો એ પ્રકારના ચિત્રપટને સમર્પિત રહ્યો. બોલો હર હર મહાદેવ!

ફિલ્મી કથા અનુસાર માતાનું ઇન્દ્રએ કરેલા અપમાનનો બદલો લેવા અસુરોના રાજા તારકાસુર દેવતાઓની ભૂમિ પર આક્રમણ કરે છે. તારકાસુર યુદ્ધ જીતી જાય છે અને ઈન્દ્ર સહિત તમામ ભગવાનને કેદમાં રાખવામાં આવે છે. ભગવાન વિષ્ણુ અને બ્રહ્મા જાણતા છે કે કેવળ ભગવાન શિવ જ તારકાસુરને પરાજિત કરી શકે એમ છે. જોકે, ત્યારે શિવજી તપશ્ચર્યા કરી રહ્યા હોવાથી તેમને ધ્યાનભંગ કરવા કામદેવને મોકલવામાં આવે છે. આ કોશિશથી મહાદેવ કોપાયમાન થાય છે અને ત્રીજી આંખ ખોલી કામદેવને ભસ્મ કરી નાખે છે. હવે માત્ર રાજા હિમાલયની પુત્રી ઉમા (પાર્વતી) જ વિશ્વને ઉગારી શકે છે. ઉમા (નિરુપા રોય) શિવ (ત્રિલોક કપૂર)ને પ્રસન્ન કરવા માટે તપસ્યા શરૂ કરે છે. ઉમાની નિષ્ઠા અને બેજોડ ભક્તિથી શિવજી નમતું જોખે છે અને ધ્યાનમાંથી બહાર આવે છે. શિવ અને ઉમા વિવાહબદ્ધ થાય છે અને પછી ભગવાન શિવ તારકાસુરનો નાશ કરી તમામ દેવતાઓને મુક્ત કરે છે.

આ ફિલ્મ જોયા પછી ત્રિલોક કપૂર અને નિરુપા રોયની શિવ - પાર્વતીની જોડી માટે દર્શકોમાં જાણે કે અનેરો ભક્તિભાવ જાગ્યો અને ફિલ્મમેકરોના ધ્યાનમાં આ વાત આવી. પરિણામે પછી ત્રિલોક કપૂર અને નિરુપા રોયે છ ફિલ્મમાં શંકર - પાર્વતીની ભૂમિકા કરી - ‘શિવ શક્તિ’, ‘શિવ કન્યા’ ‘શિવરાત્રી’ વગેરે. એટલું જ નહીં, આ જોડી કુલ દોઢ ડઝન ફિલ્મોમાં લીડ પેર તરીકે ચમકી ગઈ જેમાંની મોટાભાગની ધાર્મિક હતી.

ફિલ્મના નિર્માતા - દિગ્દર્શક જયંત દેસાઈ હતા. સુરતમાં ફિલ્મ એક્ઝિબીટર તરીકે શરૂઆત કરનારા જયંતભાઈએ ચંદુલાલ શાહની કંપની ‘રણજીત મુવિટોન’ માટે ફિલ્મ મેકિંગની શરૂઆત કરી હતી. કે. એલ. સાયગલની ‘તાનસેન’ ફિલ્મના દિગ્દર્શક તરીકે જયંતભાઈ મશહૂર થયા હતા. ૧૯૫૦ના દાયકામાં એમણે સ્વતંત્રપણે ફિલ્મ નિર્માણ કર્યું હતું અને આધારભૂત માહિતી અનુસાર ‘હર હર મહાદેવ’ ફિલ્મથી એમની તિજોરી છલકાઈ ગઈ હતી. ફિલ્મના શૂટિંગ દરમિયાન શિવજીના (ત્રિલોક કપૂરના) ગળામાં સાચુકલો નાગ રાખવામાં આવશે એવી વાત વહેતી થઈ હતી. ઉમાનો રોલ કરનારાં નિરુપા રોયને સાપની બહુ બીક લાગતી હતી. શૂટિંગમાં સમસ્યા ઊભી ન થાય એટલે નકલી સાપનો ઉપયોગ કરી દ્રશ્યો ફિલ્માવવામાં આવ્યા હતા.

ધાર્મિક ચિત્રપટમાં ગીત - સંગીતનું પ્રમાણ ખાસ્સું હોય છે. આ ફિલ્મના સંગીતકાર હતા અવિનાશ વ્યાસ. એકંદરે ફિલ્મના નિર્માતા - દિગ્દર્શક, હીરોઈન અને સંગીતકાર ગુજરાતી હતા. ફિલ્મમાં શિવજીની સ્તુતિ સહિત ૧૦ ગીત હતાં જેમાંથી છના ગીતકાર હતા રમેશ શાસ્ત્રી. રાજ કપૂરની ‘બરસાત’નું ‘હવા મેં ઉડતા જાયે મેરા લાલ દુપટ્ટા મલમલ કા’ ગીત શાસ્ત્રીજીએ ફિલ્મો માટે લખેલું પ્રથમ ગીત હતું. ‘હર હર મહાદેવ’ માટે એમણે લખેલાં ગીતોમાંથી ગીતા દત્તના સ્વરમાં રજૂ થયેલું ‘કંકર કંકર સે મૈં પૂછું, શંકર મેરા કહાં હૈ’ હિટ થયું હતું.

મુખ્યત્વે પંજાબી ફિલ્મોનું નિર્માણ કરનારા પ્રોડ્યુસર-ડિરેક્ટર ચંદ્રકાંતે હિન્દીમાં કેટલીક ધાર્મિક ફિલ્મો બનાવી હતી. એ યાદીમાં એક ફિલ્મ હતી ‘હર હર મહાદેવ’. ૧૯૭૪માં રિલીઝ થયેલી આ ફિલ્મમાં શિવ - પાર્વતીના રોલમાં હતા દારા સિંહ અને જયશ્રી ગડકર. અન્ય પ્રમુખ કલાકારોમાં શાહુ મોડક અને પદ્મા ખન્નાનો સમાવેશ હતો. સંગીતકાર હતા કલ્યાણજી - આનંદજી. ■





મહેશ નાણાવટી


# મોટા સ્ટાર્સની સાચી-ખોટી ‘સંઘર્ષ’ કથા!


અમિતાભ બચ્ચન પોતાના પિતાશ્રી હરિવંશરાય બચ્ચન વિશે એક વાત વારંવાર કહેતા હોય છે કે એક જમાનામાં જ્યારે પોતે ઉંમરમાં નાના હતા ત્યારે પિતાજી કોઈ કવિ સંમેલનમાંથી મોડી રાત્રે ઘરે પાછા આવે ત્યારે ઊઠીને દરવાજો ખોલવાની જવાબદારી અમિતાભની રહેતી હતી. તે વખતે અમિતાભ પિતાજીને પૂછતા : ‘કુછ મિલા?’ મતલબ કે કંઈ પુરસ્કાર મળ્યો? ત્યારે હરિવંશરાયજી કોટના ખિસ્સામાંથી કાઢીને કવર આવતા, જેમાં બહુ મામૂલી રકમ રહેતી હતી. ક્યારેક તો એ ‘કવર’ પણ નહોતું આવતું.


આવા દિવસોને યાદ કરીને અમિતાભ બચ્ચન કહે છે કે, ‘હું બાબુજીને પૂછતો કે ઐસા ક્યું? ત્યારે બાબુજી કહેતા કે ‘મન કા હુઆ તો અચ્છા હૈ, મન કા ન હુઆ તો ઔર ભી અચ્છા હૈ!’

વાહ! આ કિસ્સો સાંભળીને આપણને એમ જ લાગેને, કે બિચારા એક કવિની જિંદગી કેટલી તકલીફથી ભરેલી હોય છે! આપણને એમ પણ વિચાર આવે કે ઓહોહો... આવી ગરીબાઈમાં ઉછરીને આપણા મહાનાયક આજે ક્યાંના ક્યાં પહોંચી ગયા! સલામ છે એમના સંઘર્ષને! બરોબર?


હરિવંશરાય બચ્ચન


શાહરુખ ખાન


પંકજ ત્રિપાઠી


અક્ષયકુમાર

જોકે, એ પછી મોબાઈલમાં બેઠેલા ‘ગુગલ’ મહારાજનો કાન આમળીને પૂછપરછ કરો તો ખબર પડે છે કે સિનિયર બચ્ચન સાહેબ અલાહાબાદ યુનિવર્સિટીમાં સ્નાતક થયા પછી તરત જ છેક કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ‘ઈંગ્લિશ લિટરેચર’ વિષયમાં પીએચ.ડી કરવા ગયા હતા!

ચાલો, માની લઈએ કે છેક કેમ્બ્રિજમાં ભણવાનો ખર્ચો કોઈ સ્કોલરશિપ વડે નીકળી ગયો હશે, પરંતુ એ અહીં પણ પાછા આવ્યા કે તરત ઓલ ઈન્ડિયા રેડિયો (આકાશવાણી)માં પ્રોડયુસર તરીકેની સરકારી નોકરીમાં જોડાઈ ગયા હતા!

આપણને થાય કે હાસ્તો, સરકારી નોકરીમાં તો વળી શું પગાર હોય? પણ પછી જાણવા મળે છે કે સિનિયર બચ્ચન સાહેબ ‘મિનિસ્ટ્રી ઓફ એક્સ્ટર્નલ અફેર્સ’ યાને કે વિદેશ મંત્રાલયમાં એટલા મહત્ત્વના પદે જોડાયા હતા કે ‘હિન્દી’ને રાષ્ટ્રભાષા બનાવવામાં એમનું મોટું યોગદાન હતું.

એ પછી ૧૯૬૬માં, જ્યારે આપણા મહાનાયક અભિનેતા માત્ર ૨૩ વર્ષના હતા ત્યારે તો એમના પિતાશ્રીની રાજ્યસભાના સાંસદ તરીકે ‘નિમણૂક’ કરવામાં આવી હતી!

સૌ જાણે છે કે રાજ્યસભામાં ‘નિમણૂક પામવા માટે તમારી પાસે રાજકીય વગ હોવી જરૂરી છે. અહીં તો એ વગ જગજાહેર હતી, કેમ કે હરિવંશરાયજીનાં પત્ની તેજી બચ્ચનને પંડિત જવાહરલાલ નહેરુનાં સુપુત્રી ઈન્દિરાજી સાથે બહુ જૂના બહેનપણાં હતાં!

પછી જ્યારે આપણને એ પણ જાણવા મળે છે કે આપણો અમિતાભ અને ઈન્દિરાજીનો સુપુત્ર રાજીવ, બન્ને દરેહાદૂનની ખૂબ હાઈ-પ્રોફાઈલ રેસિડેન્સી કોલેજ ‘દૂન સ્કૂલ’માં સાથે ભણતા હતા!

એટલું જ નહીં અમિતાભના સગા ભાઈ અજિતાભ બચ્ચન પોતાની નિશાળનું ભણતર પૂરૂ કરીને નૈનિતાલની ‘શેર વૂડ’ કોલેજમાં ભણવા ગયા હતા!

હવે વિચારો, શું આ બધું પેલા મોડી રાતે કવિ સંમેલનથી પાછા ફરતા મહાન કવિના પુરસ્કારોમાંથી શક્ય બન્યું?

ના! પરંતુ જ્યારે આપણે ‘મન કા હો તો ઠીક, મન કા ન હો તો ઔર ભી અચ્છા’વાળી કહાણી સાંભળીએ છીએ ત્યારે કેવા ઈમોશનલ થઈ જઈએ છીએ? સામાન્ય પ્રેક્ષકને આવી કહાણીઓ પીરસતા રહેવું પડે છે જેથી દરેકને લાગે કે પેલો મહાન સ્ટાર એક સમયે ‘આપણા જ જેવો હતો નહીં?

શાહરુખ ખાન માટે પણ એવું લખતા હોય છે કે ‘દિલ્હીનો છોકરો મુંબઈની ટિકિટ લઈને ટ્રેનમાં બેસી ગયો... અને બાકીનો ઈતિહાસ છે’ વગેરે. આવું વાંચીએ કે સાંભળીએ ત્યારે મનમાં એવી કલ્પના ઊઠે કે બિચારો શાહરુખ સેકન્ડ ક્લાસના કમ્પાર્ટમેન્ટમાં ખભે ઝોલો નાખીને બારી પાસે બેઠો છે અને મનમાં વિચારી રહ્યો છે કે ‘નીકળી તો પડ્યો છું, પણ મુંબઈમાં મારું શું થશે?’

પછી જ્યારે આપણને ક્યાંકથી જાણવા મળે છે કે શાહરુખ જ્યારે ૧૦મા ધોરણમાં પાસ થયો હતો ત્યારે એના પપ્પાએ એને એક ‘કેમેરો’ ભેટ આપ્યો હતો! કેમેરો? પછી ધીમેથી હિસાબ કાઢો તો ખ્યાલ આવે કે સાહેબ, જ્યારે મોબાઈલો નહોતા ત્યારે ફોટોગ્રાફી કરવામા કેમેરા પાંચેક હજારમાં મળતા હતા! જે પિતાજી પોતાના પુત્રને આવી મોંઘી ભેટ આપી શકે એ કંઈ મારા- તમારા જેવા મિડલ ક્લાસ પપ્પા તો નહીં જ હોય ને? પરંતુ ટ્રેનની બારીએ બેઠેલો યુવાન શાહરુખની ‘ઈમેજ’ સામાન્ય પ્રેક્ષકના દિમાગમાં ટકી રહે તેના ઘણા ફાયદાઓ હોય છે.

બેશક, અમિતાભ બચ્ચન અને શાહરુખ ખાને અહીં મુંબઈમાં પોતાનું આજનું સ્થાન બનાવવા માટે સખત મહેનત કરી છે, ‘સંઘષ’ પણ કર્યો છે (બચ્ચન સાહેબની ‘આનંદ’ પછીની સળંગ સાત ફિલ્મો ફલોપ થઈ હતી) પરંતુ ઘણીવાર ‘સંઘર્ષ’ ને ‘ગરીબી’ સાથે બહુ સિફતથી જોડી દેવામાં આવે છે.

આવા કહેવાતા ગરીબી સાથેના સંઘર્ષની મજાક ઉડાડતા હોય તેમ પંકજ ત્રિપાઠીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે ‘મારા પિતાજી એટલા ગરીબ હતા કે અમારી પાસે ‘ટ્રેક્ટર’ ખરીદવાના પૈસા નહોતા!’

અક્ષયકુમાર માટે પણ એવી કહાણી ચાલી રહી હતી કે એ તો એક જમાનામાં રેસ્ટોરન્ટમાં ‘વેઈટર’ હતા! ખરેખર? પણ ‘ગુગલ’ મહારાજને પૂછો તો કહે છે કે અક્ષયના પિતાજી આર્મીમાં ઓફિસર હતા. નિવૃત્ત થયા પછી મુંબઈમાં ‘યુનિસેફ’ (આંતરરાષ્ટ્રીય સંસ્થા)માં ચીફ એકાઉન્ટન્ટ હતા! તો આ ‘વેઈટર’વાળી કહાણી ક્યાંથી આવી?

- તો વાત એમ છે કે (જે કહાણી પણ હોઈ શકે છે) કે અક્ષયકુમાર ‘કરાટે ચેમ્પિયન’ અથવા ‘કીક બોક્સર’ બનવાની ટ્રેનિંગ લેવા માટે જ્યારે થાઈલેન્ડ ગયા હતા ત્યારે એક સ્ટુડન્ટ તરીકે એમણે રેસ્ટોરન્ટમાં આ પ્રકારનું કામ કરેલું (કેમ કે આજે પણ વિદેશમાં વિદ્યાર્થી તરીકે રહેનાર વ્યક્તિ પોતાના દેશમાંથી બહુ ઓછી રકમ મગાવી શકે છે, પરંતુ જ્યારે આપણે કોઈ રેસ્ટોરન્ટમાં જઈએ અને ત્યાં આપણા અક્ષયકુમારને ‘વેઈટર’ તરીકે ઈમેજિન કરીએ તો... કેટલું ‘સારુ’ લાગે છે, નહીં?! ■

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## ‘લાલ પરી’ પણ ચોરાયેલી છે?




બોલિવૂડ પર ચોરીના આરોપ લાગવાના સમાચાર હવે આઘાત પહોંચાડતા નથી. વાર્તા અને ‘સ્ક્રિપ્ટ’ તેમ જ ગીતો અને તેની ધૂનો ચોરી થઇ હોવાનું વારંવાર સાંભળવા મળે છે.


જોકે હવે એક અનોખા પ્રકારની ચોરીનો બનાવ સામે આવ્યો છે. અત્યારે બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહેલી ફિલ્મ ‘હાઉસફૂલ ફાઈવ’ના હીટ ગીત ‘લાલ પરી’ પર મોટો આરોપ મૂકવામાં આવ્યો છે.

સંદીપ બ્રાહ્મીન નામના એક કોરિયોગ્રાફરે એવો દાવો કર્યો છે કે ‘લાલ પરી’ માં જે સ્ટેપ્સ છે એ ઓરીજીનલી એના છે. સંદીપનું કહેવું છે કે જ્યારે યુટ્યૂબ ઉપર ‘ લાલ પરી’ ગીત આવ્યું ત્યારે એ જોઇને એના અસંખ્ય પ્રશંસકોએ એને ‘ઇન્સ્ટાગ્રામ’માં મેસેજ કરીને કહ્યું કે ‘આ તો તમારા સ્ટેપ્સ છે.’ સંદીપ બ્રાહ્મીનનો દાવો છે કે આ પ્રકારના મેસેજીઝ આવ્યા બાદ એણે પણ આ ગીત ધ્યાનથી જોયું તો એને પણ વાતમાં દમ તો લાગ્યો.

ત્યારબાદ સંદીપે આ ગીતના મૂળ કોરિયોગ્રાફર રેમો ડી’સુઝાને સંદેશ મોકલાવીને પણ પોતાનો દાવો એમની સમક્ષ રજૂ કર્યો.

સંદીપની માગણી છે કે એના સ્ટેપ્સ ‘ચોરી કરેલા’ હોવાથી ફિલ્મના નિર્માતાઓએ તેને ક્રેડિટ આપવી જોઈએ. હાલ તો એવું લાગે છે કે ‘હાઉસફૂલ’ ફ્રેન્ચાઇઝીના નિર્માતાઓ કે પછી રેમો ડી’સુઝાએ ક્રેડિટ આપવાની તો દૂર પણ સંદીપ બ્રાહ્મીનને એના દાવાનો જવાબ આપવા સુધ્ધાંની તસ્દી લીધી નથી.

## લો, અનુરાગ ને એકતા બાખડ્યાં..!



અનુરાગ કશ્યપ અને એકતા કપૂર એટલે જાણે કે આગ અને કેરોસીન...સોરી... ઘી જેવા છે. જેમ આગ અને ઘીને આજુબાજુમાં ન રખાય એમ આ બંનેને સાંકળે એવું કોઈએ કશું બોલવું ન જોઈએ, પરંતુ જો આ બંનેને એકબીજા સામે તલવારો લઈને ઊભા કરી દે એવું સ્ટેટમેન્ટ ‘નેટફ્લિક્સ’ના મોટા સાહેબ આપી દે તો પછી તો....

નિખિલ કામતના પોડકાસ્ટમાં ‘નેટફ્લિક્સ’ના સીઈઓ ટેડ સેરેનડોસે કાંઈક એવું નિવેદન આપી દીધું કે ‘અમે જ્યારે ભારતમાં ‘નેટફ્લિક્સ’ને લોકલ કન્ટેન્ટ આપવા માટે રેડી કર્યું ત્યારે (કશ્યપની) ‘સેક્રેડ ગેમ્સ’ જેવી સિરીઝ કરવાને બદલે કોઈ લોકપ્રિય શો કર્યો હોત તો જરા સારું રહેત...’

પત્યું! અનુરાગ કશ્યપને તો આટલું જ જોઈતું હતું. એણે સેરેનડોસ પર કટાક્ષ કરતાં કહી દીધું કે, ‘તો તો બહેતર રહેત કે તમે (મારા શોને બદલે) સાસ-બહુની સિરિયલોથી શરૂઆત કરત.’

આમ તો અનુરાગે કોઈનું નામ લીધું ન હતું, પરંતુ એકતા કપૂર જે ‘સાસ-બહુ’ સિરિયલની જનેતા છે એને કદાચ એમ લાગ્યું કે અનુરાગનું ઉડતું તીર એના માટે જ છે. પછી તો એકતાએ એક લાંબીલચક ઇન્સ્ટા સ્ટોરી લખી નાખી જેમાં એણે ‘અનુરાગને મૂર્ખો અને ભારતીય દર્શકોનું અપમાન કરનારી વ્યક્તિ’ પણ કહી દીધી!. હવે સાસ-બહુ સિરિયલો ટીકા ભારતીય દર્શકનું અપમાન કેવી રીતે થાય એ તો એકતાને જ ખબર! બાકી અનુરાગ કશ્યપે હજી સુધી એકતાને કોઈ જવાબ નથી આપ્યો.

આ વિવાદ વચ્ચે એ સમાચાર પણ આવ્યા છે કે ‘નેટફ્લિકસે’ એકતાની ‘બાલાજી ટેલિફિલ્મ્સ’ સાથે કરાર કર્યા છે !

## અરે, એ તો મૈં ભૂલ ગયા થા!



આમિરને છેક હવે યાદ આવ્યું કે ‘પાયરસી ભી એક ચીઝ હૈ!’

બોલિવૂડમાં બધાની યાદશક્તિ બહુ નબળી હોય છે. આપણા મોટા મોટા કલાકારો અને નિર્માતાઓ બોલિવૂડને પરેશાન કરતી બાબતોને ત્યાં સુધી ભૂલી જતા હોય છે જ્યાં સુધી એમનો ‘વારો’ ન આવે.

આમિરની ‘સિતારે ઝમીન પર’ રિલીઝ માટે તૈયાર છે અને એવા સમયે જ આમિરને યાદ આવ્યું કે ‘અલ્યા, પાયરસીનો રોગ તો બોલિવૂડ માટે કેન્સર જેવો છે!’


હાલમાં આમિરે કહ્યું છે કે પાયરેટેડ માધ્યમો દ્વારા કોઇપણ ફિલ્મ ન જોવી જોઈએ. આ માટે આમિરે એક ઉદાહરણ આપતાં કહ્યું કે તમે ઈલેક્ટ્રોનિક સ્ટોરમાં જાવ છો તો શું ટીવી ચોરીને ઘરે આવી જાવ છો? તો પછી થિયેટરને બદલે પાયરેટેડ માધ્યમોનો ઉપયોગ કરીને ફિલ્મો કેમ જુવો છો?

વાત મુદ્દાની ખરી, પરંતુ આ મુદ્દાની વાત આમિરને ત્યારે જ કેમ યાદ આવી જ્યારે એની પોતાની જ ફિલ્મ આવતા શુક્રવારે રિલીઝ થવાની છે? આમ તો દર શુક્રવારે બીજાની ફિલ્મો રજૂ થતી જ હોય છે !

આમિરની વાત બાજુમાં રાખીએ તો ખરેખર પાયરસીએ આપણા ફિલ્મ ઉદ્યોગ માટે ઊધઈ જેવી છે. હાલમાં જ સલમાન ખાનની ‘સિકંદર’ રિલીઝ થયાના બે દિવસ અગાઉ અઢી હજાર જેટલી વેબસાઈટ્સ પર આવી ગઈ હતી, જેણે ફિલ્મને ફલોપ કરવામાં મોટો ભાગ ભજવ્યો હતો. ■

## કટ એન્ડ ઓકે..


ભંગાર સ્ક્રિનપ્લે ઉપરાંત તમિલમાંથી કન્નડ ભાષા જન્મી છે એવો દાવો કરવાને લીધે પોતાની ફિલ્મ ‘ઠગ લાઈફ’ મહાફલોપ જવાથી હવે કમલ હસન ફરીથી દક્ષિણના રાજ્યો પર હિન્દી ન લાદવાના પોતાના મૂળ એજન્ડા પર ઊતરી આવ્યા છે.



## આજની ટૂંકી વાર્તા

‘અનામી’

# નવા સંબંધનો સૂરજ



**એક દિવસ માધુરી માતાના ખભા ઉપર માથું ઢાળી રડી પડી. તેનું રુદન માતાને અકળાવી ગયું. પાંચ-પાંચ વર્ષનાં વહાણાં વાઈ ગયાં, છતાં માધુરીનો ખોળો ખાલી હતો. ઘરમાં ખાસ ઉત્સાહ નહોતો. માધુરી ખૂબ જ ઉદાસ રહેતી હતી. તે સાવ નંખાઈ ગઈ હતી. તેને ઊંડે-ઊંડે દિલમાં માતૃત્વની અતૃપ્ત ઝંખના સતાવ્યા કરતી હતી. અનુરાગ પણ થાકેલો દેખાતો હતો. બંને વચ્ચે હવે સ્નેહભર્યા સંવાદો થતા ન હતા. વાતો ઓછી થઈ ગઈ હતી. જાણે ખામોશીની એક દીવાલ ઊભી ન હોય!**

માધુરી સ્કૂલમાં ભણતી ત્યારથી જ ચંચળ અને હસમુખી હતી. આકર્ષક આંખો, તેનો ચહેરો જાણે ચાંદ જ જોઈ લ્યો! સમજુ પણ એટલી જ હતી. માધુરી માતાપિતાનું એકનું એક સંતાન તેથી અનહદ લાડપ્યારમાં ઊછરી હતી. સ્કૂલમાંથી કોલેજમાં પ્રવેશેલી રમતિયાળ અને ક્ષણેક્ષણ આનંદમાં રહેતી માધુરી અન્યાય, અત્યાચાર, ભ્રષ્ટાચાર, વ્યભિચાર, વ્યસન જેવાં દૂષણો સામે કવિતા, વાર્તા રચીને રોષ પ્રગટ કરતી.

કોલેજમાં સૌ કોઈ માધુરીના મિત્રો હતા. નાનાં બાળકો સાથે ઓત-પ્રોત થઈ જતી માધુરી પૈસાદાર મા-બાપની દીકરી છે એવું અભિમાન કર્યા વિના ક્યારેક તો કોઈને કહ્યા વિના બહેરાં-મૂંગાં, અંધ, અપંગ અને નિરાશ્રિત બાળકોની શાળામાં જઈને ફળ, બિસ્કિટ, ચોકલેટ આપતી. કાલી-ઘેલી વાતો, નૃત્ય, સરસ મજાની વાર્તા કરતી માધુરી બાળકોને બહુ ગમતી.

કોલેજમાં માધુરીના ક્લાસમાં અનુરાગ નામનો એક શાંત અને ગંભીર સ્વભાવનો છોકરો ભણતો હતો. તેના શાંત સ્વભાવથી માધુરી તેના તરફ આકર્ષાઈ હતી.

એક દિવસ કોલેજની કેન્ટીનમાં તેમની મુલાકાત થઈ. હિંમત એકઠી કરી માધુરીએ અનુરાગ પાસે તેની નોટબુક માગી અને કાલે પાછી આપીશ, એમ કહી જતી રહી.

રાત્રે માધુરી સૂઈ શકી નહીં! આખી રાત અનુરાગના વિચારો કરતી હતીઃ ‘અનુરાગ, ભલે તમે ગુલાબ હો, હું પણ ખીલતી કળી છું. મેં પ્રતીક્ષા કરી છે, મારા દિલને મનાવવા, મુજને ખબર છે કે તમે જરૂરથી આવશો.’ આમ ને આમ રાત પસાર થઈ ગઈ. બીજે દિવસે માધુરીએ અનુરાગની નોટબુકમાં પત્ર મૂક્યો અને પાછી આપી. પત્રમાં માધુરીએ અનુરાગને મળવાનો સમય લખ્યો હતો. બંનેની મુલાકાત થઈ.

માધુરીએ અનુરાગનો હાથ પકડીને કહ્યુંઃ ‘અનુરાગ, હું તમારા અસ્તિત્વને પ્રેમ કરું છું! તમારા સહવાસથી મારા જીવનની વસંત ખીલવા માંડી છે. સ્નેહનાં વાદળો વરસવા લાગ્યાં છે ત્યારે તમારા વિના હું એકલી ભીંજાવા માગતી નથી. મેં કોઈ આવેશમાં આવીને આ નિર્ણય નથી લીધો. કોઈને દિલોજાનથી ચાહવું એટલે ગમે ત્યાં કૂદી પડવું એવું મેં લેશમાત્ર વિચાર્યું નથી.’

અનુરાગ થોડી વાર વિચારોના વમળમાં ખોવાઈ ગયો. બહુ વિચાર કરી તેણે માધુરીને કહ્યુંઃ ‘માધુરી, હું મારો નિર્ણય આવતી કાલે કહીશ.’

રાત્રે પથારીમાં સૂતાં-સૂતાં અનુરાગ વિચારતો હતો કે, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનો અભ્યાસ કરવાનો છે. આર્ટિકલશિપ બાકી છે. ખૂબ નામ, દામ કમાવાં છે. મંઝિલ દૂર છે. ત્યારે હું માધુરીનાં અને મારાં સ્વપ્નાં પૂરાં કરી શકીશ?’ ફિલ્મોમાં અને સિરિયલમાં પ્રદર્શિત થતી યુવાનોની જીવનની અવાસ્તવિકતાથી અનુરાગ હજારો માઈલ છેટો હતો.

માધુરીએ મનોમંથન કર્યું હતુંઃ ‘અનુરાગ નિર્વ્યસની છે. તેનામાં કંઈક મેળવવાની તાલાવેલી દેખાય છે. અભ્યાસમાં તેજસ્વી તો છે, પણ ઈત્તર પ્રવૃત્તિમાંય અવ્વલ નંબર જ હોય છે. કારકિર્દી માટે ચિંતા કરતો આ યુવાન જેવો છે તેવો જ દેખાય છે.’ આ બધા ગુણોથી માધુરી અનુરાગ ઉપર આફરીન હતી.

બીજે દિવસે કોલેજમાં બંને મળ્યાં. ફાઈનલ વર્ષ હતું એટલે પરીક્ષાઓ પૂરી થઈ જાય પછી જ મળવું એવું નક્કી કરીને છૂટાં પડ્યાં. સમય સમયનું કામ કરે છે. પરીક્ષા પૂરી થઈ ગઈ અને પરિણામમાં બંને સારા માર્કે પાસ થયાં હતાં.

માધુરીના પિતા ગરમ સ્વભાવના હતા. તેમની ઈચ્છા એવી હતી કે માધુરીનાં લગ્ન કોઈ સારા કુટુંબના ડૉક્ટર કે એન્જિનિયર છોકરા સાથે થાય. માતા-પિતાની આ ગ્રંથિ હતી એવું માધુરીને લાગતું હતું. દુનિયામાં ડૉક્ટર, એન્જિનિયરની જેમ અન્ય ક્ષેત્રમાં પણ પ્રતિભાઓ હોય જ છે, પછી મા-બાપ આવું કેમ વિચારતાં હશે? એવો વિચાર માધુરીના મનમાં સતત ઘોળાયા કરતો હતો. આવા વિચારોની ગડમથલ વચ્ચે માધુરીએ પોતાની તમામ તાકાત ભેગી કરી. માતાપિતાને અનુરાગ વિશે વાત કરી. પિતા નારાજ થયા, પણ માતાએ માધુરીને અનુરાગને ઘેર બોલાવવા કહ્યું.

અને એક દિવસ અનુરાગને લઈ માધુરી ઘેર આવી. માધુરીનાં માતા-પિતા અનુરાગને જોઈ મોંમાં આંગળાં નાખી ગયાં. માધુરીના પિતા ખુશ થઈ બોલ્યાઃ ‘માધુરી, તારી પસંદગી પણ મારા જેવી સુંદર છે, પણ...!’ માધુરીના પિતા બોલતાં- બોલતાં અટકી ગયા.

અનુરાગ-માધુરી એક સાથે બોલ્યાંઃ ‘પણ, એટલે શું?’

‘મારે અનુરાગ-માધુરીને એક પ્રશ્ન પૂછવો છે કે ઘર અને મકાનમાં શું તફાવત હોય છે?’

પ્રશ્ન સાંભળી માધુરી તો મૂંઝાઈ ગઈ, પણ અનુરાગે તરત જ જવાબ આપ્યો, ‘મકાન ઈંટ, ચૂના અને પથ્થરથી બને છે, જ્યારે એમાં મનુષ્ય સંપ, સ્નેહથી રહીને ઘર બનાવે છે. સુખી ઘર બનાવવું મનુષ્યના હાથમાં હોય છે.’

માધુરી-અનુરાગની સગાઈ થઈ ગઈ. અનુરાગ સી.એ. થઈ ગયો. પ્રેક્ટિસ પણ શરૂ કરી દીધી. એક વર્ષ પછી લગ્ન કરવાનો અનુરાગનો પ્રસ્તાવ માધુરીનાં માતા-પિતાએ સ્વીકાર્યો હતો. કારણ, એક વર્ષમાં અનુરાગ પોતાના વ્યવસાયમાં સ્થિર થયા પછી સંસારયાત્રાના શ્રીગણેશ કરવા માગતો હતો.

સમય પસાર થતો હતો. બંનેનાં માતા-પિતા હરખથી મળતાં હતાં. ખોટા ખર્ચા અને રીતિ-રિવાજોમાં તણાયા વિના લગ્ન કરવાનું નક્કી થયું. વૃક્ષારોપણ, રક્તદાન, વૃદ્ધાશ્રમમાં દાન, શિક્ષણ ઉત્કર્ષ માટે પણ કંઈક કામ કરવું. હરખ ખરો પણ સાદાઈથી લગ્ન કરવાનું નક્કી થયું. માધુરી-અનુરાગ પણ સંમત હતાં.

લગ્નને હવે મહિનો જ બાકી હતો. માધુરીને ઘેર અનુરાગનો પરિવાર આયોજન અર્થે આવ્યો. ભોજન લઈ બંને પરિવારો રાત્રિના સમયે ઘરના ફળિયામાં મંદ-મંદ શિયાળુ પવનનો આનંદ લેતા હતા. ચર્ચા શરૂ થઈ. અનુરાગના પિતાએ પહેલ કરી, ‘આગળ આપણે નક્કી કર્યા મુજબ અમે ઘરેણું શુકન પૂરતું તૈયાર કરાવ્યું છે. બાકીની રકમમાંથી અનાથ આશ્રમની દીકરીઓનાં લગ્નમાં ઘરેણાં માટે દાન કરશું.’ અનુરાગના પિતાની વાત સાંભળી માધુરીનાં માતાપિતાએ રાજી થઈ કહ્યું કે, ‘અમે પણ માધુરીને થોડું સોનું આપશું અને બાકીની રકમમાંથી. અંધ, અપંગ વિદ્યાલયમાં, રક્તપિત્તથી પીડાતા લોકોને અને વૃદ્ધાશ્રમમાં માધુરીના હસ્તે દાન આપશું.’

માતા-પિતાને સાંભળ્યા પછી અનુરાગ-માધુરી બોલ્યાંઃ ‘અમે અમારાં લગ્ન નિમિત્તે પાંચ વૃક્ષોનું રોપણ કરવાનાં છીએ અને દસમા ધોરણમાં અભ્યાસ કરતા એક ગરીબ તેજસ્વી વિદ્યાર્થીને મદદ કરશું.’

માધુરી-અનુરાગના ઉમદા વિચારો સાંભળી બંનેનાં માતા-પિતાએ મનોમન ઈશ્વરનો આભાર માન્યો અને નિર્ણય કર્યો કે બંને પરિવારોએ અનાથ બાળકોને જમાડી પછી જ લગ્નપત્રિકાનું વિતરણ કરવું. બધા ખુશખુશાલ હતા.

અનુરાગ-માધુરીનાં લગ્નની બધે વાહ વાહ થવા લાગી. શિમલા-મસૂરી જેવાં મોંઘાં હિલ-સ્ટેશને ફરવા જવાને બદલે ગુજરાતમાં જ ફરવાનું નક્કી કર્યું.

અઠવાડિયું ફરીને બંનેએ પોતાના નાના બંગલામાં રહેવા આવી દામ્પત્ય જીવનનો પ્રારંભ કર્યો. ઉમંગની છોળ ઊડતી હતી. અનુરાગ પરમાત્માનો મનોમન આભાર માનતો હતો તો માધુરી પણ ઈશ્વરની કરામતનાં વખાણ કરતાં થાકતી નહોતી.

સમય ક્યાં પસાર થઈ જાય છે તેની કોઈને ખબર પડતી નથી. અનુરાગ-માધવીનાં લગ્નને જોતજોતામાં પાંચ વર્ષ થઈ ગયાં.

એક દિવસ માધુરી માતાના ખભા ઉપર માથું ઢાળી રડી પડી. તેનું રુદન માતાને અકળાવી ગયું. પાંચ-પાંચ વર્ષનાં વહાણાં વાઈ ગયાં, છતાં માધુરીનો ખોળો ખાલી હતો. ઘરમાં ખાસ ઉત્સાહ નહોતો. માધુરી ખૂબ જ ઉદાસ રહેતી હતી. તે સાવ નંખાઈ ગઈ હતી. તેને ઊંડે-ઊંડે દિલમાં માતૃત્વની અતૃપ્ત ઝંખના સતાવ્યા કરતી હતી. અનુરાગ પણ થાકેલો દેખાતો હતો. બંને વચ્ચે હવે સ્નેહભર્યા સંવાદો થતા ન હતા. વાતો ઓછી થઈ ગઈ હતી. જાણે ખામોશીની એક દીવાલ ઊભી ન હોય!

અનુરાગ-માધુરીના મેડિકલ ટેસ્ટમાં, તપાસમાં ધાર્યા બહાર ખર્ચ થઈ ગયો હતો. મુંબઈમાં જસલોક, ટાટા જેવી મોટી હોસ્પિટલના વરિષ્ઠ અને વિદ્વાન તબીબોએ એક જ વાત કરી હતી કે માધુરી ક્યારેય મા નહીં બની શકે. માતૃત્વની ઝંખનાને લીધે અનુરાગ અને માધુરી જાણે કે સૂકી નદીના સામ-સામેના કિનારા ઉપર ઊભાં રહી જિંદગી જીવતાં હોય તેવું લાગતું હતું.

સમય પસાર થતો હતો. મુંબઈથી અનુરાગનો કોલેજકાળનો મિત્ર મયૂર ધંધાર્થે આવવાનો હતો. તેણે અનુરાગને મળવાનું જણાવ્યું હતું.

માધુરી બારીની બહાર ખુલ્લા આકાશમાં ઊડતા પંખીને નિર્જીવ નજરે તાકી રહી હતી. ફળિયાના વૃક્ષ ઉપર ચકલીએ માળો કર્યો હતો. તેમાં ચકલી બચ્ચાને વહાલ વરસાવતી હતી. તે દૃશ્ય પણ માધુરીએ જોયું હતું. અનુરાગ હીંચકા પર બેઠો છાપું વાંચતો હતો. ત્યાં જ કાર અનુરાગના બંગલાના ફાટક પાસે આવી ઊભી રહી. મયૂરે કારમાંથી બહાર નીકળતાં જ બૂમ પાડીઃ ‘એય અનુરાગ, ક્યાં છો?’ મયૂરનો અવાજ સાંભળી અનુરાગ પણ દોડ્યો. મયૂરને આવકારવા ફાટક ભણી ગયો અને માધુરીને બૂમ પાડીઃ ‘માધુરી, માધુરી... જો કોણ આવ્યું છે?’ માધુરી બહાર આવી ન હતી.

પાંચ વર્ષ બાદ મયૂર- અનુરાગ મળ્યા હતા. ભોજન લઈ ફળિયામાં ખુલ્લી હવા લેતાં-લેતાં વાતોએ વળગ્યા. ‘કેમ ભાભી, શું ખબર છે? કેમ મૂડ નથી? આટલાં ઉદાસ કેમ લાગો છો?’ મયૂર તેમની સમસ્યાથી સાવ અજાણ હતો. તે પ્રશ્ન ઉપર પ્રશ્ન પૂછ્યે જતો હતો. અનુરાગ વચ્ચે બોલી વાત બદલી નાખે અને કહેતો, ‘મયૂર, તારી ભાભીને એકલા હાથે કામ કરવું પડે છે. કામકાજ બહુ રહે છે માટે થાકેલી લાગે છે. તેને આરામ કરવા દઈએ. ચાલ, આપણે બેસીએ. માધુરી તું આરામ કર.’

અનુરાગે માધુરીને સૂવડાવી, પ્રેમથી માથે હાથ ફેરવી કહ્યુંઃ ‘તું શાંતિથી સૂઈ જા. કોઈ વિચાર કર્યા વિના આરામ કર. ઈશ્વર બધાં સારાંવાનાં કરશે.’

અનુરાગે મયૂરને ધીમા સ્વરે બધી વિતક કથા સંભળાવી. મયૂરે અનુરાગને મુંબઈ આવવા કહ્યું. માધુરીને બે દિવસ પિયરે મૂકી, ‘ઓફિસના કામે મુંબઈ જાઉં છું’, તેમ કહી અનુરાગ મુંબઈ ગયો. મયૂર અનુરાગને એક અનાથ આશ્રમમાં લઈ ગયો. જ્યાં કૂદતાં-નાચતાં ભૂલકાંઓને અનુરાગ જોતો જ રહ્યો. આશ્રમની બધી જ કાર્યવાહી પૂરી કરી, ત્રણ વર્ષના સૂરજને લઈ અનુરાગ મુંબઈથી અમદાવાદ જવા નીકળ્યો. મયૂરની મિત્રતાને અનુરાગ મનોમન વંદી રહ્યો. અનુરાગ અમદાવાદ ઘેર પહોંચ્યો. તેણે કોઈને કહ્યું નહોતું કે આજે માધુરીનો જન્મદિવસ છે. માત્ર મયૂરને જ ખબર હતી. સવારના આઠ વાગ્યા હતા. ટેક્સી ફાટક પાસે આવી ઊભી રહી. અનુરાગે માધુરીને બોલાવી, ‘માધુરી... માધુરી?’

માધુરી ઘરમાંથી બહાર આવી.

‘માધુરી, જો કોણ આવ્યું છે? આ છે સૂરજ. આજે હું તારા જન્મદિવસ પર સૂરજ તને ભેટ આપું છું.’ માધુરી સ્તબ્ધ બની સૂરજ સામે જોતી જ રહી. બંનેની આંખો મળી. સૂરજનો સુંદર ચહેરો, નાની-નાની કાળી આંખો જોઈ માધુરીની હૃદય-સરિતામાં માતૃત્વનું ઝરણું વહ્યું. વર્ષો પછી માધુરીના હૃદય સાગરમાં કોઈ બાળક માટે પ્રેમની ભરતી આવી હોય તેમ બે ડગલાં આગળ વધી અને સૂરજને ઊંચકી પોતાની છાતીએ ચાંપી દીધો. સૂરજ પણ માધુરીને મમ્મી કહી વળગી પડ્યો.

અનુરાગ બંનેને થોડી વાર જોતો રહ્યો પછી તેની આંખોમાંથી પણ હર્ષનાં બે અશ્રુ ટપકી પડ્યાં. અનુરાગ અને માધુરી ફરી એક વાર નજીક આવી ગયાં. સૂરજ ખૂબ જ ચંચળ સ્વભાવનો હતો. બંને સૂરજને લઈ ફરવા જવા લાગ્યાં. આમ, બંને વચ્ચેની તિરાડ સંધાઈ ગઈ. દિવસો પસાર થતા જાય છે.

સૂરજ હવે પાંચ વર્ષનો થઈ ગયો હતો. સવારે અનુરાગ અને માધુરી વહેલાં ઊઠી-પરવારી ગયાં. કારણ, આજે સ્કૂલમાં સૂરજના એડમિશન માટે જવાનું હતું.

માધુરીની આંગળી પકડીને ચાલતો સૂરજ બંગલાની બહાર આવે છે. સૂર્યનાં કિરણો ત્રણેયના ચહેરા ઉપર પડતાં હોય છે. માધુરીએ સૂરજને છાતીએ વળગાડી અનુરાગને કહ્યુંઃ ‘લાગે છે કે આજે કોઈ નવા સંબંધનો સૂરજ ઊગ્યો!’

અનુરાગે કહ્યું, ‘સૂરજ તો રોજ એનો એ જ ઊગે છે અને આથમે છે.’

ત્યારે માધુરીએ કહ્યુંઃ ‘ના, આ તો મારા જીવનમાં ઊગેલા નવા સંબંધના નવા સૂરજની હું વાત કરું છું.’

ત્રણે જણ ધીમે ધીમે સૂર્યના પ્રકાશમાં પડતા પડછાયાને ઓળંગતાં ઓળંગતાં એડમિશન માટે સ્કૂલમાં જાય છે.

‘અનુરાગ, ભલે તમે ગુલાબ હો, હું પણ ખીલતી કળી છું. મેં પ્રતીક્ષા કરી છે, મારા દિલને મનાવવા, મુજને ખબર છે કે તમે જરૂરથી આવશો’

અનુરાગ-માધુરી બોલ્યાંઃ ‘અમે અમારાં લગ્ન નિમિત્તે પાંચ વૃક્ષોનું રોપણ કરવાનાં છીએ અને દસમા ધોરણમાં અભ્યાસ કરતા એક ગરીબ તેજસ્વી વિદ્યાર્થીને મદદ કરશું’

માતૃત્વની ઝંખનાને લીધે અનુરાગ અને માધુરી જાણે કે સૂકી નદીના સામ-સામેના કિનારા ઉપર ઊભાં રહી જિંદગી જીવતાં હોય તેવું લાગતું હતું.

વર્ષો પછી માધુરીના હૃદય સાગરમાં કોઈ બાળક માટે પ્રેમની ભરતી આવી હોય તેમ બે ડગલાં આગળ વધી અને સૂરજને ઊંચકી પોતાની છાતીએ ચાંપી દીધો.(સમાપ્ત)■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| तौहीन | ટુવાલ |
| तौफीक | રીત |
| तौर | અપમાન |
| तौलिया | ગરમી |
| तौंसा | શ્રદ્ધા |

### ઓળખાણ પડી?



‘ગ્લેડિયેટર’, ‘અ બ્યુટીફૂલ માઈન્ડ’, ‘એલ. એ. કોન્ફિડેન્શિયલ’ જેવી ફિલ્મોથી ગાજેલા હોલિવૂડ એક્ટરની ઓળખાણ પડી?

અ) રસેલ ક્રો  બ) ટોમ હેન્ક્સ  ક) કેવિન સ્પેસી  ડ) ટોમ ક્રુઝ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સં | વે | ૨ દ | ૩ ન | | ૪ મ | ૫ રુ | ભૂ | મિ | |
| કુ | | ૬ લ | વા | ૭ રો | | પ | | | ૮ કં |
| ૯ ચિ | ભ | ડું | | ૧૦ જ | ૧૧ ગ | | ૧૨ સ | પા | ટા |
| ત | | | ૧૩ જ | બ | ર | દ | સ્ત | | ળા |
| તા | | ૧૪ હ | ર | રો | જ | | ૧૫ ન | ૧૬ મા | જ |
| | ૧૭ વા | લ | | જ | | ૧૮ ઘા | | ૧૯ ન | ન |
| ૨૦ ર | ઘ | વા | ૨૧ ટ | | ૨૨ ખ | ત | ૨૩ ર | ના | ક |
| ૨૪ સ | ર | | ૨૫ કો | ૨૬ ગ | ળા | | ૨૭ જે | ર | |
| ૨૮ પ્ર | ણ | | | ઈ | | ૨૯ ઘ | ર | | ૩૦ બા |
| દ | | ૩૧ ચ | ણ | ભ | ણ | | ૩૨ જ | બ | રી |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ | | ૬ | | ૭ |
| ૮ | | | | | ૯ | ૧૦ | | | |
| | | ૧૧ | | ૧૨ | | ૧૩ | | | |
| | ૧૪ | | ૧૫ | | | | | ૧૬ | |
| ૧૭ | | | ૧૮ | | | ૧૯ | | | |
| | | ૨૦ | | | ૨૧ | | | | |
| ૨૨ | ૨૩ | | | ૨૪ | | | ૨૫ | | ૨૬ |
| ૨૭ | | | | | | ૨૮ | | | |
| | | | ૨૯ | | | | | ૩૦ | |
| ૩૧ | | | | | | ૩૨ | | | |

**આડી ચાવી**

૧. પ્રસંગોપાત, કદી કદી (૬)
૬. પરદા પછવાડે (૩)
૮. થડકો (૪)
૯. શીતળાની બીમારી (૩) (હિ.)
૧૧. મેળો, મેળાવડો (૩)
૧૩. નોકરી માટે--- યા લખો (૨)
૧૫. હાથી (૨)
૧૬. ઉંમર (૨)
૧૭. કંજૂસ, નીરસ, ઓછાબોલું (૨)
૧૮. એક જાતનો દારૂ (૨)
૧૯. રાજ (૪)
૨૦. અમે (હિં) (૨)
૨૧. પવિત્ર (૨)
૨૨. પૃથ્વીની સપાટી (૩)
૨૪. ધાર (૨)
૨૭. તાસક, માળ, તબક્કો (૩)
૨૮. પરંતુ, ઉપરાંત, સુધ્ધાં (૨)
૨૯. સોંસરું (૪)
૩૦. વસ્ત્રવિહીન (૨)
૩૧. એકસરખાપણું (૫)
૩૨. બહાદુર (૪)

**ઊભી ચાવી**

૧. વિકલ્પ, કિંવા, કે (૩)
૨. ---બાંધવી એટલે રક્ષણની યોજના કરવી (૨)
૩. ભૂંડી હાર (૩)
૪. તબિયત છે, --- રહ્યા કરે (૬)
૫. કવિ કવિતા --- (૨)
૬. એક છોડ (૩)
૭. શયતાનપણું (૫)
૧૦. જાદુઇ, કરામતી, (૫)
૧૨. ઉર્દૂ કાવ્યપ્રકાર (૩)
૧૪. અત્યાર લગી (૨)
૧૬. વસ્ત્ર (૩)
૧૭. પાયાનું (૪)
૨૦. સૂર, રોનક, ક્ષણ (૩)
૨૧. કાંઠો, તીર (૨)
૨૩. ઘોડો ચાલે (૪)
૨૪. ઉત્સુકતા, અધીરાઇ (૪)
૨૫. આખ્યાનકાર વગાડે (૨)
૨૬. દોષી (૪)
૨૮. ફરશી, પરશુરામનું શસ્ત્ર (૩)
૨૯. અડધું (૨)
૩૦. હજામ (૨)

### ગુજરાત મોરી મોરી રે

‘ભક્ત સુરદાસ’થી અભિનય યાત્રાનો પ્રારંભ કરનારા અવ્વલ એક્ટર અરવિંદ પંડ્યાએ મીનાકુમારી સાથે કઈ હિન્દી ફિલ્મ કરી હતી?

અ) આરતી  બ) નૌલખા હાર
ક) મિસ મેરી  ડ) ફૂટપાથ

### જાણવા જેવું

સત્યજિત રાયની ફિલ્મ ‘પાથેર પાંચાલી’માં એક પણ ગીત નહોતું, પણ સંગીતકાર તરીકે રવિશંકરનું નામ છે. રવિશંકરે બેકગ્રાઉન્ડ મ્યુઝિક તૈયાર કર્યું હતું. એક પણ ગીત વિનાની પહેલી હિન્દી ફિલ્મ હતી ૧૯૩૭ની ‘નૌજવાન’. ફિલ્મ જોવા આવેલા દર્શકોએ ગીત સાંભળવા ન મળતા છેતરાયા હોવાની ફરિયાદ કરી હતી.

### સુડોકુ-૯૦૧૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૬ | ૩ | | ૧ | ૭ | | |
| ૯ | | | | | | | ૨ | |
| | ૨ | ૩ | ૫ | | | | | |
| ૫ | | ૨ | | | ૩ | ૪ | ૬ | |
| | | | | | | | | |
| | ૩ | ૪ | ૬ | | | ૨ | | ૫ |
| | | | | | ૫ | ૬ | ૪ | |
| | ૮ | | | | | | | ૭ |
| | | ૭ | ૪ | | ૮ | ૯ | ૫ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૦૧૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૫ | ૮ | ૩ | ૪ | ૬ | ૧ | ૭ |
| ૬ | ૮ | ૩ | ૭ | ૧ | ૯ | ૫ | ૨ | ૪ |
| ૧ | ૭ | ૪ | ૫ | ૬ | ૨ | ૯ | ૮ | ૩ |
| ૨ | ૫ | ૭ | ૯ | ૪ | ૩ | ૧ | ૬ | ૮ |
| ૩ | ૯ | ૧ | ૬ | ૫ | ૮ | ૭ | ૪ | ૨ |
| ૮ | ૪ | ૬ | ૧ | ૨ | ૭ | ૩ | ૯ | ૫ |
| ૪ | ૧ | ૮ | ૩ | ૯ | ૫ | ૨ | ૭ | ૬ |
| ૫ | ૬ | ૨ | ૪ | ૭ | ૧ | ૮ | ૩ | ૯ |
| ૭ | ૩ | ૯ | ૨ | ૮ | ૬ | ૪ | ૫ | ૧ |

### ચતુર આપો જવાબ / માથું ખંજવાળો

રોમેન્ટિક હીરો તરીકે ખ્યાતિ મેળવનારા શશી કપૂરે કઈ ફિલ્મમાં ડબલ રોલ કર્યો હતો એ આપેલા વિકલ્પોમાંથી ઓળખી કાઢો.

અ) ફકીરા  બ) હસીના માન જાયેગી  ક) પ્રેમપત્ર  ડ) જબ જબ ફૂલ ખિલે

### નોંધી રાખો

ઓછું સમજશો તો ચાલશે, પણ ઊંધું સમજશો તો નહીં ચાલે. ધારી લેવા કરતાં પૂછી લેવાથી સંબંધ વધુ ટકતા હોય છે.

### માઈન્ડ ગેમ

દિલીપ કુમાર અને સંજીવ કુમારે સાથે કામ કર્યું હતું એ સુભાષ ઘઈ દિગ્દર્શિત બ્લોકબસ્ટર ફિલ્મનું નામ કહી શકશો?

અ) કાલીચરણ  બ) સંઘર્ષ
ક) કોશિશ  ડ) વિધાતા

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| बंदा | સેવક |
| बँधुवा | કેદી |
| बटेर | પક્ષી |
| बवंडर | આંધી |
| बरकत | આબાદી |

**ગુજરાત મોરી મોરી રે**
અમદાવાદનો રિક્ષાવાળો

**ઓળખાણ પડી?**
અરણ્યેર દિન રાત્રી

**માઈન્ડ ગેમ**
અનુરાધા

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો**
હલાકુ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભારતી બુચ (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) નીતા દેસાઈ (૬) ખુશરૂ કાપડિયા (૭) નુતન વિપીન શાહ (૮) લજિતા ખોના (૯) પુષ્પા પટેલ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મીનળ કાપડિયા (૧૩) મહેશ દોશી (૧૪) નિખિલ બંગાળી (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) અમીશી બંગાળી (૧૯) પ્રવીણ વોરા (૨૦) મુલરાજ કપૂર (૨૧) મહેશ સંઘવી (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) ભાવના કર્વે (૨૫) અંબરીષ ઓઝા (૨૬) અરવિંદ કામદાર (૨૭) જગદીશ ઠક્કર (૨૮) અલકા વાણી (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) વિણા સંપટ (૩૧) દિપીકા દોશી (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) ઈનાક્ષી દલાલ (૩૪) હિના દલાલ (૩૫) રમેશ દલાલ (૩૬) ડાયના સંતોકે (૩૭) નિતિન જયંતિલાલ બજરિયા (૩૮) પુષ્પા ખોના (૩૯) કિશોર બી. સંઘરાજકા (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) ધીરેન ઉદેશી (૪૪) ગીતા ઉદેશી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ડો. પ્રકાશ કટકિયા (૪૭) હેમા હરીશ ભટ્ટ

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) શીરીન ફરહાદ કી તો નિકલ પડી ૨) દુલ્હન વહી જો પિયા મન ભાયે ૩) રૂપ કી રાની ચોરો કા રાજા ૪) ક્યું કી મૈં ઝૂઠ નહીં બોલતા ૫) પ્રાણ જાયે પર વચન ના જાયે ૬) પાપ કો જલાકર રાખ કર દૂંગા ૭) કુછ તુમ કહો કુછ હમ કહે

**ક્વિઝ (બ)** ૧) બિસ સાલ બાદ ૨) ગુમનામ ૩) વોહ કોન થી ૪) મહેલ ૫) રાઝ ૬) કોહરા ૭) નીલ કમલ

# AI આઈચે પધારીચે ઈન ઈન્ડિયન સિનેમા!

## ફિલ્મમેકિંગમાં AIની ધમાકેદાર એન્ટ્રી કેવાં કેવાં ફેરફારો લાવશે?

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

દરેક ક્ષેત્રની જેમ AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ)એ સિનેમા ક્ષેત્રે પણ જોરદાર એન્ટ્રી મારી છે. આમ તો AIનો ઉપયોગ ઘણી બધી રીતે ફિલ્મ્સમાં થવા લાગ્યો છે અને એ વિશે ઘણી વાત થઈ શકે, પણ આજે આપણે ઇન્ડિયન સિનેમામાં AIના મોટા સ્તરે થઈ રહેલા પ્રવેશની વાત કરીએ.

‘લાઇટ્સ, કેમેરા, એક્શન’ એટલે ફિલ્મ સેટ પર બોલાતી જાણીતી પંક્તિ. આ પંક્તિમાં જ ટેક્નોલોજી છુપાયેલી છે, પણ વિચારો કે નવી ફિલ્મ બને અને એમાં આ પંક્તિ જ ન બોલાય તો? પંક્તિ છોડો, લાઈટ અને કેમરા માટે જ સ્થાન ન હોય તો? અને સ્થાન મતલબ કે સેટ જ ન હોય તો? હા, હવે લાઇટ્સ, કેમેરા, એક્શનના બદલે સમય આવ્યો છે :

નો લાઇટ્સ, નો કેમેરા, AI યેસ્સ્સ!

ભારતની પ્રથમ AI જનરેટેડ ફિલ્મ એટલે ‘નાયેશા’નું થોડા દિવસ પહેલાં ટ્રેલર રિલીઝ થયું છે.

શું છે આ AI ફિલ્મમાં?

ફિલ્મના દિગ્દર્શક વિવેક અંચાલિયાને મ્યુઝિક વીડિયો બનાવવો હતો. તેના માટે મ્યુઝિક બન્યું ત્યારે સમજાયું કે હવે તેના પર શૂટિંગ કરવા માટે ઘણો ખર્ચ કરવો પડે તેમ છે એટલે એણે એ મ્યુઝિકને વિઝ્યુઅલ આપવા AIની મદદ લીધી. એમ કરતા વિવેક અંચાલિયાને સમજાયું કે આ તો બહુ સારી વસ્તુ છે. ફક્ત મ્યુઝિક વીડિયો જ શા માટે, AIની મદદથી આખી ફિલ્મ બની શકે. અને એ રીતે બની પારંપરિક પદ્ધતિમાંથી ફક્ત લેખન, ડબિંગ અને સંગીત સિવાય કાસ્ટ, શૂટિંગ અને અન્ય પાસાંઓ વગરની આખી ફિલ્મ AI દ્વારા!

આ કઈ રીતે શક્ય છે? ટૂંકમાં સાદી રીતે સમજીએ તો ઇન્ટરનેટ પર ઉપલબ્ધ વિવિધ AI ટૂલ્સ અને સોફ્ટવેરને યોગ્ય શબ્દોમાં ટાસ્ક આપવામાં આવે તો એ કહ્યા પ્રમાણે કાલ્પનિક ઇમેજ અને વીડિયોઝ તૈયાર કરીને આપણને આપી શકે છે. ‘નાયેશા’ પણ એ જ રીતે બની. કોઈ જ પ્રકારના શૂટિંગ વગર માત્ર કમ્પ્યુટર પર જ દ્રશ્યની જરૂરિયાત પ્રમાણે વીડિયોઝ જનરેટ કરીને... પણ આ પ્રક્રિયા આપણે ધારીએ એટલી સરળ અને ઝડપી પણ નથી. વાર્તા વિશ્વ, દ્રશ્યમાં રહેલાં સ્થળ અને પાત્રોની સાતત્યતા મેળવવા માટે ખૂબ બધું રિસર્ચ, સમય અને મહેનત લાગે. દિગ્દર્શક વિવેક અંચાલિયાનું કહેવું છે કે ‘મેં ઓછામાં ઓછા ૧૫-૨૦ જેટલાં સોફ્ટવેરની સ્ટડી કરી હશે આ દોઢેક વર્ષના સમયગાળામાં. એ પછી ૭-૮ સોફ્ટવેરની મદદ મારે ‘નાયેશા’ માટે લેવી પડી છે. ક્યારેક એવું પણ બન્યું છે કે એક સોફ્ટવેર મને બહેતર રિઝલ્ટ આપે તો મારે તેના પર દારોમદાર રાખી ઝડપથી તેના પર શિફ્ટ થવું પડે કેમકે AI જેમ લોકો વાપરતા જાય છે તેમ એ વધુને વધુ વિકસિત થઈ રહ્યું છે. દર દસ દિવસે કંઈક નવું આવે અને અમારે અપડેટ રહેવું પડે છે.’



વિવેક અંચાલિયા




PRISMIX STUDIOS
ENTERTAINMENT REDEFINED



અજય દેવગણ

એ જ કારણ છે કે ટ્રેલર રિલીઝ કર્યા પછી હજુ ફિલ્મ ક્યારે રિલીઝ થશે એ નક્કી નથી. AI એ હદે પ્રગતિ કરી રહ્યું છે કે રિલીઝ પહેલાં સુધીમાં ઉપલબ્ધ બેસ્ટ રિઝલ્ટ ફિલ્મને મળી શકે એ પ્રાથમિકતા સ્વાભાવિક જ રહે. દિગ્દર્શક વિવેક અંચાલિયાનું કહેવું છે કે ‘મારે દર્શકોને બેસ્ટ આપવું છે. ફક્ત નામ ખાતર મારી ફિલ્મ પહેલી AI ફિલ્મ છે એમ કરીને રિલીઝ નથી કરી દેવી.’

‘AI રોજગારી છીનવી લે છે’ એવી એક દલીલ થતી રહે છે. એ સામે AI સ્ટોરી ટેલર્સનાં સપનાં પણ પૂરાં કરે છે. બાકી આર્ટ ફોર્મ્સની સરખામણીએ ફિલ્મમેકિંગમાં એક લેખક કે દિગ્દર્શક ફિલ્મ નિર્માણ માટે પ્રોડ્યુસર શોધવા પર ખૂબ આધાર રાખવો પડે છે. AI થકી દર્શકો સમક્ષ પોતાની વાર્તા રજૂ કરવા માટે મેકર બીજા પરની એ નિર્ભરતા છોડી શકે છે. એ છતાં AIના ફિલ્મમેકિંગમાં ઉપયોગ વિશે વિવાદ થતા રહે છે.

ઓસ્કર નોમિનેટેડ ફિલ્મ ‘ધ બ્રુટલિસ્ટ’માં સંવાદો માટે થયેલા વપરાશનો વિવાદ તાજો જ છે.

જોકે આ વિષય પર ‘નાયેશા’ના દિગ્દર્શક વિવેક અંચાલિયાનું માનવું છે કે ‘AIનો ઉપયોગ કરવો કે નહીં એ દરેકની ચોઈસ છે. એ પણ એક પ્રકારની ટેક્નોલોજી અને પદ્ધતિ જ છે. પણ મને લાગે છે કે આખરે દર્શકો અને ઇન્ડસ્ટ્રી AIને સિનેમા ક્ષેત્રે મોકળા મને સ્વીકારી જ લેશે!’

આ ઉપરાંત ઇન્ડિયન સિનેમામાં AIની હાજરીને લઈને મોટી ખબર એ છે કે તાજેતરમાં જ અજય દેવગણે પણ ‘પ્રિઝમિક્સ’ (Prismix) નામની એક નવી કંપની શરૂ કરી છે. આ કંપનીથી AI દ્વારા મોટી ક્રાંતિ સર્જાઈ શકે છે. અજય દેવગણે એવું કહ્યું છે કે ‘હવે માત્ર મશીન નહીં, પણ AI સર્જનાત્મક સાથીદાર બનશે એટલે કે જે પહેલાં માત્ર લોકોના વિચારો અને મહેનતથી બનતું હતું, હવે તેમાં AI પણ ભાગીદાર બનશે.’

‘પ્રિઝમિક્સ’ થકી વિવિધ પ્રકારના વીડિયોઝ, મ્યુઝિક, શોર્ટ ફિલ્મ, એડવર્ટાઇઝમેન્ટ, એનિમેટેડ કોન્ટેન્ટ વગેરે બનાવવામાં આવશે. હવે જો તમે કોઈ ભવિષ્યની વાર્તા, ઐતિહાસિક પૃષ્ઠભૂમિનાં દ્રશ્યો દર્શાવવાના હોય તો એ બધું થોડા સમયમાં અને ભવ્ય રીતે બનાવવા માટે જનરેટીવ AI ખૂબ મદદરૂપ સાબિત થઈ શકે છે.

બાય ધ વે, શું તમને ખબર છે હાલમાં પોસ્ટર્સ, એડ ફિલ્મ્સ, હેર સ્ટાઇલિંગ, સિરિયલ્સ, વગેરેમાં પણ AIની હાજરી નોંધાઈ ચૂકી છે? હા, એ વિશે મજેદાર વાતો ફરી ક્યારેક.... ■

**લાસ્ટ શોટ**

*‘ફક્ત હું જ નહીં, વૈશ્વિક સ્તરે પણ મારી જેમ AI આધારિત ફિલ્મ બનાવી રહ્યા છે એ અમે બધા જ અત્યારે સ્ટુડન્ટ્સ છીએ.’*

*- વિવેક અંચાલિયા*

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

**આ કલાકારોની ૬ શબ્દવાળી ફિલ્મનાં નામ જાણો છો?**

૧) ફરાહ ખાન - બોમન ઈરાની
૨) રામેશ્વરી- પ્રેમ કિશન
૩) શ્રી દેવી- અનિલ કપૂર
૪) ગોવિંદા- સુસ્મિતા સેન
૫) સુનિલ દત્ત - રેખા
૬) ધર્મેન્દ્ર - અનિતા રાજ
૭) ફરદીન ખાન - રિયા પાલોદ

## ક્વિઝ (બ)

**આ ગીત કઈ ફિલ્મના છે?**

૧) કહી દીપ જલે કહી દિલ ઝરા દેખ લે આકર પરવાને
૨) ગુમનામ હૈ કોઈ બદનામ હૈ કોઈ કિસકો ખબર કોણ
૩) નૈના બરસે રીમઝીમ રીમઝીમ નૈના બરસે બરસે
૪) આયેગા આયેગા, આયેગા આનેવાલા આયેગા
૫) અકેલે હૈ ચલે આઓ જહાં હો કહા આવાઝ દે
૬) ઝૂમ ઝૂમ ઢલતી રાત લેકે ચલી મુજે અપને સાથ
૭) તુજકો પુકારે મેરા પ્યાર આજા મૈં તો મીટા હું તેરી

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

# તાઝા ખબર...જાદુ ચડે કે ચમત્કાર?

## સગી માતા કે ખુદ્દાર પિતાના આશીર્વાદ કરતાં નિસ્વાર્થ સેવા જ જિંદગીમાં ‘ચમત્કાર’ સર્જી શકતી હોય છે!

ફિલ્મનામા
નરેશ શાહ

જીવનના બે સત્ય અફર છે. એક, ક્યારેક કોઈ જાદુ જેવો ચમત્કાર થઈ શકે છે અને બે, એ જાદુ કે ચમત્કાર જીરવી લેવો એ કોઈ આસાન કામ નથી...

માની લો કે તમારા જીવનની કોઈ સબળી પળે ઈશ્વર કે કોઈના આશીર્વાદથી તમારા હાથમાં કે તમારી કિસ્મતમાં કોઈ ચમત્કાર સર્જાય તો તમે શું કરશો? વાતને જરા સરળ બનાવીએ...

ધારી લો કે બે - ચાર કલાક કે એકાદ દિવસ પછી બનવાની છે એ ઘટનાની જાણ તમને વહેલી થવા માંડે તો? બેશક , તમારી કૂકરી ગાંડી જ થઈ જાય. મહોલ્લાના સુલભ શૌચાલયનો વહીવટ કરતાં કરતાં આખો દિવસ પેશાબ-ગૂની બદબુ વચ્ચે જીવતાં વસંત ગાવડે સાથે પણ આવો જ ચમત્કાર થાય છેઃ ઘટનાઓની ‘તાઝા ખબર’ એને વહેલી મળવા લાગે છે અને...વસંત ગાવડેની જિંદગી બદલાઈ જાય છે, પણ...


જ્યાં સંતોષ નથી યા જ્યાં લક્ષ્મણ રેખા નથી ત્યાં કશુંય સુખદ પરિણામ આવતું નથી. અત્યધિક સુખ હોય કે પારાવાર પીડા, માણસને અનકન્ટ્રોલ્ડ-બેકાબૂ બનાવી દેવા માટે પૂરતું છે અને આ બોધપાઠ આપણને ‘સોની લીવ’ પરની વેબસિરીઝ ‘તાઝા ખબર’ આપે છે અને એ પણ એકદમ રોમાંચક શૈલીમાં.

મુંબઈની ચાલમાં ઓલાં સુલભ શૌચાલયનો વહીવટ સંભાળતા વસંત ગાવડેની હાલત પણ દયનીય છે. એના પચ્ચીસમાં જન્મદિવસે કેક ખરીદવા અને શર્ટ ભેટ આપવા માટે એની માતા, જ્યાં ઘરકામ કરે છે એ ઘરમાંથી જ બે હજાર રૂપિયા ચોરતાં પકડાઈ જાય છે. ચોરટી માને પિતા જાહેરમાં ફટકારે છે ત્યાર સુલભ શૌચાલયના હિસાબના પૈસામાંથી પુત્ર વસંત બે હજાર રૂપિયા લાવીને પાછાં આપે છે અને થોડાં પૈસા ગુસ્સાવાળા બાપના ગજવામાં મૂકે છે દારૂ પીવા માટે.

‘તાઝા ખબર’ના પ્રથમ એપિસોડમાં જ આપણને સમજાય જાય છે કે એકદમ નિમ્ન સ્તરના લોકોની વાતનો આપણી સામે ઉઘાડ થઈ રહ્યો છે. અહીં મૂતરી (જાહેર જાજરૂ) સંભાળનારો યુવાન છે. વૈશ્યાલયની જ યુવતી મધુના એ પ્રેમમાં છે. એ મધુ, જેનો એક આશિક એરિયાનો માથાભારે કોર્પોરેટર છે. વૈશ્યાલયની માલકણ હસ્તક એ પોતાના સાચા-ખોટા વહીવટ ચલાવે છે. અહીં બેકાર-દારૂડિયો છતાં સ્વામાની પિતા છે તો તેનાથી દબાયેલી પણ પુત્રને ચાહતી માતા છે. ઓનલાઈન માર્કેટથી પરેશાન રેસ્ટોરાંનો માલિક અને એની પુત્રી છે અને વસંત ગાવડેનો એક લંગોટિયો મિત્ર છે... ક્યાંય કશું નવું બનવાની શકયતા નથી અને એ વસંત ગાવડેના જ એક સંવાદમાં વ્યક્ત થાય છેઃ ‘આજે લોકોના પેશાબ - ગૂને દિવસભર સૂંઘતો રહ્યો, કાલે પણ એ જ કરવાનો છું!’

જોકે એવું નથી થતું, એક દિવસ ચમત્કાર થાય છે. એક વયોવૃદ્ધ મહિલા જાહેર જાજરૂના ઉપયોગ દરમિયાન ફસડાઈને બેહોશ થઈ જાય છે. લોકોના મળ - મૂતરથી ખરડાયેલી આ મહિલાને વસંત ગાવડે માનવતાના ધોરણે ગંદા પાયખાનામાંથી કાઢી, ગૂ-મુતર સાફ કરીને ઘરે પહોંચાડે છે. એટલું જ નહીં, વેશ્યા - પ્રેમિકા મધુએ બર્થ- ડે ગિફટમાં આપેલું કવર પણ વસંત પેલી વૃદ્ધાને આપી દે છે ત્યારે એ કૃશકાય મહિલા આશીર્વાદ આપે છેઃ

‘તને બધી વાતની ખબર (ઘટના બનતાં) પહેલાં જ મળી જશે!’





ખરેખર એવું જ બને છે. વસંત ગાવડે (ભુવન ભામ) આ ચમત્કારી શક્તિનો ઉપયોગ કરીને પ્રથમ વખતે જ પચાસ - સાઈઠ લાખ રૂપિયા કમાઈ લે છે. દરમિયાન એને ખ્યાલ આવે છે કે વહેલાં મળી જતાં ‘તાઝા ખબર’ને કારણે એ ક્રિકેટનું બેટિંગ કરીને કરોડો કમાઈ શકે છે. બસ, એ પછી વસંત ગાવડે, પ્રેમિકા મધુ અને પાર્ટનરોની જિંદગીમાં કેવા વળાંક આવે છે તેની કથા હિમાંક ગોર દિગ્દર્શિત અને હુસૈન દલાલ - અબ્બાસ દલાલ લિખિત વેબસિરીઝ ‘તાઝા ખબર’ની છે. જાણીતો યુ ટ્યૂબર ભુવન ભામ (એ પ્રોડ્યુસર પણ છે)ની આ પ્રથમ કોમર્શિયલ વેબસિરીઝ છે (બીજી સિઝન પણ આવી ગઈ છે) પણ લખી રાખો કે, આ કોમેડિયન એકદમ ‘લંબી રેસ કા ઘોડા’ સાબિત થવાનો છે. તેની સાથે શ્રીયા પિલગાંવકર, શિલ્પા શુકલા, દેવેન ભોજાણી અને (‘સત્યા’ ફેમ) જે. ડી. ચક્રવર્તી પણ ‘તાઝા ખબર’માં છે. વેબસિરીઝનું પાત્રાલેખન, લોકલ સંવાદો તેમજ અભિનય એટલાં સચોટ છે કે ‘ચમત્કાર’ની વિચિત્રતા ખટકવાની બદલે તમે વાર્તા પ્રવાહમાં વહેવા લાગે છો.

આફટર ઓલ, વાત ચમત્કાર અને તેમાંથી સર્જાતી ચમત્કૃતિની છે. અહીં બે વાત તરફ ધ્યાન ખેંચવું છે. ચમત્કારમાં આપણને રસ એટલા માટે પડે છે, કારણ કે, એ અહીં અતિ સામાન્ય માણસના જીવનમાં થાય છે. ગર્ભ શ્રીમંત (માની લો મુકેશ અંબાણી)ના જીવનમાં ચમત્કાર થાય અને એ દરરોજ સો-બસ્સો કરોડ કમાવા લાગે તો તેમાં આપણને બિલકુલ રસ ન પડે. બીજી રસપ્રદ વાત છે કે વસંત ગાવડેમાં ‘ચમત્કાર’ રોપતાં એ આશીર્વાદની. એ આશીર્વાદ સગી માતા કે ખુદ્દાર પિતાએ નથી આપ્યાં કે નથી એને અખૂટ ચાહતી વેશ્યા મધુએ આપ્યા. આ આશીર્વાદ વસંતને એક અજાણી, કૃશકાય વૃદ્ધા આપે છે, જેની વસંત ગાવડેએ દરકાર (નિસ્વાર્થ સેવા) કરી હતી. નિસ્વાર્થ સેવા જ જિંદગીમાં ‘ચમત્કાર’ સર્જી શકતી હોય છે એ વાત ‘તાઝા ખબર’ વેબસિરીઝની સૌથી મોટી હાઈલાઈટસ છે...

આઈ બાબત સમજ મેં! ■

# સદીના મહાનાયક અભિનયને અલવિદા કરી રહ્યા છે?

ફોકસ
ડી. જે. નંદન




બોલિવૂડના ‘શહેનશાહ’ અમિતાભ બચ્ચન આજકાલ જે રીતે પોતાના બ્લોગમાં અભિનય કેરિયર પર વિરામ ચિન્હ મૂકવાનો સંકેત આપી રહ્યા છે, જો એ ખરેખર સાચું પડ્યું તો એ માત્ર અભિનયમાંથી તેમની એક્ઝીટ નહીં હોય પરંતુ એક યુગનો અંત હશે. ભારતીય સિનેમાના ઈતિહાસમાં આ એક એવો સમય હશે, જ્યારે આપણે પાછળ વળીને આવા કલાકારને જોઈશું કે જેમણે માત્ર પડદા પર જ રાજ નથી કર્યું પરંતુ સૌના હૃદયમાં પણ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ૮૩ વર્ષીય અમિતાભ બચ્ચનની અભિનય યાત્રા માત્ર ફિલ્મો સુધી જ સીમિત નથી રહી, આ ભારતીય સમાજ, રાજનીતિ, મીડિયા અને લોકોની લાગણીઓનો બદલાતો આયનો છે. તેમની ૫૫ વર્ષની યાત્રાને જો આપણે જોઈએ તો એ સાફ દેખાય છે કે, તેઓ માત્ર અભિનેતા જ નહોતા પરંતુ એવી દિગ્ગજ હસ્તીમાં તેમનો સમાવેશ થાય છે જેમકે, દિલીપ કુમાર અને રાજ કપૂર હતાં.

અમિતાભ બચ્ચનએ સાલ ૧૯૬૯માં ફિલ્મ ‘સાત હિંદુસ્તાની’ થી પોતાના કેરિયરની શરૂઆત કરી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર કાંઈ ખાસ ચાલી નહોતી પરંતુ તેના પછી અડધો ડઝન ફિલ્મો પણ કાંઈ ખાસ ચાલી નહોતી. ૧૯૭૩માં અમિતાભ અભિનીત ફિલ્મ ‘જંજીર’ આવી અને ત્યાર બાદ ઈતિહાસ જ બદલાઈ ગયો. બોલિવૂડમાં એક એંગ્રી યંગમેનની એન્ટ્રી થઈ જે આગળ ચાલીને માયાનગરીનો શહેનશાહ બન્યો. તેમણે ન માત્ર પોતાની પરંતુ તેમના સમયની પણ એક આગવી ઓળખ બનાવી.

૧૯૮૦ના દાયકામાં આવતાં જ અમિતાભ બચ્ચન માત્ર બોલિવૂડના સુપરસ્ટાર જ નહીં પરંતુ સદીના મહાનાયક થઈ ગયા હતા. તેમની લોકપ્રિયતા એટલી વધી ગઈ હતી કે, જ્યારે ફિલ્મ ‘કુલી’ના શુટિંગ દરમિયાન તેઓ ઘાયલ થયા તો આખો દેશ તેમના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરતો હતો. આ માત્ર તેમનું સ્ટારડમ જ નહોતું પરંતુ લોકોનો તેમના પ્રત્યેનો પ્રેમ હતો. અમિતાભ બચ્ચનની અભિનય ક્ષમતા, તેમની ડાયલોગ ડિલીવરી, તેમના ચહેરાના ભાવ, તેમની બોડી લેન્ગવેજ બધું જ મળીને તેઓ સદીના એવા મહાનાયક બની ગયા જેવું ક્યારેય કોઈ નહોતું કે ક્યારેય કોઈ થશે પણ નહીં. એમની આજ ખાસિયતે ‘દિવાર’, ‘શોલે’, ‘અમર અકબર એંથની’, ‘ત્રિશૂલ’, ‘ડોન’, ‘મુકદ્દર કા સિકંદર’, ‘કાલિયા’ અને ‘સત્તે પે સત્તા’ જેવી ફિલ્મોને હંમેશાં માટે ભારતીય સિનેકાશનો ચમકતો સિતારો બનાવી દીધો. આ બધી ફિલ્મોમાં તેમના બહુમુખી પાત્રો હતાં.

અમિતાભ પોતાના અભિનયની વિવિધતા, ઘનગર્જન જેવો અવાજ, હારીને પણ જીતનો જુસ્સો અને આધુનિકતા સાથે પરંપરા અને સંસ્કારોની સાથે હાથ મિલાવીને કેમ ચાલવું તેની માટે હંમેશાં યાદ રહેશે. અમિતાભ એટલે અભિનયનો ભંડાર, તેઓ જેટલા સહજ રીતે એન્ગ્રી યન્ગમેનનો અભિનય કરી શકે છે તેટલી જ સહજતાથી કોમેડી અને રોમેન્ટિક અભિનય પણ કરી લે છે. તેઓ તેમની જવાનીમાં જેટલા હેન્ડસમ લગતા હતા તેટલા જ ગ્રેસફૂલ તેઓ વૃદ્ધ વયે પણ લાગે છે. અમિતાભ એવા કલાકાર છે કે તેઓ દરેક કિરદારમાં પોતાના પ્રાણ પૂરે છે. કઈ રીતે નીચે પડીને પાછા સક્ષમ રીતે ઊભા થવું તે તેમની ફિલ્મો જ નહીં, પરંતુ નિજી જિંદગીથી પણ જાણી શકાય. બોલિવૂડના ઇતિહાસમાં ઘણા મહાન કલાકાર થયા છે તેઓ કોઈ એક ક્ષેત્રમાં જ માહિર હતા. જો રાજકપૂરે આમ જનતાના દિલને જીત્યા હોય તો, દિલીપ કુમારે અભિનય પ્રતિમાને ગહેરાઈ આપી છે. શાહરુખ ખાને રોમાન્સને એક નવો રૂપ આપ્યો છે તો અમિતાભમાં આ બધી જ ખૂબી એક સાથે છે. તેમણે માત્ર એક અભિનેતાના રૂપમાં જ નહીં પરંતુ એક સામાજિક અને નૈતિક સ્તર પર પણ પોતાના અભિનય દ્વારા એક છાપ છોડી છે. અમિતાભનો લોકો સાથેનો નાતો અદ્ભુત છે . તેઓ દેશના દરેક વર્ગને પ્રભાવિત કરે છે. તેઓ તેમના કામ પ્રત્યે ખૂબ જ ડિસિપ્લિન, પ્રોફેશનલ અને પ્રામાણિક છે. તેઓ ભારતની વિશાળ સાંસ્કૃતિક છબીના પ્રતીક છે અને વૈશ્વિક સ્ટાર પર ભારતની સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે. તેથી જ અમિતાભ બચ્ચન જયારે અભિનયને અલવિદા કરશે તો તેની સાથે અભિનય અને સિનેમાના એક યુગનો અંત થઈ જશે. ■

# વાનખેડેની ટી-૨૦ લીગમાં અને નેધરલૅન્ડ્સની હૉકી મૅચ વખતે વિમાન હોનારતના મૃતકોને અંજલિ



અમદાવાદમાં ગુરુવારે બપોરે થયેલી વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા મુસાફરો, પ્લેનના કર્મચારીઓ તેમ જ વિમાન પડવાને કારણે ઍરપોર્ટની આસપાસના ભાગોમાં મૃત્યુ પામેલા લોકોને ભાવભરી અંજલિ આપવા વાનખેડે સ્ટેડિયમમાં ટી-૨૦ મુંબઈ લીગની ફાઇનલની શરૂઆત પહેલાં મૌન પાડવામાં આવ્યું હતું (ડાબે) અને એ સમયે મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશનના અધિકારીઓ પણ હાજર હતા. મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા વાનખેડેમાં બિગ સ્ક્રીન પર પણ શોક સંદેશ ફ્લૅશ કરવામાં આવ્યો હતો (વચ્ચે). આ ફાઇનલ સૉબો મુંબઈ ફાલ્કન્સ અને મુંબઈ સાઉથ સેન્ટ્રલ મરાઠા રૉયલ્સ વચ્ચેની હતી. બીજી તરફ, નેધરલૅન્ડ્સના ઍમ્સ્ટલવીન શહેરમાં ભારત અને આર્જેન્ટિનાના હૉકી ખેલાડીઓએ મૅચ વખતે અમદાવાદની દુર્ઘટનાના મૃતકોને અંજલિ આપવા મૌન પાળ્યું હતું. આ હૉકી મૅચ એફઆઈએચ પ્રો લીગ સ્પર્ધાની હતી. (જમણે)

## ડબ્લ્યૂટીસીની ફાઇનલમાં બીજા દિવસે પણ હોલસેલમાં વિકેટો પડી

### ઑસ્ટ્રેલિયાએ ૭૪ રનની લીડ લીધા પછી બીજા દાવમાં ધબડકો જોયોઃ પૅટ કમિન્સનો છ વિકેટનો તરખાટ



કમિન્સના બૉલમાં લાબુશેને બવુમાનો અફલાતૂન કૅચ ઝીલ્યો હતો.

લંડનઃ વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલમાં બુધવારના પ્રથમ દિવસે ૧૪ વિકેટ પડ્યા બાદ ગુરુવારે બીજા દિવસે પણ વિકેટો પડવાનો સિલસિલો ચાલુ રહ્યો હતો અને ટી-ટાઇમ સુધીમાં બીજી કુલ ૧૩ વિકેટ પડી ચૂકી હતી. ઑસ્ટ્રેલિયાએ પ્રથમ દાવમાં ૭૪ રનની સરસાઈ લીધા બાદ બીજા દાવમાં આ અહેવાલ લખાઈ રહ્યો હતો ત્યાં સુધીમાં ઑસ્ટ્રેલિયાએ ૮૪ રનમાં સાત વિકેટ ગુમાવી હતી. વિકેટકીપર ઍલેક્સ કૅરી દસ રને અને મિચલ સ્ટાર્ક પાંચ રને રમી રહ્યો હતો. ઑસ્ટ્રેલિયાના બીજા દાવમાં સાતમાંથી ત્રણ વિકેટ પેસ બોલર લુન્ગી ઍન્ગિડીએ, બે વિકેટ કેગિસો રબાડાએ અને એક-એક વિકેટ વિઆન મુલ્ડર અને માર્કો યેનસેને લીધી હતી.

સાઉથ આફ્રિકાના પેસ બોલર કેગિસો રબાડાએ પહેલા દાવમાં પાંચ વિકેટ લીધા બાદ બીજા દાવમાં કાંગારૂઓની પહેલી બન્ને તેણે વિકેટ લીધી હતી. ઓપનર માર્નસ લબુશેન ૧૬ રન પર રમી રહ્યો હતો, પણ બીજો ઓપનર ઉસ્માન ખ્વાજા (છ રન) અને વન-ડાઉન બૅટ્સમૅન કૅમેરન ગ્રીન (૦) રબાડાનો શિકાર થયો હતો. લબુશેન સાથે સ્ટીવ સ્મિથ ચાર રને દાવમાં હતો. પ્રથમ દાવમાં ૭૨ રન કરનાર બ્યૂ વેબસ્ટર બીજા દાવમાં ફક્ત નવ રન અને પ્રથમ દાવમાં ૬૬ રન કરનાર સ્ટીવ સ્મિથ તેર રન કરીને વિકેટ ગુમાવી બેઠો હતો. બન્નેને લુન્ગી ઍન્ગિડીએ એલબીડબ્લ્યૂ કર્યા હતા.

એ પહેલાં, સાઉથ આફ્રિકાની પ્રથમ ઇનિંગ્સ ૧૩૮ રનના સ્કોર પર પૂરી થઈ હતી. પહેલા દિવસના ૪૩/૪ના સ્કોર પરથી સાઉથ આફ્રિકાએ આગળ રમવાનું શરૂ કર્યું હતું અને બીજા ૯૫ રનમાં બાકીની છ વિકેટ ગુમાવી દીધી હતી.

પહેલા દાવમાં ૨૧૨ રન કરનાર ઑસ્ટ્રેલિયાએ ૭૪ રનની લીડ લઈને પોતાનો હાથ ઉપર રાખ્યો હતો.

પૅટ કમિન્સે (૧૮.૧-૬-૨૮-૬) હરીફ સુકાની ટેમ્બા બવુમા સહિત કુલ છ વિકેટ લીધી હતી. બે વિકેટ મિચલ સ્ટાર્કે લીધી હતી. તેણે ડબ્લ્યૂટીસી ફાઇનલ્સમાં સૌથી વધુ વિકેટ લેવાનો મોહમ્મદ શમીનો વિક્રમ બુધવારે પહેલા દિવસે જ તોડી નાખ્યો હતો. સાઉથ આફ્રિકાની એક વિકેટ જૉશ હૅઝલવૂડે મેળવી હતી.

ઑસ્ટ્રેલિયાએ પ્રથમ દાવમાં જે ૨૧૨ રન કર્યા હતા એમાં બ્યૂ વેબસ્ટરના ૭૨ રન અને સ્ટીવ સ્મિથના ૬૬ રન સામેલ હતા.

ગુરુવારે પ્રથમ સત્રને અંતે (લંચ-બ્રેક વખતે) સાઉથ આફ્રિકાનો સ્કોર પાંચ વિકેટે ૧૨૧ રન હતો અને ઑસ્ટ્રેલિયાથી હજી તેઓ ૯૧ રન પાછળ હતા. જોકે તેમણે ૧૭ રનમાં બાકીની પાંચ વિકેટ ગુમાવી દીધી હતી.

સાઉથ આફ્રિકાની ઇનિંગ્સમાં ૪૦મી ઓવર કમિન્સે કરી હતી જેના બીજા બૉલમાં તેણે હરીફ સુકાની બવુમાને કૅચઆઉટ કરાવ્યો હતો. બવુમા ૧૭ રન પર હતો ત્યારે ડીઆરએસમાં તેને જીવતદાન મળ્યું હતું, પણ ૩૬ રનના સ્કોર પર હતો ત્યારે ઑફ સ્ટમ્પની જરાક બહાર પડેલા અને વધુ દૂર જઈ રહેલા બૉલને કવરમાં મોકલવાના પ્રયાસમાં બવુમા કૅચ આપી બેઠો હતો. માર્નસ લાબુશેને જમણી દિશામાં ડાઇવ મારીને બન્ને હાથે બૉલને પોતાના કબજામાં કર્યો હતો અને બવુમા પૅવિલિયન તરફ ચાલવા લાગ્યો હતો.

બવુમાએ ૮૪ બૉલમાં એક સિક્સર અને ચાર ફોરની મદદથી ૩૬ રન કર્યા હતા. ટીમના સ્કોરમાં તેનું રનની દૃષ્ટિએ મોટું યોગદાન નહોતું, પરંતુ તેણે ત્રણ ભાગીદારી કરી હતી જેમાંથી બે ભાગીદારી બૉલની સંખ્યાની દૃષ્ટિએ લાંબી હતી અને ત્રીજી ભાગીદારી બૉલ અને રન, બન્ને રીતે મોટી હતી. બવુમાએ વિઆન મુલ્ડર (છ રન) સાથે ૪૦ બૉલમાં છ રનની અને ટ્રિસ્ટેન સ્ટબ્સ (બે રન) સાથે ૩૦ બૉલમાં પાંચ રનની ભાગીદારી કરી હતી. ત્યાર પછી ડેવિડ બેડિંગમ (૩૯ નૉટઆઉટ) સાથે બવુમાની ૧૧૪ બૉલમાં ૬૪ રનની પાર્ટનરશિપ થઈ હતી. ■

## અમદાવાદની વિમાન હોનારત વિશે ભારતીય ક્રિકેટરો શોકમગ્ન

### રોહિત, હાર્દિક, સૂર્યકુમાર, હરભજન, દિનેશ કાર્તિક, રૈનાએ દુઃખ વ્યક્ત કર્યુંઃ પીવી સિંધુ પણ આઘાતમાં

નવી દિલ્હીઃ અમદાવાદમાં ગુરુવારે બપોરે વિમાન તૂટી પડવાની જે હૃદયદ્રાવક જીવલેણ દુર્ઘટના બની એ સંબંધમાં ભારતીય ક્રિકેટરોએ દુઃખ વ્યક્ત કર્યું છે અને અસરગ્રસ્ત લોકોના પરિવારજનો પ્રત્યે શોક તેમ જ સહાનુભૂતિની લાગણી બતાવી છે. રોહિત શર્મા, હાર્દિક પંડ્યા, સૂર્યકુમાર યાદવ, દિનેશ કાર્તિક તથા સુરેશ રૈના ઉપરાંત બૅડમિન્ટન-સ્ટાર પી. વી. સિંધુએ પણ આઘાત વ્યક્ત કર્યો છે.

ભારતના ટી-૨૦ ટીમનો સુકાની અને ૨૦૨૫ની આઇપીએલના તમામ બૅટ્સમેનોમાં સેકન્ડ-હાઇએસ્ટ ૭૧૭ રન કરનાર મુંબઈ ઇન્ડિયન્સનો સૂર્યકુમાર યાદવ અમદાવાદની ઘટના વિશે સોશિયલ મીડિયામાં આઘાત વ્યક્ત કરનાર પહેલો હતો. ભારતના




ભૂતપૂર્વ ટેસ્ટ અને ટી-૨૦ ખેલાડી રોહિત શર્માએ તેમ જ ભૂતપૂર્વ ક્રિકેટર સુરેશ રૈનાએ 'એક્સ' પરના ટ્વીટમાં શોક વ્યક્ત કરતો સંદેશ લખ્યો હતો.

સૂર્યકુમારે સંદેશમાં લખ્યું હતું કે 'અમદાવાદમાં ઍર ઇન્ડિયાના અમદાવાદ-લંડન પ્લેન ક્રેશની ઘટનાથી મને ખૂબ આઘાત લાગ્યો છે. મૃત્યુ પામેલાઓ વિશે મને જે દુઃખ થયું છે



એ શબ્દોમાં વ્યક્ત કરી શકું એમ નથી. તેમના પરિવારજનો પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિ વ્યક્ત કરું છું.'

રોહિત શર્માએ ઇન્સ્ટાગ્રામ પરના મૅસેજમાં લખ્યું હતું કે 'અમદાવાદની વિમાન દુર્ઘટનાથી મને ખૂબ આઘાત લાગ્યો છે. મૃત્યુ પામેલા લોકોના આત્માને શાંતિ મળે અને તેમના પરિવારજનોને ઈશ્વર આ આપત્તિનો



સામનો કરવાની હિંમત આપે એવી પ્રાર્થના કરું છું.'

હાર્દિક પંડ્યાએ 'એક્સ' પર લખ્યું હતું કે 'અમદાવાદની હોનારત વિશે જાણ થતાં જ હું આઘાતમાં ડૂબી ગયો હતો. આ દુર્ઘટનાના અસરગ્રસ્તો વિશે હું હૃદયપૂર્વક દુઃખ વ્યક્ત કરું છું અને તેમના પરિવારજનોને ઈશ્વર આ સંકટનો સામનો કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના કરું છું.'

હરભજન સિંહ, સુરેશ રૈનાએ તેમ જ દિનેશ કાર્તિક અને અફઘાનિસ્તાનના ઑલરાઉન્ડર રાશીદ ખાને પણ દુઃખ અને આઘાત વ્યક્ત કર્યા હતા.

બે ઑલિમ્પિક મેડલ જીતી ચૂકેલી બૅડમિન્ટન ખેલાડી પી. વી. સિંધુએ જણાવ્યું હતું કે 'અમદાવાદમાં લંડન માટેની ઍર ઇન્ડિયાની ફ્લાઇટ (એઆઇ ૧૭૧)ની ગમખ્વાર દુર્ઘટના વિશે જાણીને મને ખૂબ જ આઘાત લાગ્યો. ૨૩૦ મુસાફરો અને ૧૨ વિમાન કર્મચારીઓને લઈ જતું આ પ્લેન ક્રેશ થવાની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા તમામ લોકોના આત્માને ઈશ્વર શાંતિ અર્પે અને તેમના પરિવારજનોને આ સૌથી ખરાબ સમયનો સામનો કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના કરું છું.' ■

## ઇંગ્લૅન્ડમાં ટીમ ઇન્ડિયા ટેસ્ટ રમશે અને ઋતુરાજ ગાયકવાડ રમતો હશે કાઉન્ટીમાં

### યૉર્કશર વતી રમશેઃ તિલક વર્મા હૅમ્પશર કાઉન્ટી વતી રમશે

લીડ્સ (ઇંગ્લૅન્ડ): ભારતીય બૅટ્સમૅન ઋતુરાજ ગાયકવાડ ઇંગ્લૅન્ડના કાઉન્ટી ક્રિકેટની યૉર્કશરની ટીમ સાથે જોડાઈ રહ્યો છે અને એની સાથેના કરાર મુજબ જુલાઈમાં તે કાઉન્ટી ચૅમ્પિયનશિપમાં પાંચ મૅચ તેમ જ વન-ડે કપની કેટલીક મૅચો રમશે. બીજી બાજુ, એ જ અરસામાં શુભમન ગિલના સુકાનમાં ભારતીય ટેસ્ટ ખેલાડીઓ ઇંગ્લૅન્ડમાં ઇંગ્લૅન્ડ સામે પાંચ મૅચની ટેસ્ટ-સિરીઝ રમી રહ્યા હશે.



ઋતુરાજ ગાયકવાડ

ભારત વતી પચીસ ટી-૨૦ અને ચાર વન-ડે રમી ચૂકેલો મુંબઈ ઇન્ડિયન્સનો લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન તિલક વર્માનો પણ કાઉન્ટી ચૅમ્પિયનશિપ માટે સંપર્ક થયો છે. હૅમ્પશર ક્લબે તેને પોતાની ટીમમાં સામેલ થવાનું આમંત્રણ આપ્યું છે. બાવીસ વર્ષનો તિલક વર્મા હૈદરાબાદનો છે.

૨૮ વર્ષનો ઋતુરાજ ગાયકવાડ પુણેનો છે. તે ભારત વતી એકેય ટેસ્ટ નથી રમ્યો. જોકે ૨૦૨૧થી ૨૦૨૪ દરમ્યાન તે ભારત વતી છ વન-ડે અને ૨૩ ટી-૨૦ રમ્યો જેમાં તેણે કુલ ૭૫૦થી વધુ રન કર્યા છે.

ગાયકવાડ તાજેતરની ઈજાને કારણે આઇપીએલની શરૂઆતની થોડી મૅચો રમ્યા બાદ ટીમની બહાર થઈ ગયો હતો. તેની ગેરહાજરીમાં એમએસ ધોનીએ ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)નું સુકાન સંભાળ્યું હતું. રણજી ટ્રોફીમાં ગાયકવાડ મહારાષ્ટ્રની ટીમનું નેતૃત્વ સંભાળે છે.

ગાયકવાડ પહેલી વાર કાઉન્ટી ક્રિકેટમાં રમશે. જુલાઈમાં સ્કારબરો ખાતે સરે સામે યૉર્કશરની જે મૅચ રમાશે ત્યારથી તે કાઉન્ટીમાં રમવાનું શરૂ કરશે અને કાઉન્ટી ચૅમ્પિયનશિપની સીઝનના અંત સુધી યૉર્કશરની ટીમ સાથે રમશે.

ગાયકવાડ હાલમાં ઇંગ્લૅન્ડમાં જ છે અને ઇન્ડિયા 'એ' વતી રમી રહ્યો છે. તે થોડા જ દિવસમાં ઇંગ્લૅન્ડમાં ભારતની ટેસ્ટ ટીમ વિરુદ્ધ પણ રમતો જોવા મળશે. એમાં તે (૧૩મી જૂનથી) ઇન્ડિયા 'એ' વતી ભારતની ટેસ્ટ ટીમ વિરુદ્ધ ચાર દિવસની મૅચમાં રમશે.

યૉર્કશર ક્લબની ટીમના હેડ-કોચ ઍન્થની મૅકગ્રાના મતે ગાયકવાડ ખૂબ ટૅલન્ટેડ બૅટ્સમૅન છે અને વિશ્વભરમાં તે જાણીતો છે તેમ જ તેમને આશા છે કે ગાયકવાડના સમાવેશથી યૉર્કશરની ટીમની બૅટિંગ લાઇન-અપ મજબૂત થશે. ■

## આરામના દિવસો ગયા, દરેક બૉલને જંગ સમજીને રમજોઃ ટીમ ઇન્ડિયાને ગૌતમ ગંભીરની સૂચના

લીડ્સઃ ઇંગ્લૅન્ડના ટેસ્ટ-પ્રવાસે આવેલી ભારતીય ટીમને હેડ-કોચ ગૌતમ ગંભીરે નિરાંતના મિજાજમાંથી બહાર આવીને એવી રીતે રમવાની તૈયારી કરવાની સૂચના આપી છે કે ખાસ કરીને વિરાટ કોહલી, રોહિત શર્મા અને આર. અશ્વિનની નિવૃત્તિ પછીની આ પ્રથમ ટેસ્ટ શ્રેણી ભારત માટે યાદગાર બની જાય.

ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચેની પાંચમાંથી પ્રથમ ટેસ્ટ ૨૦મી જૂને લીડ્સના હેડિંગ્લી ગ્રાઉન્ડમાં રમાશે.

ઇંગ્લૅન્ડમાં ભારત ૨૦૦૭ની સાલ પછી ટેસ્ટ સિરીઝ નથી જીત્યું એટલે શુભમન ગિલના સુકાનમાં ભારત જો આ શ્રેણી જીતશે તો ૧૮ વર્ષમાં બ્રિટિશ ધરતી પણ આ પ્રથમ ટેસ્ટ શ્રેણી વિજય કહેવાશે.

### ટીમ ઇન્ડિયાની પ્રતિબદ્ધતાથી પ્રભાવિત

ગૌતમ ગંભીરે બીસીસીઆઇની ટીવી ચૅનલને મુલાકાતમાં જણાવ્યું હતું કે ' ભારતીય ટીમની આ ટૂરને બે દૃષ્ટિકોણથી જોવામાં આવશે. એક તો અમારી ટીમ ત્રણ સૌથી અનુભવી ખેલાડીઓ વિનાની છે. બીજું, તેમની ગેરહાજરીમાં દેશ માટે કંઈક વિશેષ કરવાની ટીમને અમૂલ્ય તક મળી છે જે ઝડપી લેવાની છે. ગિલના સુકાનમાં ઇંગ્લૅન્ડ આવેલી ભારતીય ટીમના ખેલાડીઓમાં મને એ પૅશન અને પ્રતિબદ્ધતા દેખાઈ રહી છે.'

ગૌતમ ગંભીરે એવું પણ કહ્યું હતું કે ' મને વર્તમાન ટેસ્ટ ટીમના ખેલાડીઓમાં સફળતા મેળવવાની ભૂખનો અહેસાસ થઈ રહ્યો છે. તેમનામાં આ ટેસ્ટ શ્રેણી રમવાના જોશ તથા જુસ્સાની તેમ જ કટિબદ્ધતાની પ્રતીતિ થઈ રહી છે. જો ખેલાડીઓ નિરાંતના મિજાજમાંથી બહાર આવશે અને માત્ર પ્રત્યેક દિનને જ નહીં, દરેક સત્રને, દરેક કલાકને અને દરેક બૉલને જંગ સમજીને રમશે તો મને લાગે છે કે અમારા માટે આ પ્રવાસ યાદગાર બની રહેશે.'

### સુદર્શન-અર્શદીપની ભરપૂર પ્રશંસા

ઓપનિંગ બૅટ્સમૅન સાઇ સુદર્શન અને લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર ટેસ્ટમાં ડેબ્યૂ કરી રહ્યા છે અને ગૌતમ ગંભીરે તેમનું ટેસ્ટની ટીમ ઇન્ડિયામાં સ્વાગત કર્યું હતું. ગંભીરે તેમના વિશે કહ્યું, ' સુદર્શનના ત્રણ મહિના ખૂબ જ સારા ગયા છે. તેને મારી સલાહ છે કે તેણે રેડ બૉલની આ ટૂરને ખૂબ જ યાદગાર બનાવવાની છે. અર્શદીપ સિંહ વિશે કહેવાનું કે વાઇટ બૉલમાં તેં ખૂબ સારું પર્ફોર્મ કર્યું છે અને મને ખાતરી છે કે હવે તું રેડ બૉલથી પણ ઉત્કૃષ્ટ પર્ફોર્મ કરીશ.'

ગૌતમ ગંભીરે કૅપ્ટન શુભમન ગિલ અને વાઇસ-કૅપ્ટન રિષભ પંતની પણ પ્રશંસા કરતા કહ્યું હતું કે 'પહેલી વાર ટેસ્ટનો સત્તાવાર કૅપ્ટન બનવા બદલ હું ગિલને અભિનંદન આપું છું. દેશની ટેસ્ટ ટીમનું નેતૃત્વ સંભાળવાથી મોટું ગૌરવ બીજું કોઈ જ ન હોઈ શકે. રિષભને પણ અભિનંદન. તે પણ ટીમના નેતૃત્વના ગ્રૂપનો મુખ્ય હિસ્સો છે.'

### ઇંગ્લૅન્ડમાં આજે ઇન્ડિયા વિરુદ્ધ ઇન્ડિયા 'એ'

બેકનહૅમ (ઇંગ્લૅન્ડ): ઇંગ્લૅન્ડ સામે ભારતની ૨૦મી જૂને પાંચ મૅચની ટેસ્ટ-સિરીઝ શરૂ થશે એને હજી અઠવાડિયાનો સમય બાકી છે ત્યારે એ પહેલાં શુભમન ગિલના સુકાનમાં ભારતની ટેસ્ટ ટીમ ભારતના જ ખેલાડીઓવાળી ઇન્ડિયા 'એ' ટીમ સામેના ચાર દિવસના મુકાબલામાં રમીને અલગ જ પ્રકારની મૅચ-પ્રૅક્ટિસ કરશે.

વાત એવી છે કે શુક્રવાર, ૧૩મી જૂને બેકનહૅમમાં ઇન્ડિયા અને ઇન્ડિયા 'એ' વિરુદ્ધ ચાર દિવસની મૅચ (ભારતીય સમય મુજબ બપારે ૩.૩૦ વાગ્યાથી) શરૂ થઈ રહી છે. શુભમન ગિલ ભારતીય ટીમનો કૅપ્ટન અને રિષભ પંત વાઇસ-કૅપ્ટન છે. ઇન્ડિયા 'એ' ટીમમાં ભારતના ઘણા જાણીતા ખેલાડીઓ છે.

તાજેતરમાં જ ઇંગ્લૅન્ડની લાયન્સ ટીમ સામે રમનારી ઇન્ડિયા 'એ' ટીમનું સુકાન ઓપનિંગ બૅટ્સમૅન અભિમન્યુ ઈશ્વરને સંભાળ્યું હતું. ઇન્ડિયા 'એ' ટીમમાં યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, કરુણ નાયર, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), નીતીશ કુમાર રેડ્ડી, શાર્દુલ ઠાકુર, તનુષ કોટિયન, અંશુલ કંબોજ, તુષાર દેશપાંડે, ખલીલ અહમદ, સરફરાઝ ખાન, હર્ષ દુબે, હર્ષિત રાણા, મુકેશ કુમારનો સમાવેશ હતો. એમાંના કેટલાક ખેલાડીઓ આ પ્રવાસ માટેની મુખ્ય ટેસ્ટ ટીમમાં સામેલ છે.

ભારતની ટેસ્ટ ટીમમાં ગિલ અને પંત ઉપરાંત સાંઇ સુદર્શન, રવીન્દ્ર જાડેજા, વૉશિંગ્ટન સુંદર, આકાશ દીપ, અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ ક્રિષ્નાનો સમાવેશ છે.

હેડ-કોચ ગૌતમ ગંભીરે સાત વર્ષે ટેસ્ટ ટીમમાં કમબૅક કરનાર બૅટ્સમૅન કરુણ નાયર વિશે કહ્યું કે 'કમબૅક ક્યારેય આસાન નથી હોતું. સાત વર્ષે કમબૅક કરનાર કરુણ નાયરે છેલ્લાં એક વર્ષમાં બહુ સારો દેખાવ કર્યો છે.' ■

## અબ્દુલ રઝાકને કઝિન આયેશાએ એક વાર 'ભાઈ' કહીને બોલાવેલો, રઝાક તેને જ પરણી ગયો

નવી દિલ્હીઃ પાકિસ્તાનને બૅટિંગ અને બોલિંગ સહિતના ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી ઘણી મૅચો જિતાડનાર અબ્દુલ રઝાક અને પત્ની આયેશા હવે તો બે સંતાનોના પૅરેન્ટ્સ છે, પણ થોડા દિવસથી તેમની રિલેશનશિપ વિશેની સ્ટોરી ઇન્ટરનેટ પર વાઇરલ થઈ છે. અહેવાલમાં ખાસ તો એવું જણાવાયું છે કે રઝાકે ઉંમરમાં તેનાથી ૧૦ વર્ષ નાની તેની કઝિન આયેશા શાદી કરી હતી. આયેશા નાનપણમાં રઝાકને 'ભાઇ' કહીને બોલાવતી હતી, પરંતુ સંજોગો એવા બન્યા કે રઝાકે તેની સાથે લગ્ન કરી લીધાં હતાં.


રઝાક અને આયેશાએ તાજેતરમાં એક ટીવી ઇન્ટરવ્યૂમાં પોતાનાં ભૂતકાળ વિશેની પેટછૂટી વાતો કરી હતી.

ઉલ્લેખનીય છે કે અમુક સમુદાયોમાં મામા-ફોઇની છોકરી કે છોકરા સાથે લગ્ન કરવાની છૂટ હોય છે.

૪૫ વર્ષીય રઝાકે પાકિસ્તાની ચૅનલને ઇન્ટરવ્યૂમાં ભૂતકાળની વાત કરતા કહ્યું હતું કે '૧૯૯૬માં પહેલી વાર પાકિસ્તાનની ટીમમાં તેનો સમાવેશ થયો ત્યારે તેના મમ્મી અને તેના આન્ટી વચ્ચે વારંવાર મળવાનું થતું હતું. ત્યારે રઝાક ઝિમ્બાબ્વે સામે ડેબ્યૂ સિરીઝ રમ્યો હતો. તે શ્રેણીમાં રમીને ઘરે પાછો આવ્યો ત્યારે તેના મમ્મી માંદા હતાં. તેમણે અબ્દુલ પાસે એવી ઇચ્છા વ્યક્ત કરી હતી કે તે કઝિન આયેશા સાથે શાદી કરી લે. અબ્દુલે ત્યારે તો કોઈ પ્રતિક્રિયા નહોતી આપી, પણ મમ્મીની વાતને ધ્યાનમાં રાખી હતી. થોડા વર્ષો વીતી ગયા અને ૧૯૯૯ના વન-ડે વર્લ્ડ કપમાં રમીને અબ્દુલ રઝાક ઘરે પાછો આવ્યો ત્યારે ખૂબ ખુશ હતો, કારણકે એ વિશ્વ કપમાં તે સ્ટાર બની ગયો હતો. જોકે એ વર્લ્ડ કપ ઑસ્ટ્રેલિયાએ જીતી લીધો હતો. રઝાક ખુશખુશાલ હાલતમાં ઘરે પાછો આવ્યો હતો, પણ તેને દુઃખદ સમાચાર મળ્યા કે તેની મમ્મીનું અવસાન થયું છે. અબ્દુલ રઝાકને ખૂબ આઘાત લાગ્યો હતો અને થોડા દિવસ સુધી એ શોકમાંથી બહાર જ નહોતો આવ્યો. તેણે મમ્મીની એક વાત યાદ રાખી હતી કે આયેશા સાથે તેણે લગ્ન કરી લેવાં. અબ્દુલને થયું કે જો તે મમ્મીની ઇચ્છા પૂરી નહીં કરે તો તેમનો આત્મા દુખી થશે.

આયેશા એકવાર અબ્દુલ રઝાકને ઘરે આવી હતી અને તેને ઘણા વખતે મળી હતી. આયેશાએ જ્યૂસનો ગ્લાસ અબ્દુલને આપતી વખતે 'અબ્દુલભાઈ, યે જ્યૂસ પી લીજીએ.' ખરેખર તો આયેશા ત્યારે કઝિન અબ્દુલને પતિ તરીકે સ્વીકારવા તૈયાર નહોતી અને તેનું ભણવાનું પણ હજી બાકી હતું. જોકે બન્નેના પરિવારે ખૂબ સમજાવ્યાં બાદ તે તૈયાર થઈ ગઈ હતી અને બન્નેએ શાદી કરી હતી. લગ્ન વખતે આયેશા હજી સ્કૂલમાં હતી.

૧૦ વર્ષ નાની કઝિન સાથે શાદી કરવા બદલ સોશિયલ મીડિયામાં કેટલાક ક્રિકેટપ્રેમીઓએ દક્ષિણ એશિયાની સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને અબ્દુલ રઝાકની ખૂબ ટીકા કરી છે. ૨૦૦૦ના વર્ષની એક મૅચમાં ઑસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર ગ્લેન મૅક્ગ્રાના સતત પાંચ બૉલમાં પાંચ ફોર ફટકારનાર અબ્દુલ રઝાકે ૧૯૯૬થી ૨૦૧૩ સુધીની કરીઅરમાં પાકિસ્તાન વતી ૨૬૫ વન-ડે સહિત કુલ ૩૪૧ આંતરરાષ્ટ્રીય મૅચમાં ૭,૦૦૦થી વધુ રન કર્યા હતા અને કુલ ૩૯૦ જેટલી વિકેટ લીધી હતી. અબ્દુલ રઝાક અને આયેશાને એક પુત્ર અને એક પુત્રી છે. ■



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મધ્યપૂર્વમાં યુદ્ધના ભણકારા વચ્ચે ડહોળાયેલા સેન્ટિમેન્ટને કારણે સેન્સેક્સ અને નિફ્ટીમાં એક ટકાથી મોટો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઇરાન, ઇઝરાયલ અને અમેરિકાની હિલચાલ જોતાં મધ્યપૂર્વમાં તોળાઇ રહેલા યુદ્ધના ભણકારા વચ્ચે વૈશ્વિક ઇક્વિટી માર્કેટના ડહોળાયેલા સેન્ટિમેન્ટને કારણે સેન્સેક્સ અને નિફ્ટીમાં એક ટકાથી મોટો કડાકો નોંધાયો હતો. આ ઉપરાંત વીકલી એક્સપાઇરી ડેને કારણે પણ બજારમાં સાવચેતીનું માનસ હતું. દરમિયાન ભારતનું રિટેલ ઇન્ફલેશન મે મહિનામાં ૨.૮૨ ટકાની છ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યું છે.

સેન્સેક્સ ૮૨૩.૧૬ પોઈન્ટ અથવા એક ટકા ઘટીને ૮૧,૬૯૧.૯૮ પોઈન્ટ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે ૯૯૧.૯૮ પોઈન્ટ અથવા ૧.૨૦ ટકા ઘટીને ૮૧,૫૨૩.૧૬ પોઈન્ટની સપાટીને અથડાયો હતો. એનએસઈ નિફ્ટી ૨૫૩.૨૦ પોઈન્ટ અથવા ૧.૦૧ ટકા ઘટીને ૨૪,૮૮૮.૨૦ પોઈન્ટ પર બંધ થયો હતો. બજારના સાધનોએ જણાવ્યું હતું કે વિદેશી ફંડોની નવેસરની વેચવાલીને કારણે પણ રોકાણકારોના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર પડી હતી.

સેન્સેક્સ કંપનીઓમાંથી ટાટા મોટર્સ, ટાઇટન, એટર્નલ, પાવર ગ્રીડ, ટાટા સ્ટીલ, લાર્સન એન્ડ ટુબ્રો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને હિન્દુસ્તાન યુનિલિવર સૌથી વધુ ઘટનારા શેરોમાં શામેલ હતા. બજાજ ફિનસર્વ, એશિયન પેઇન્ટ્સ અને ટેક મહિન્દ્રા ટોપ ગેઇનર રહ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં બજાજ ફિનસર્વ ૦.૭૩ ટકા, એશિયન પેઈન્ટ ૦.૪૩ ટકા અને ટેક મહિન્દ્ર ૦.૩૬ ટકા વધ્યા હતા. જ્યારે મુખ્યત્વે ટાટા મોટર્સ ૨.૮૯ ટકા, ટાઈટન ૨.૫૨ ટકા, ઈટર્નલ ૨.૨૮ ટકા, પાવર ગ્રીડ ૨.૨૫ ટકા, ટાટા સ્ટીલ ૨.૨૪ ટકા, લાર્સન ૨.૨૦ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૦૯ ટકા અને હિંદુસ્તાન યુનિલિવર ૧.૭૬ ટકા ઘટ્યા હતા.

આંતરરાષ્ટ્રીય સ્તરે એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી અને શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ સકારાત્મક ક્ષેત્રમાં બંધ થયો હતો, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ નીચા સ્તરે બંધ થયો હતો. યુરોપના શેરબજારો નકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડ થઈ રહ્યા હતા. બુધવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા.

અગ્રણી એનાલિસ્ટે કહ્યુ હતું કે, સ્થાનિક બજારોમાં કોન્સોલિડેશન એક વ્યાપક વલણમાં વિકસિત થઈ રહ્યું છે, જે હવે લાર્જ કેપ શેરોમાં પણ વિસ્તરી રહ્યું છે. મધ્ય પૂર્વના તણાવને કારણે મૂલ્યાંકનની ચિંતા અને ક્રૂડ ઓઇલના વધતા ભાવ રોકાણકારોમાં સાવચેતીનું માનસ સર્જી રહ્યા છે.

આ અનિશ્ચિતતામાં વધારો કરતાં, અમેરિકા ઘણા મુખ્ય વેપાર ભાગીદારો પર એકપક્ષીય ટેરિફ વધારો કરવાનું વિચારી રહ્યું છે, જેનો નિર્ણય જુલાઈની શરૂઆતની સમયમર્યાદા પહેલા આગામી એકથી બે અઠવાડિયામાં થવાની ધારણા છે.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૪૪૬.૩૧ કરોડના ઇક્વિટી શેરનું વેચાણ કર્યું હતું. ઘણા પરિબળોએ સ્થાનિક બેન્ચમાર્કમાં ભારે ઘટાડો કર્યો હતો. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૪૩ ટકા ઘટીને ૬૮.૭૭ ડોલર પ્રતિ બેરલ થયો હતો. બુધવારે, ૩૦ શેરો ધરાવતો ઇજીઓ સેન્સેક્સ ૧૨૩.૪૨ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકા વધીને ૮૨,૫૧૫.૧૪ પર સ્થિર થયો. નિફ્ટી ૩૭.૧૫ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકા વધીને ૨૫,૧૪૧.૪૦ પર બંધ થયો.



રિલાયન્સે બ્લોકડીલમાં એશિયન પેઇન્ટ્સના રૂ. ૭૭૦૩ કરોડના શેર વેચ્યા છે. અંબર એન્ટરપ્રાઇસ નોઇડાના ઇલેક્ટ્રોનિક્સ પ્લાન્ટમાં રૂ. ૬૦૦૦ કરોડનું રોકાણ કરશે. એનસીએલટીએ આઇનોક્સ વિન્ડ એનર્જી અને આઇવનોક્સ વિનડના મર્જરને મંજૂરી આપી છે. જાહેર ક્ષેત્રની ઇરેડિઆએ ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યુશનલ પ્લેસમેન્ટ મારફત રૂ. ૨૦૦૦ કરોડ એકત્ર કર્યા છે. મિન્ડા કોર્પે ઓટોમોટીવ સ્વીચીસ માટે જાપાનીઝ કંપની ટોયોડેન્સો સાથે જોઇન્ટ વેન્ચર સ્થાપ્યું છે. નઝારા ટેકનોલોજીમાં રેખા ઝુનઝુનવાલાએ પોતાનો લગભગ ૫૦ ટકા હિસ્સો ઓપન માર્કેટ સેલમાં વેચીને ૩.૬૦ ટકા સ્ટેક રાખ્યો છે. ટાટા મોટર્સ ૨૦૩૦ સુધીમાં સાત નવા મોડલ સહિતના પ્રોડક્ટ લોન્ચ માટે રૂ. ૩૩,૦૦૦ કરોડથી રૂ. ૩૫,૦૦૦ કરોડનું રોકાણ કરશે.

સુઝલોન એનર્જીમાં પ્રમોટર્સ ફેમીલી બલ્ક ડીલમાં ૧.૪૫ ટકા હિસ્સો વેચશે. ઇલેક્ટ્રિસિટ ડેરિવેટીવ્ઝ માટે એમસીએક્સને સેબીની મંજૂરી મળી છે. અદાણી જૂથે નાણાકીય વર્ષ ૨૦૨૫ના કરવેરાની ચૂકવણી માટે રૂ. ૭૫,૦૦૦ કરોડનો અંદાજ જાહેર કર્યો છે. સ્ટેટ બેન્કે સરકારને ૨૦૨૫ માટે ડિવિડંડ પેટે રૂ. ૮૦૭૬.૮૪ કરોડની ચૂકવણી કરી છે. વેદાંતા રૂ. ૫૦૦૦ કરોડના એનસીડી ફંડનો ઉપયોગ હાઇ કોસ્ટ ડેટ ઘટાડીને રૂ. ૩૫૦ કરોડનો વ્યાજ ખર્ચ બચાવવા માટે કરશે. સેઇલે પાછલા વર્ષે અંદાજે રૂ. ૭૫૦ કરોડનું કરજ ઘટાડ્યું છે. સેન્ટ્રલ બેન્કે રૂ. ૫૭ કરોડના રોકાણ સાથે ફ્યુચર જેનરાલી ઇન્ડિયા લાઇફ ઇન્સ્યુરન્સનો ૨૫.૧૮ ટકા હિસ્સો હસ્તગત કર્યો છે.

વિશ્લેષકોને કોર્પોરેટ સેકટરના નાણાકીય પરિણામો નબળા રહેવાની આશંકા છે. કોર્પોરેટ ઈન્ડિયાના તાજેતરમાં માર્ચ ૨૦૨૫ના અંતના ચોથા ત્રિમાસિકના નાણાકીય પરિણામો એકંદર સારી વૃદ્ધિના જાહેર થવા છતાં સમીક્ષકો ચાલુ પૂર્ણ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ અને વર્ષ ૨૦૨૬-૨૭ માટે સાવચેતી સાથે વૃદ્ધિના અંદાજો ઘટાડીને મૂકવા લાગ્યા છે.

સેકટરલ ઈન્ડાયસીસમાં પાવર, યુટિલિટીઝ, ઓઈલ એન્ડ ગેસ શેરો સૌથી વધુ ઘટાડો નોંધાયો હતો, જેને પરિણામે માર્કેટ કેપમાં છ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો નોંધાયો છે. ગુરુવારે બીએસઈ સેન્સેક્સ ગત બુધવારના ૮૨,૫૧૫.૧૪ના બંધથી ૮૨૩.૧૬ પોઈન્ટ્સ (૧.૦૦ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સની ત્રણ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૨૭ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૫૨ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૩૮ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૫૧ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૧૫ ટકા ઘટ્યો હતો.

સેન્સેક્સ ૮૨,૫૭૧.૬૭ ખૂલીને ઊંચામાં ૮૨,૬૬૧.૦૪ સુધી અને નીચામાં ૮૧,૫૨૩.૧૬ સુધી જઈને અંતે ૮૧,૬૯૧.૯૮ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૫૫.૫૭ લાખ કરોડથી રૂ. ૬.૦૧ લાખ કરોડ ઘટીને રૂ. ૪૪૯.૪૭ લાખ કરોડ રહ્યું હતું. સેકટરલ ઈન્ડાયસીસમાં બધા જ ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં મુખ્યત્વે પાવર ૨.૧૯ ટકા, યુટિલિટીઝ ૨.૧૮ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૨.૧ ટકા, રિયલ્ટી ૨.૦૭ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૦૨ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૯૮ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૯૫ ટકા, એનર્જી ૧.૭૬ ટકા, ઓટો ૧.૭૧ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૬૭ ટકા, મેટલ ૧.૬૩ ટકા, સર્વિસીસ ૧.૫ ટકા અને એફએમસીજી ૧.૨૪ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૧૫૧ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૨૮૨ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૭૨૯ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૪૦ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૯૭ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૩૪ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૭ સ્ટોક્સને ઉપલી જ્યારે ૧૧ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૩૪૦.૦૫ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૬૮૧ સોદામાં ૨,૦૭૧ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૨,૫૯,૯૧૪ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ.૨૩,૨૮,૪૫૫.૩૦ કરોડનું રહ્યું હતું.

## ડૉલર સામે રૂપિયો સાધારણ એક પૈસો નરમ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૪૪૬.૩૧ કરોડની ચોખ્ખી વેચવાલીનાં અહેવાલ ઉપરાંત આયાતકારોની ડૉલરમાં લેવાલી નીકળતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે સાધારણ એક પૈસાના ઘટાડા સાથે ૮૫.૫૪ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૫૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫.૪૩ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૬૫ અને ઉપરમાં ૮૫.૪૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે સાધારણ એક પૈસાની નરમાઈ સાથે ૮૫.૫૩ના મથાળે બંધ રહ્યો હતો. એકંદરે ગઈકાલે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૭૦ ડૉલરની સપાટી સુધી પહોંચી જતાં આજે તેલ આયાતકારોની ડૉલરમાં લેવાલી નીકળતાં રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડ્વાઈઝર્સના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનીલ કુમાર ભણસાળીએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૫.૩૫થી ૮૫.૯૫ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય. દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના વધ્યા મથાળેથી સાધારણ ૦.૦૯ ટકા ઘટીને બેરલદીઠ ૬૬.૮૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૮૨૩.૧૬ પૉઈન્ટનો અને ૨૫૩.૨૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. તેમ છતાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૪૩ ટકા ઘટીને ૯૯.૨૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હતો.

### મધ્ય પૂર્વમાં તણાવ વધવાની સાથે ડૉલર નબળો પડતાં વૈશ્વિક સોનામાં તેજી

## સ્થાનિકમાં સોનું ₹ ૧૨૨૦ ઉછળીને ફરી ₹ ૯૭,૦૦૦ની પાર, ચાંદીમાં મામૂલી સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ અને મધ્ય પૂર્વના દેશોમાં તણાવ વધતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં ગઈકાલના બંધ સામે ૦.૯ ટકાનો અને વાયદાના ભાવમાં ૧.૮ ટકાનો ઉછાળો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા ધોરણે ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. આમ વિશ્વ બજારનાં મક્કમ અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૧૫થી ૧૨૨૦નો ઝડપી ઉછાળો આવ્યો હતો અને ભાવ ફરી રૂ. ૯૭,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા. જોકે, વિશ્વ બજારમાં ચાંદીના ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાથી સ્થાનિકમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ચારનો મામૂલી સુધારો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને સોનામાં વિશ્વ બજાર પાછળ ઝડપી તેજી જોવા મળી હતી અને વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૨૧૫ વધીને રૂ. ૯૭,૦૬૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૨૨૦ વધીને રૂ. ૯૭,૪૫૫ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા



મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તેમ જ રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લે-વેચનો અભાવ રહ્યો હોવા છતાં ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની ખપપૂરતી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ચારના સાધારણ સુધારા સાથે રૂ. ૧,૦૫,૪૯૮ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સ ૦.૮ ટકા ઘટીને ત્રણ વર્ષની નીચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી અને મધ્ય પૂર્વનાં દેશોમાં તણાવ વધતાં રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૩૩૮૨.૬૧ ડૉલર અને વાયદામાં ભાવ ૧.૮૦ ટકાના ઉછાળા સાથે ૩૪૦૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ આસપાસ ઔંસદીઠ ૩૬.૨૪ ડૉલર આસપાસ ટકેલા ધોરણે ક્વૉટ થઈ રહ્યા હતા. પ્રાપ્ત અહેવાલ અનુસાર અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે વધી રહેલા તણાવને કારણે સલામતીને ધ્યાનમાં લેતા ઈરાન સ્થિત અમેરિકીઓને પાછા ફરવા જણાવ્યું હોવાથી ઈરાન સાથેનાં તણાવમાં વધારો થવાની ભીતિ સપાટી પર આવતા આજે સોનામાં સલામતી માટેની માગને કારણે તેજીનું ઔંસદીઠ ૩૩૪૬ ડૉલરની પ્રતિકારક સપાટીનું બ્રેકઆઉટ જોવા મળ્યું હોવાનું ઓએએનડીએનાં એશિયા પેસિફિક વિભાગના વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવતાં ઉમેર્યું હતું કે આજે ડૉલર ઈન્ડેક્સ બે મહિનાની નીચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી સોનાની તેજીને ઈંધણ મળ્યું હતું.

દરમિયાન ગઈકાલે જાહેર થયેલા અમેરિકાના મે મહિનાના ફુગાવામાં ગૅસોલિનના ભાવમાં ઘટાડો થયો હોવા છતાં ટૅરિફને કારણે વધારો થયો હતો, પરંતુ બજારની અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ જોવા મળી હતી. તેમ જ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે પુનઃ ફેડરલ રિઝર્વને વ્યાજદરમાં કાપ મૂકવામાં હાકલ કરી હતી. જોકે, હવે રોકાણકારોની નજર મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટા પર સ્થિર થઈ છે. એકંદરે ફુગાવામાં ઓછી વૃદ્ધિ અને ફુગાવાની સપાટી ચેતવણીજનક સ્તરે ન હોવાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં અપેક્ષા કરતાં વહેલી કપાતનો નિર્ણય લે તેવી શક્યતા વૉન્ગે વ્યક્ત કરી હતી.

## કોપર, નિકલ અને ઝિન્કમાં નફારૂપી વેચવાલીએ પીછેહઠ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે ખાસ કરીને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ સિવાયની કોપરની અન્ય વેરાઈટીઓ, ઝિન્ક સ્લેબ અને નિકલમાં વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ તેમ જ વપરાશકાર ઉદ્યોગની માગ ખપપૂરતી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી આઠ સુધીનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય ટીન અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ અને રૂ. એકનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને કોપર વાયરબાર અને નિકલમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. આઠ ઘટીને રૂ. ૯૦૩ અને રૂ. છ ઘટીને રૂ. ૧૩૩૨ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં નિરસ માગે ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૮૩૮, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૮૫૦ અને રૂ. ૮૨૪ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૨૫૬ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે ટીનમા ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૨૮૨૬ના મથાળે અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના સાધારણ સુધારા સાથે રૂ. ૨૪૮ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય ધાતુઓમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## આયાતી તેલમાં ભાવઘટાડાને બ્રેક, પામોલિન, સોયા અને સન રિફાઈન્ડમાં સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૨૩ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટિવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ એક રિંગિટનો સુધારો આવ્યો હોવાના નિર્દેશો હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે છૂટાછવાયા કામકાજો રહ્યા હોવાથી હાજરમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના ભાવમાં રૂ. ૧૦નો અને સોયા રિફાઈન્ડ, સન રિફાઈન્ડ અને સિંગતેલના ભાવમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે એકમાત્ર સરસવમાં મથકો પાછળ ભાવમાં રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૧૦૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૩૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૦૦ અને રૂ. ૧૨૯૫ અને કારગીલ તથા પતંજલી ફૂડ્સના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૧૧૦ અને રૂ. ૧૧૫૦ ક્વૉટ થયા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા.

ગુજરાતમાં ગોંડલની મંડીમાં જૂની મગફળીની ૦૦૦ ગૂણીની અને નવી મગફળીની ૮૦૦૦ ગૂણી મળી કુલ ૧૩,૦૦૦ ગૂણીની આવક હતી, જેમાં જૂની મગફળીનાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૨૦૦માં અને નવીના વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૨૫૦માં થયા હતા. આ સિવાય રાજકોટની મંડીમાં મગફળીની ૯૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૨૫૦માં થયા હતા. દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૬૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૨૫, સિંગતેલના રૂ. ૧૩૭૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સરસવના રૂ. ૧૪૩૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૪૫માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશના મથકો પર સોયાબીનની ૧.૪૦ લાખ ગૂણીની આવક થઈ હોવાના તેમ જ જયપુરની મંડીઓમાં સરસવના વેપાર ક્વિન્ટલે રૂ. ૬૬૫૦થી ૬૬૭૫માં થયાના અહેવાલ હતા.

## ખાંડમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૭૩૦થી ૩૭૮૦માં થયાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની એકંદરે માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો અને માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૬થી ૩૯૫૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૫૦થી ૪૦૪૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૦થી ૩૮૩૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૬૦થી ૩૯૦૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



# કેરળ યુનિવર્સિટીના પુરાતત્ત્વીય ખોદકામમાં કચ્છના લખપત પાસેથી ૫,૩૦૦ વર્ષ પુરાણી પ્રાચીન હડપ્પા વસાહત મળી આવી





ઉત્સવ વૈદ્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કેરળ યુનિવર્સિટીના પુરાતત્ત્વવિદોએ કચ્છના લખપત પાસેથી ૫,૩૦૦ વર્ષ જૂની વસાહત શોધી કાઢી છે. લખપત તાલુકાના જૂના ખટીયા માર્ગની બંને બાજુ લગભગ ત્રણ હેક્ટરમાં ફેલાયેલી આ પ્રાચીન હડપ્પા માનવ વસવાટ ગાંડી નદીના કિનારેથી મળી આવતાં વિશ્વભરના પુરાતત્ત્વીય સંશોધકો માટે કચ્છ સંશોધનનું હબ બન્યું છે. પુરાતત્ત્વીય ખોદકામ દરમ્યાન કુલ ૧૯૭ જેટલા દફન કરવામાં આવેલાં હાડપિંજર મળ્યાં હતા. તેને ધ્યાનમાં રાખીને જૂના ખટીયા ગામ આસપાસ પુરાતત્ત્વીય સર્વે કરવામાં આવ્યો હતો.

આ પૌરાણિક સ્થળ સૌપ્રથમ વર્ષ ૨૦૨૨માં કેરળ યુનિવર્સિટીના પુરાતત્ત્વ વિભાગના શોધકર્તા અભયન જી.એસ. અને રાજેશ એસ.વી.ની આગેવાની હેઠળની ટુકડી દ્વારા ઓળખવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સંસ્થાઓને સંડોવનારો આ સહયોગી પ્રકલ્પ જૂના ખાટિયાના નજીકના પ્રાચીન હડપ્પા કબ્રસ્તાનમાં અગાઉના શોધ કાર્ય પર આધારિત છે. આ પુરાતત્ત્વીય ખોદકામમાં સ્થાનિક રેતીના લાલ પથ્થર અને શેલથી બનાવાયેલી દીવાલો તેમજ માળખાકીય અવશેષો મળી આવ્યા છે. આ ઉપરાંત પાકિસ્તાનના સિંધ પ્રાંત ખાતેના રોહરી વિસ્તારમાંથી મળતા ખાસ રોહરી પત્થરના અવશેષો પણ મળ્યા છે.

આ પુરાતત્ત્વીય શોધોમાં અત્યંત દુર્લભ વાસણોનો પણ સમાવેશ થાય છે. આ પ્રકારના ''પ્રી પ્રભાસ સિરામિક'' ગુજરાતમાં પ્રભાસ પાટણ, દાત્રાણા (ઉત્તર ગુજરાત) અને કચ્છમાંથી મળ્યાં હતાં. લાખાપરમાં આ વિશિષ્ટ પ્રિ- પ્રભાસ સિરામિક પરંપરાની હાજરી મોટી હડપ્પા સંસ્કૃતિમાં એક સાંસ્કૃતિક રીતે અનન્ય જૂથ તરફ નિર્દેશ કરે છે. સ્થાપત્ય અને માટીકામ ઉપરાંત, ખોદકામમાં કલાકૃતિઓની સમૃદ્ધ શ્રેણી પણ ખોદકામ દરમ્યાન મળી આવી છે જેમાં કાર્નેલિયન, એગેટ, એમેઝોનાઇટ અને સ્ટીટાઇટથી બનેલા અર્ધ-કિંમતી પથ્થરની માળા, શેલ (શંખ)થી બનાવાયેલાં આભૂષણો, તાંબુ અને ટેરાકોટાની ચીજવસ્તુઓ, લિથિક સાધનો ખાસ કરીને રોહરી ચેર્ટ બ્લેડ નોંધનીય છે.

સંશોધનકર્તા ડો. અભયને જણાવ્યું હતું કે આ સિવાય પશુ અવશેષો, જેમાં ગાય, ઘેટાં, બકરા, કૂતરાં, વિવિધ પ્રકારની માછલીઓના હાડકાં અને ખાદ્ય શેલના ટુકડાઓ મળી આવતા રહેવાસીઓ પશુપાલન અને જળચર સંસાધનો બંને પર આધાર રાખતા હતા. તેમજ અન્ય સંશોધનકર્તા ડો. રાજેશના મતે, લાખાપર સાઈટને અલગ પાડતી બાબત એ છે કે કચ્છના ધાણેટી ગામમાંથી ભૂતકાળમાં પ્રાચીન હડપ્પાના દફન સ્થળો મળ્યા હતા, પરંતુ તેની સાથે સંકળાયેલી વસાહતોના પુરાવા અત્યાર સુધી અગમ્ય રહ્યા છે.

આ મહત્ત્વપૂર્ણ પ્રકલ્પમાં વિદેશની સંસ્થા જેવી કે સ્પેનિશ રિસર્ચ કાઉન્સિલ (સ્પેન), કેતાલીન ઇન્સ્ટિટ્યૂટ અને લા-લાગુન કોલેજ (સ્પેન), અલ્બીનો કોલેજ (યુ.એસ.એ), ટેકસાસ યુનિવર્સિટી (યુ.એસ.એ), ત્યુસૂર્મી કોલેજ (જાપાન) અને ભારતની બિરલા સાહની ઇન્સ્ટિટયૂટ, ડેક્કન કોલેજ(પુને), હાઈ લેન્ડ ઇન્સ્ટિટ્યૂટ (નાગાલેન્ડ) અને કચ્છ યુનિવર્સિટી અને આઇ.આઇ.ટી. ગાંધીનગર સંકળાયેલા છે. કચ્છના ખડીર પંથકના ધોળાવીરા તેમજ ભુજ તાલુકાના ધાણેટી, કાનમેર, કુરન,ખટિયા સહિતની જુદી જુદી ૧૫૦ જેટલી સાઈટ પર કચ્છમાં સંશોધનો ચાલી રહ્યા છે. ■

## અમદાવાદ પ્લેન ક્રેશ

# કોણ છે કેપ્ટન સુમિત સબરવાલ અને ક્લાઈવ કુંદર?

### કેટલો છે તેમનો અનુભવ

અમદાવાદ ખાતે થયેલાં ગમખ્વાર પ્લેન ક્રેશની કાળજું કંપાનવારી તસવીરો અને વીડિયો સામે આવી રહ્યા છે. વીડિયો અને ફોટો પરથી જ ખ્યાલ આવે છે કે આ અકસ્માત કેટલો ગોઝારો અને ભીષણ હશે. અમદાવાદથી લંડન જઈ રહેલી આ ફ્લાઈટમાં ૨૪૨ પ્રવાસીઓ સવાર હતા અને એની સાથે જ ફ્લાઈટના બે પાઈલટ અને ૧૦ કેબિન ક્રૂનો સમાવેશ થાય છે. ચાલો જાણીએ આ ફ્લાઈટને કયા બે પાઈલટ ઉડાવી રહ્યા હતા.

મળતી માહિતી અનુસાર ફ્લાઈટને કેપ્ટન સુમિત સબરવાલ અને ક્લાઈવ કુંદર ઉડાવી રહ્યા હતા. ફ્લાઈટની કમાન કેપ્ટન સુમિત સબરવાલ પાસે હતી અને ફર્સ્ટ ઓફિસ ક્લાઈવ કુંદર હતા.

વાત કરીએ બંનેના ફ્લાઈંગ એક્સપિરિયન્સ અને નિપુણતાની તો સુમિત સબરવાલ ૮૨૦૦ કલાકના અનુભવ ધરાવતા એલટીસી છે તો ક્લાઈવ કુંદર પાસે ૧૧૦૦ કલાકના ફ્લાઈટનો એક્સપિરીયન્સ છે અને તેઓ આ ફ્લાઈટના ફર્સ્ટ ઓફિસર હતા.

અહીંયા તમારી જાણ માટે કે જ્યારે પણ કોઈ ફ્લાઈટ ટેકઓફ કરે છે તો તેમાં બે પાઈલટ હોય છે, જેમાં એક કેપ્ટન પ્લેન ઉડાવે છે, જ્યારે બીજા તેમની સાથે ફર્સ્ટ ઓફિસર હોય છે જેને આપણે કો-પાઈલટ પણ કહીએ છીએ. આ કો-પાઈલટ મોટા ભાગે જુનિયર પાઈલટ હોય છે. પાંચ વર્ષના અનુભવ બાદ કોઈ ફર્સ્ટ ઓફિસરને કેપ્ટનની પોસ્ટ પર પ્રમોટ કરવામાં આવે છે.

એર ઈન્ડિયાની આ ફ્લાઈટ અમદાવાદથી લંડન માટે ટેક ઓફ કર્યાના બે જ મિનિટમાં દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી. દુર્ઘટના સ્થળેથી જે દશ્યો અને તસવીરો સામે આવી રહી છે એ ખરેખર વિચલિત કરી નાખનારી છે. પ્લેન ક્રેશની માહિતી મળતા જ બચાવ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. ઈજાગ્રસ્તોને પ્લેનના કાટમાળમાંથી બહાર કાઢીને મેડિકલ હેલ્પ પૂરી પાડવામાં આવી રહી છે.

ઘટનાની જાણ થતાં જ આખું તંત્ર એક્શનમાં આવી ગયું છે અને એક્સિડન્ટ સાઈટ પર અફડાતફડીનો માહોલ જોવા મળી રહ્યો હોવાની માહિતી પણ સામે આવી રહી છે. ઘટના સ્થળે રેસ્ક્યુ ટીમ દ્વારા યુદ્ધના ધોરણે બચાવ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. ■

# અમરેલી જિલ્લાના છ લોકોનાં અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં મોત









(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદમાં એર ઈન્ડિયાનું પેસેન્જર વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જેમાં પ્લેનમાં સવાર મુસાફરો સહિત હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ મળીને ૩૦૦થી વધુ લોકોનાં મોત થયાં હતાં. જેમાં ૨ પાયલટ અને ૧૦ ક્રૂ મેમ્બર્સ પણ હતા. પ્લેનમાં ૧૨૮ પુરુષ મુસાફરો અને ૧૧૪ મહિલા મુસાફરો હતો. પ્લેનમાં સવાર મુસાફરોમાં ૧૬૯ ભારતીયો અને ૫૩ બ્રિટીશ નાગરિકો સવાર હતા. આ ઉપરાંત ૧ કેનેડિયન નાગરિક અને ૭ પોર્ટુગિઝ નાગરિકો હતા. આ પ્લેનમાં રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી પણ હતા.

આ ગોઝારી દુર્ઘટનામાં અમરેલી જિલ્લાના છ લોકોનાં પણ મૃત્યુ થયાં હતાં. અમરેલીની રિદ્ધી પડશાળા (ઉ.વ.૨૮)ના લગ્ન રાજકોટના યુવાન સાથે થયા હતા. મૃતક દોઢ મહિનાથી અમરેલી આવી હતી. તેના પતિ લંડનમાં રહે છે. પતિ પાસે જતી વખતે બનેલી દુર્ઘટનામાં તેનું મોત થયું હતું. તેનાં મોતનાં પગલે પરિવારજનો શોકમગ્ન થઈ ગયા હતા.

વડીયાના વતની અર્જુનભાઈ મનુભાઈ પટોળીયા એર ઈન્ડિયાની ફ્લાઇટમાં લંડન જતા હતા. તેમના પત્નીને કેન્સર હતું અને થોડા દિવસ પહેલા લંડનમાં જ અંતિમ શ્વાસ લીધા હતા.

પત્નીના અવસાન બાદ વતનમાં કેટલીક વિધિ અને ફૂલ પધરાવા માટે આવ્યા હતા. તેમની બંને દીકરી લંડન રહે છે. લંડનના ગ્રૂપમાં તેમણે આઈ એમ કમિંગનો મેસેજ પણ લખ્યો હતો. વતનમાં તેઓ પત્નીની ધાર્મિક વિધિ પતાવીને લંડન જતા હતા ત્યારે આ દુર્ઘટનામાં તેમનું મોત થયું હતું.

અમરેલીના વડીયાના તોરી-રામપુર ગામના અને હાલ અમદાવાદ રહેતા કાંતાબેન ધીરૂભાઈ પાઘડાળ (ઉં.વ.૭૦) પુત્રને મળવા જતા હતા. તેમની સાથે તેમની પૌત્રી નવ્યા પાઘડાળ (ઉં.વ.૬) પણ હતી. મૂળ અમરેલીના હાલ અમદાવાદમાં રહેતા બાબુબાઈ હીરપરા અને તેમના પત્ની વિમળાબેન બાબુભાઈ હીરપરા લંડન તેમના પુત્રને મળવા જતા હતા. પ્લેન ક્રેશમાં તેમનું અવસાન થતાં પરિવાર શોકમગ્ન થઈ ગયો હતો. ■

# અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં દમણ દીવના નાગરિકનો ચમત્કારિક બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના મેઘાણીનગર વિસ્તારમાં પ્લેન ક્રેશ થયું હતું. દુર્ઘટનામાં પ્લેનમાં સવાર ૨૪૧ લોકોનાં મૃત્યુ થયાં હતાં, જ્યારે એક વ્યક્તિ જીવતો બચી ગયો હતો. સીટ ૧૧એ પર મુસાફરી કરી રહેલો રમેશ વિશ્વાસકુમાર ભાલીયા જીવતો બચ્યો હતો. તેણે કહ્યું, ટેકઓફની થોડી જ સેકંડોમાં જોરદાર વિસ્ફોટ થયો હતો અને વિમાન નીચે આવવા લાગ્યું હતું. જોતજોતામાં પ્લેન આગની જવાળામાં લપેટાઈને જમીન સાથે ટકરાયું હતું અને વિસ્ફોટ થયો હતો. બ્રિટનના નાગરિક અને દમણ દીવના મૂળ રહેવાસી રમેશ ભાલીયાને આ દુર્ઘટનામાં સામાન્ય ઈજા પહોંચી હતી અને ખુદ ચાલીને બહાર આવ્યો હતો.

ફ્લાઇટ ક્રેશ થઈ ત્યારે આગની જ્વાળાઓ વચ્ચે તે મોતના મુખમાંથી સલામત રીતે બહાર નીકળવામાં સફળ રહ્યો હતો. રમેશ ભાલીયાએ કહ્યું, મારી આસપાસ મૃતદેહો હતા. મને ડર લાગ્યો. હું ઊભો થયો અને દોડવા લાગ્યો. ચારેય બાજુ લાશો હતી અને વિમાનમાંથી આગ નીકળતી હતી. રમેશ ભાલીયા સાથે તેમના ભાઈ અજય પણ ફ્લાઇટમાં સવાર હતા. તેમનો કોઈ અતોપતો નથી.

રમેશ ભાલિયા છેલ્લાં ૨૦ વર્ષથી લંડનમાં રહે છે. તેના પરિવારમાં પત્ની અને એક બાળક છે. તેઓ પણ લંડનમાં રહે છે.

તેઓ લંડનમાં કન્સ્ટ્રકશનનનું કામકાજ કરે છે. ૬ મહિના પહેલા તેઓ પોતાના ભાઈ અજય ભાલિયા સાથે વતન આવ્યા હતા અને ફરી એકવાર લંડન જવા રવાના થયા હતા ત્યારે ફ્લાઇટ દુર્ઘટનાગ્રસ્ત થઈ હતી.■

# આદિપુરમાં બાળ તસ્કરીનું આળ નાખીને એક મહિલાને ઢોરમાર મારતા ચાર પોલીસ કર્મીઓ સામે ગુનો દાખલ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આદિપુર શહેરની એક જાણીતી હોસ્પિટલમાંથી થયેલી બાળ તસ્કરીની આળ નાખીને એક મહિલાને ઢોરમાર મારવાના પાંચ વર્ષ પુરાણા જે-તે સમયે ભારે ચર્ચાસ્પદ બનેલા પ્રકરણમાં સ્થાનિક ગુના શોધક શાખાના તત્કાલીન પોલીસ ઇન્સ્પેક્ટર તથા અન્ય ત્રણ કર્મીઓ વિરુદ્ધ ફોજદારી કેસ દાખલ કરવા નામદાર અદાલતે આદેશ આપ્યો છે.

રાપર તાલુકાના કીડિયાનગરના રહેવાસી લક્ષ્મીબેન સુજા સોલંકીની પુત્રવધૂ ગીતાબેને આદિપુરની એક હોસ્પિટલમાં બાળકીને જન્મ આપ્યો હતો. બે દિવસ બાદ ભેદી સંજોગોમાં હોસ્પિટલમાંથી નવજાત બાળકીને કોઈ ઉઠાવી ગયું હતું. માનવ તસ્કરીના આ બનાવ સંદર્ભે માતા ગીતાબેને આદિપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પ્રાથમિક તપાસ બાદ આ કેસની તપાસ એલ.સી.બી.ને સોંપવામાં આવી હતી. પૂછપરછના બહાને ભોગ બનનાર લક્ષ્મીબેન તથા તેમના ભાઈ વેરશીભાઈને એલ.સી.બી. કચેરીએ બોલાવી ખોટી રીતે ગુનો કબૂલ કરાવવા પોલીસે લક્ષ્મીબેનને ઢોર માર માર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા મહિલાને પ્રથમ રામબાગ, બાદમાં વધુ સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. વેરશી રાઠોડે અદાલત સમક્ષ પોલીસ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી.

આ કેસ ચાલી જતાં પોલીસ કર્મીઓએ ગુનો આચર્યાનું જણાતા ન્યાયાધીશ એમ.બી. પરમારે તત્કાલીન એલસીબી પી.આઈ. ડી.વી. રાણા તથા હેડ કોન્સ્ટેબલ પુષ્પરાજસિંહ જયેન્દ્રસિંહ ગોહિલ, પ્રહલાદસિંહ મેંદુભા ચૂડાસમા, વીમળાબેન ડાભડિયા વિરુદ્ધ જુદી-જુદી કમલો હેઠળ ફોજદારી કેસ દાખલ કરી તેમને તાત્કાલિક અદાલત સમક્ષ હાજર થવા હુકમ આપતાં રાજ્યભરના પોલીસ બેડાંમાં ચકચાર મચી હતી. ■

# ભાવનગર શહેર ભાજપે વિમાન દુર્ઘટનામાં પૂર્વ મુખ્ય પ્રધાન રૂપાણી સહિત યાત્રિકોનાં નિધન અંગે શોક વ્યક્ત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: અમદાવાદથી લંડન જતી એર ઇન્ડિયાની ફ્લાઇટ એઆઈ-૧૭૧ ટેકઓફ થયા બાદ મેઘાણી નગર વિસ્તારમાં ક્રેશ થયું હતું. આ વિમાનમાં ૨૪૨ મુસાફરો સવાર હતા.

આ દુર્ઘટનામાં ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણી સહિત વિમાનમાં મુસાફરી કરતા યાત્રિકોનાં આકસ્મિક અને અણધાર્યા મોત થયા હતાં. આ આકસ્મિક દુર્ઘટના અંગે ભાવનગર શહેર ભાજપ અધ્યક્ષ કુમારભાઈ શાહ, કેન્દ્રીય પ્રધાન નિમુબેન બાંભણીયા, ધારાસભ્ય જીતુભાઇ વાઘાણી, ધારાસભ્ય સેજલબેન પંડ્યા, મેયર ભરતભાઇ બારડ અને સ્ટે. ચેરમેન રાજુભાઇ રાબડીયા, શહેર સંગઠનના પૂર્વ હોદ્દેદારો તેમજ મહાનગર પાલિકાના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ વિમાન દુર્ઘટનાના મૃતકો સહિત પૂર્વ મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણીનાં અવસાન અંગે ઘેરો શોક પ્રગટ લાગણી વ્યક્ત કરી હતી તેમજ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ■

# અમરેલીનું પ્રતાપગઢ આઝાદીના સમયથી 'સમરસ': ગામમાં ક્યારેય પંચાયતની ચૂંટણી યોજાઈ નથી

અમદાવાદ: ગુજરાતમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓની તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે અમરેલી જિલ્લામાં કુલ ૧૧૪ સામાન્ય અને ૧૯૩ પેટા મળીને ૩૦૭ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાવાની છે. અત્યાર સુધીમાં ૨૯ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ ચૂકી છે અને હજુ પણ વધુ પંચાયતો સમરસ બને તેવી શક્યતા છે. જોકે, ૧૬૩ વોર્ડમાં એક પણ ઉમેદવારીપત્ર ન ભરાયું હોવાનું જાણવા મળ્યું છે. આ બધા વચ્ચે અમરેલીના લાઠી તાલુકામાં આવેલું પ્રતાપગઢ ગામ એક અનોખી મિસાલ પૂરી પાડે છે. આ ગામમાં આઝાદીના સમયથી ક્યારેય ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ નથી. પ્રતાપગઢના પૂર્વ મહિલા સરપંચના દાવા મુજબ, હાલમાં ગ્રામ પંચાયતની ચૂંટણી વચ્ચે અમારું ગામ સમરસ જાહેર થયું છે. આઝાદીના સમયથી અમારા ગામમાં ક્યારેય ગ્રામ પંચાયતની ચૂંટણી થઈ નથી. ગ્રામજનોનું પણ કહેવું છે કે, ગામમાં સરપંચ અને સભ્યોની હંમેશાં બિનહરીફ વરણી કરવામાં આવે છે. સમરસ ગામ બનવાને કારણે સરકાર દ્વારા પણ પ્રોત્સાહન રકમ આપવામાં આવે છે, જેનો ઉપયોગ ગામનાં વિકાસ કાર્યોમાં કરી શકાય છે.

પ્રતાપગઢ ગામની કુલ વસ્તી લગભગ ૧૨૦૦ છે, પરંતુ મોટાભાગના લોકો સુરત સહિતનાં શહેરોમાં વસવાટ કરે છે. હાલમાં ગામમાં ૨૦૦થી ૩૦૦ જેટલા લોકો સ્થાયી વસવાટ કરી રહ્યા છે. આ ગામના અનેક લોકો સુરતના હીરા ઉદ્યોગ અને અન્ય વ્યવસાયો સાથે સંકળાયેલા છે, જેમણે પોતાના વતન પ્રતાપગઢના વિકાસમાં સિંહફાળો આપ્યો છે. આ ગામમાં તમામ પ્રકારની આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. પ્રતાપગઢ તેની સ્વચ્છતા, સુવ્યવસ્થિત રોડ-રસ્તાઓ, અને ઘરે-ઘરે પાણીની ઉત્તમ વ્યવસ્થા માટે જાણીતું છે. આ ઉપરાંત, અહીં કમ્પ્યુટર લેબ ધરાવતી આધુનિક શાળા અને સુવિધાયુક્ત ગ્રામ પંચાયત પણ કાર્યરત છે. ગામમાં ઓક્સિજન પાર્ક પણ નિર્માણ કરવામાં આવ્યો છે, જે ગ્રામજનો માટે આરોગ્યપ્રદ વાતાવરણ પૂરું પાડે છે. સમરસતા અને વિકાસનું આ અનોખું ઉદાહરણ અન્ય ગામો માટે પણ પ્રેરણાદાયક બની રહ્યું છે. ■

# સાવરકુંડલામાં બાળકની આંખની પાંપણમાંથી જીવાત નીકળતા તબીબો અચંબિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં એક અજીબ કિસ્સો જોવા મળ્યો હતો. સાવરકુંડલાના ૮ વર્ષના બાળકની આંખની પાંપણમાંથી જૂ નીકળવાની ઘટના બહાર આવી હતી. લોકોના વાળમાં જૂ જોવા મળતી હોય છે પરંતુ આંખના પાંપણમાંથી જીવાત નીકળતા આશ્ચર્યજનક ઘટના સામે આવી હતી.

સાવરકુંડલાના આઠ વર્ષના બાળકની આંખની પાંપણમાંથી જૂ જોવા મળી હતી. બાળકને આંખમાં દુ:ખાવો તેમજ ખંજવાળ આવતી હતી. ત્યારે બાળકે પોતાના પિતાને ફરિયાદ ડોક્ટર પાસે લઈ જઈ તપાસ કરાવવામાં આવી હતી. બાળકની આંખની પાંપણ ઉપરથી જીવાત નીકળતા ડોક્ટર પણ આશ્ચર્યચકિત થયા હતા. બાળકની તપાસ કરી તેની સર્જરી કરવામાં આવી હતી. દોઢ કલાકની સર્જરી બાદ બાળકના આંખની પાંપણમાંથી ૨૮ જૂ અને ૩૫ ઈંડા કાઢવામાં આવ્યા હતા. ■

# ગુજરાતીઓના ઉત્તર ભારતનાં પ્રવાસન સ્થળોના બુકિંગમાં ઘટાડો થયો, હવામાન, આતંકી ઘટનાઓ જવાબદાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉનાળા દરમિયાન ગુજરાતીઓ મોટા પ્રમાણમાં ફરવા જાય છે. ગુજરાતમાં આ વર્ષે ધાર્મિક બુકિંગમાં ૨૦ ટકાનો ઘટાડો થયો હતો. શ્રદ્ધાળુઓ દર વર્ષે ટુર ઓપરેટર્સ અને ખાનગી બસ કંપનીઓ દ્વારા મોટી સંખ્યામાં યાત્રાએ જાય છે.

સામાન્ય રીતે શ્રદ્ધાળુઓ ચારધામ યાત્રા અને કૈલાસ માનસરોવરની યાત્રા પર પસંદગી કરે છે. જે બાદ અયોધ્યા અને કાશીનો નંબર આવે છે.

જોકે, આ વર્ષે તીર્થયાત્રા સર્કિટ પર બ્રેક લાગી હતી. ઉનાળાની રજાઓ દરમિયાન પ્રતિકૂળ હવામાન અને પહલગામ આતંકી ઘટના તથા ત્યાર બાદ ભારત-પાક સરહદ પર તણાવ સહિતનાં કારણોથી ગુજરાતમાંથી ધાર્મિક પ્રવાસે જતા શ્રદ્ધાળુઓની સંખ્યામાં ૨૦ ટકા જેટલો ઘટાડો થયો હતો. જે સામાન્ય રીતે ઉનાળામાં જોવા મળતા ટ્રેન્ડથી વિપરિત છે.

ઉત્તરાખંડ સરકારે ચાર ધામ યાત્રા માટે ફરજિયાત આધાર-આધારિત ઓથોન્ટિકેશનનો નવો આદેશ જારી કર્યો હતો. જેના કારણે પણ યાત્રાળુઓ ચાર ધામ યાત્રા માટે ખાસ રસ દાખવ્યો નહોતો. આ ઉપરાંત વરસાદ અને ભૂસ્ખલન જેવી ઘટનાના કારણે પણ શ્રદ્ધાળુઓએ ખાસ રસ દાખવ્યો નહોતો. સૂત્રોના કહેવા પ્રમાણે, ઉનાળા દરમિયાન સામાન્ય રીતે ગુજરાતમાંથી ચાર ધામ યાત્રા માટે સંખ્યાબંધ બસો ઊપડે છે, પરંતુ આ વર્ષે લોકોએ ખાસ રસ દાખવ્યો નહોતો.

આ ઉપરાંત તાજેતરમાં કોરોના કેસમાં આવેલા ઉછાળાના કારણે પણ ઘણા યાત્રાળુઓએ ચારધામ જવાનું મુલતવી રાખ્યું છે. થોડા સમય પછી કૈલાસ માનસરોવરનું બુકિંગ શરૂ થશે. જે પછી દિવાળી વેકેશન માટે ઘણા શ્રદ્ધાળુઓ અયોધ્યા, કાશીનું બુકિંગ કરાવશે. જોકે કેટલું બુકિંગ થશે તે અંગે પણ અવઢવની સ્થિતિ સર્જાઈ છે. ■

# કચ્છ જિલ્લામાં એક જ દિવસમાં કોરોનાના નવ કેસો નોંધાયા

ભુજ: કચ્છમાં ગુરુવારે એક સાથે નવ જેટલા કોવિડ-૧૯ પોઝિટિવ કેસ નોંધાતાં આરોગ્યતંત્ર સતર્ક બન્યું હતું. કોરોનાના કુલ કેસોનો આંક ૪૬ પર પહોંચ્યો હતો. જેમાં ૧૮ દર્દીઓ કોરોના મુક્ત થતાં એક્ટિવ કેસનો આંક ૨૮ પર પહોંચ્યો છે. કોરોનાના ગુરુવારે નોંધાયેલા નવ કેસમાંથી ચાર કેસ ભુજ શહેરમાં નોંધાયા હતા. આ ઉપરાંત અંજાર અને ગાંધીધામમાં બે-બે, જ્યારે અબડાસા તાલુકામાં એક કોવીડનો કેસ નોંધાયો હતો. અંજારમાં ૧૦ વર્ષનાં બાળક અને ૪૦ વર્ષની મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ સિવાય ગાંધીધામમાં ૫૩ વર્ષીય અને ૫૭ વર્ષના પુરુષ સંક્રમિત થયા હતા. જ્યારે અબડાસાનો ૩૦ વર્ષીય યુવક કોરોનાગ્રસ્ત થયો હતો. હાલ તમામ દર્દીઓમાંથી કોઈ પણ દર્દીને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવાની જરૂર પડી નથી. અત્યાર સુધી નોંધાયેલા તમામ કેસમાં દર્દીઓને કવોરન્ટાઈન કરવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગે આ નવા વેરિઅન્ટથી વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ વાયરસ બહુ જોખમી નથી જો કોઈને પણ લક્ષણ દેખાય તો સેલ્ફ કવોરન્ટાઈન થવા તેમજ તકેદારીના પગલાં લેવા જણાવ્યું હતું. ■